
કુમાર

૧૮૨

ફેબ્રુઆરી ૧૯૩૯



ડાળ · પાંદડાંઓમાં
કે આંબાનો રસ મ
ફોટો · શ્રી અરદેશર

તંત્રી · રવિશંકર રાવળ
સંપાદક · બચુભાઈ રાવત

આસ્વાદ

ા શિસ્ત, સંયમ ને ત્યાગ કેવાં હોવાં જોઈએ એના ઉત્કૃષ્ટ નમૂના રૂપ જીવન જીવી તાજેતરમાં જ અવસાન પામેલા, દયાનંદ ઍંગ્લો વૈદિક કૅાલેજના કુલપતિ લાલા હંસરાજને પંજાબે 'મહાત્મા' પદથી નવાજ્યા હતા. લાલા લજપતરાયના એ દીક્ષામિત્રનું એકલું પંજાબ નહિ, પણ સમસ્ત હિંદુ સમાજ કેટલો ઋણી છે એ આ અંકમાંનું તેમનું ચરિત્ર કહેશે. ા કાકાસાહેબનો 'ગુચ્છુપાની'નો લેખ પર્વતનું હૃદય ફોરી વહેતા ઝરણા પર આખું તત્ત્વદર્શન કરાવી અંતભાગે જે પ્રશ્ન મૂકે છે એનો ઉત્તર પણ એટલી જ મહતી કલ્પના માગી લે છે. ા પુરાવિદ્યા પ્રત્યે 'કુમાર'ના વાચકોની રસવૃત્તિ કેળવાય એવી સામગ્રી તેના પાનામાં અવારનવાર જે પીરસાતી રહે છે તેમાં 'રાજગૃહ'નો આ અંકનો લેખ ઉમેરો કરે છે. કાળાંતરે હિંદુ, બૌદ્ધ ને જૈન ધર્મનો આશ્રય પામેલું એ નગર આજના સ્વરૂપે યે સમૃદ્ધ ભૂતકાળની મનોરમ ઝાંખી કરાવી રહે છે. ા 'જીવનનું પરોઢ' ગાંધીજીની વિભૂતિમત્તાની એક પછી એક શિખા પ્રગટાવતું આવે છે. આ અંકમાં આશ્રમવાસીઓની ગલતીના પ્રાયશ્ચિત્ત રૂપે એમણે કરેલા ઉપવાસનું બયાન આવે છે. એ ઉપવાસ તો પતી ગયા, પણ લેખક કહે છે, 'એ સાત દિવસોમાં બાપુજીએ જે મહા વાગ્યજ્ઞ કર્યો એવાં એકધારાં આર્દ્ર પ્રવચનો એમના જીવનમાં બીજી વાર થયાનું મને યાદ નથી આવતું.' અને એ વાગ્યજ્ઞની વેદી 'કુમાર'ને પાને જ મંડાય એ આપણાં સદ્ભાગ્ય નથી? ા રંગરોમાંચ ને જીવન પર કાયમી અસર મૂકનારાં સંવેદનોથી પ્રોક્ત 'મારી સફર'ની તો કુમારદિલોને ભલામણ કરવાની ન જ હોય. શ્રી વાલજીભાઈની લાક્ષણિક વાનીઓ પણ આ અંકમાં જોવા મળશે. વાર્તાશોખીનોને યે 'આંબો મસાણિયો'થી નિરાશ નહિ થવું પડે એની ખાતરી આપીએ છીએ. બીજું યે ઉલ્લેખનીય તો ઘણું છે, પણ આટલા આસ્વાદથી તમારી રસવૃત્તિને ઉશ્કેર્યા બાદ એનાં ખીચોખીચ અડતાલીસ પાનાંમાંથી તમારો તૃપ્તિવિષય તમે જાતે જ પસંદ કરી લો એ બહેતર નથી?




મુદ્રક • બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક • રવિશંકર રાવળ કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂ. ૬, બ્રહ્મદેશના રૂ. ૬ાા, પરદેશના ૧૨ શિ.; મુંબાઇના ખાસ કૅન્વાસિંગ એજન્ટ અને જાહેરખબરના સોલ એજન્ટ શિષ્ટ સાહિત્ય ભંડાર પ્રિન્સેસ સ્ટ્રીટ; બીજા એજન્ટો: આર. આર. શેઠની કં, સી. જમનાદાસની કં. ગાળ બ્રધર્સ પ્રિન્સેસસ્ટ્રીટ.



અવસાન તા. ૫-૨-૩૯ રાત્રે નવ વાગ્યે

નવયુગના ભવ્ય આદર્શો અને પરાક્રમોનાં સ્વપ્નાં પાછળ જીવનભરતની
ઘડભાંગનો અપૂર્વ ઇતિહાસ મૂકી જનાર સમર્થ રાજવી શ્રીમંત મહારાજા
સયાજીરાવ ગાયકવાડ સરકારના આત્માને પરમાત્મા અનંત શાંતિ આપો.
ગુજરાતમાં જ્ઞાનપ્રચાર, કલાપ્રચાર, વિજ્ઞાનશિક્ષણ, ગ્રામસુધાર. અંત્યજો-
દ્ધાર, નારીવિકાસ અને રાષ્ટ્રપ્રેમની અવનવી ભાવનાઓ દેશપરદેશથી ઉતારી,
પોતાની પ્રજા માટે સતત ચિંતા અને પુરુષાર્થ કરનાર આ 'વિરાટમાનવ' માત્ર હિંદના જ
નહિ પણ જગતના એક મહાન પુરુષ તરીકે અમર રહેશે. મુંબાઇના પ્રસિદ્ધ શિલ્પકાર કરમારકરે
તેમના ખુદ ઉપરથી આ મૂર્તિ તૈયાર કરી તેમના અવસાન પૂર્વે બે અઠવાડિયાં પહેલાં જ તેમની પાસે રજુ
કરી હતી. જીવનભર યુરોપની કળા પાછળ વડોદરાનું દ્રવ્ય વહેતું રહ્યું હતું પણ કળાપરીક્ષકને લાયક હિંદી કળાકાર
મળતાં જ તેની કદર કરવામાં સંપૂર્ણ તેમણે દિલાવરી દાખવી હતી—માંદગીના બિછાને હતા તે વખતે પણ તેમણે પોતાનો કળા-
પ્રેમ જાગૃત રાખ્યો હતો તેનું અપૂર્વ દૃષ્ટાંત તો એ છે કે વર્ષો પૂર્વે તેમણે કાઠીઆવાડના ધારી ગામમાં એક તરુણ શિકારીને જોએલો
તેની દેહયષ્ટી પર મુગ્ધ બની શિલ્પમાં તેને અમર કરવા હૂકમ આપેલા તે યાદ કરી શ્રી વિનાયકરાવ કરમારકરને બોલાવી તાકીદ
કરી કે એ કામ પૂરૂં નહિ થાય ત્યાં સુધી તેમને શાંતિ નહિ થાય તા. ૫ મીએ કામ તો પૂરૂં થયું. પણ તેમની તે પર નિગાહ ન પડી—હરિ કરે સો હોય.



રાજરાણીનું અવસાન

અજંતાના ૧૬મા મંડપમાંનું એક ચિત્ર . . . મૂળ ઉપરથી ઉતારનાર શ્રી કે. આર. કેતકર

(ચિત્રકથા માટે જુઓ આ અંકમાં 'મુખચિત્રનો પરિચય')

આવતી કાલના નાગરિકોનું માસિક · વર્ષ સોળમું · અંક બીજો · ફેબ્રુઆરી '૩૮

મિલનનું સ્વપ્ન

• શિખરિણી •

ત્યજીને ખોળો કો ગિરિવર તણો, ને વનવનો
તણાં ગાનો કેરા નિજ લહરમાં ઝીલી પડઘા,
કદી વા ઊંચા કો ખડક કપરા કાળ સરખા
ગજાવીને ગાને, ઘુમટ રચીને શીકર તણો,
ઘડીમાં દોડે કો તરલ મીઠી કન્યા સમ, અને
ઘડીમાં ફેલાતી ઉભય તટ પે ગૌરવભરી
મહારાણી જેવી, વહતી સરિતા જેમ ચમકે
સુણીને પ્હેલાં તો રવ ઉદધિનો–કિન્તુ ઉછળી
પછી રે'તી તે ત્યાં જયમ ગહનના ભવ્ય સપને–

પ્રભો! તેવી રીતે કદી સરળ વા કષ્ટ વહતી,
કદી કાન્તારોમાં પરમ સુખના, વા ખડક પે
મહા દુઃખો કેરા, કુદતી ફરતી, જીવન-નદી
સુણે આઘાતે જ્યાં ગહન ગહરો કાલરવ ત્યાં
લખાશે ના ભાગ્યે મિલન-સપનાં તું-ઉદધિનાં?

'સ્નેહરશ્મિ'



દનતી-મલપતી, પછડાતી-લહેરાતી નદી અચિંતો ઉદધિનો નાદ સાંભળી સુખદ આઘાત સાથે સાગરમિલનનાં ભવ્ય સ્વપ્નો સેવતી આગળ ધપે છે એમ કાળસાગર પ્રતિ અજાણ્યે ધપ્યે જતી જીવનની નદીને જ્યારે એ ગહન રવ સંભળાય ત્યારે ઓ પ્રભુ, શું તારું મિલન-સ્વપ્ન ભાગ્યે લખાશે કે નહિ? પહેલેથી છેક છેલ્લી લીટી સુધી માત્ર એક જ વાકયમાં, અને છતાં અર્થને દુર્બોધ થવા દીધા વિના વિશદતાથી જીવનમાં નદીનું રૂપક ઘટાવતું સુન્દર સૉનેટ



શ્રી બલુભાઇ ઠાકોર

● એ હતા તો શાળાશિક્ષક, પણ બન્યા સમર્થ રાષ્ટ્ર-વિધાયક કારણ કે એ પોતે જ એક નરશાર્દૂલ હતા. જન્મ-થી જ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિની લાક્ષણિક નીડરતા અને હિંમત તેમનામાં સંપૂર્ણ ખીલી હતી. અપમાન સહી લેવું એ તો સ્વભાવમાં જ નહોતું. ૧૯૦૭માં સરકારી હાઈસ્કૂલની નોકરી છોડી. માત્ર પોતાના સંબંધોને દાખલ થવાની રજા ન મળી તે પરથી તેમણે અને જીવણલાલ દિવાને ૧૯૦૮માં પ્રોપ્રાય-ટરી હાઈસ્કૂલ કાઢી ને સરકારી સંસ્થાને ઝાંખી પાડી દીધી. મ્યુ. સભ્ય બનીને અમદાવાદની કેળવણીના અગ્રણી બન્યા. સત્યાગ્રહમાં મોટાં જોખમો ખેડી ઝૂઝયા. ધારાસણા કૂચમાં પણ પહેલે મોરચે હતા. લડત પહેલાં અને પછી અમદાવાદની મ્યુ. ના પ્રમુખપદે રહી નગરસેવા અને સુધારણામાં જોશ આપ્યું. આજે અમદાવાદની એકે એક સંસ્થા તેમના ઉદાર ઉત્તેજન અને પ્રેરણાનો ઉપકાર અનુભવે છે. 'પ્રજાબંધુ અને ગુજરાત સમાચાર'ની પાછળ રહી તેમના પુત્ર ઇંદ્રવદન ઠાકોર માર્ફત તેઓ આખા દેશની સેવા કરી ગયા. જાહેર હિંમત અને પ્રમાણિકતાનો તેઓ અદ્વિતીય નમૂનો હતા. મુંબાઇની ધારાસભામાં અને યુનિવર્સીટી સેનેટમાં પ્રજાની નવી કેળ-વણીના ઘડતરમાં તેમનો જીવનભરનો અનુભવ અને શક્તિ પાયારૂપ થયાં છે. એ ગયા ત્યારે સરદારે કહ્યું કે 'તેમની બહાંય ગઇ છે,' અને ખરેખર, દેશનો એક મહારથી ગયો છે એમના જીવનકાર્યની પ્રતિમારૂપ કંઇક કામગરીઓથી તેમનો કીર્તિકોટ અમર રહેશે



શ્રી મોતીભાઇ અમીન

● ગુજરાતમાં સાહિત્ય અને જ્ઞાનનાં અજવાળાં વિસ્તર્યાં તે પૂર્વે આ ધ્રુવતારક સમી વ્યક્તિએ દેખા દીધી અને છેવટ સુધી અનેક ગ્રહમંડળોના તે ધ્રુવતારક જ બની રહ્યા હતા. એ પણ વસોના એક શિક્ષક જ હતા; પણ સેવાની ધગશ, જ્ઞાનની પિપાસા અને આદર્શપરાયણતાને લઇ નવગુજરાતના એ અરુણ દેવતા બન્યા અને નવાં નવાં સ્વપ્નાં સિદ્ધ કરવા નવા નવા જીવનપ્રયોગો પોતે આચર્યા, અપનાવ્યા અને પ્રચાર્યા. વિદ્યાર્થીઓનાં જીવન સુધારવા પેટલાદ બોર્ડીંગ ચલાવી. એ બોર્ડીંગે સ્વ રણજીતરામ અને નાનાભાઈ ભટ્ટને



શ્રી દક્ષિણામૂર્તિ ભવન સ્થાપવાની પ્રેરણા આપી. વિદ્યાર્થીની પાકી વયમાં બાળપણની કેળવણીની ઉણપો એમણે જોઇ અને કિન્ડરગાર્ટન શાળાઓ શરૂ કરી અને કરાવી. ચરોતરનું કેળવણી મંડળ કર્યું, તેના પ્રાણરૂપે જીવનભર ગયા. આખી પાટીદાર કોમના કેળવાએલા જુવાનોના પિતા અને પાલકનું સ્થાન સાચવ્યું. લોન ફંડ કરી કઇકને પરદેશના પારંગતો થવાની તક કરી આપી. તેઓ એમના સદ્દગુણો અને શક્તિનો પ્રકાશ પોતે જ ઢાંકી રાખવા મથતા પણ એક વાર જગને તેની સુગંધ મળી તે તેમના મનવચનથી દાસ બનતા શ્રીમંતે કે અમલદારો શ્રી મોતીભાઇની ચારિત્ર્યશીલતા અને સેવાપરાયણતા આગળ શિર ઝુકાવતા. સ્વ. શ્રીમંત સયાજીરાવ મહારાજનો તેમના પર વિશ્વાસ અને વ્હાલ હતાં છતાં પદવી, બદલો કે કીર્તિ મેળવવાની કદી ચેષ્ટા પણ કરી નહિ. પોતાનું જીવનધ્યેય તેમણે સંપૂર્ણ વિચારણા અને યોજનાથી સંગીન બનાવ્યું હતું. એ પોતાને National નહિ પણ Rational ગણાવતા, છતાં સ્વદેશી પાલનમાં આગ્રહશીલ હતા. હજારો વિદ્યાર્થીઓ, સેંકડો લેખકો, સેંકડો આગજનો, શિક્ષકો તેમના જન્મભરના ઋણી છે. આજના ગુજરાતમાં 'મોતીભાઇ'નું સ્થાન પૂરનાર બીજું કોઇ નથી.

મહારાષ્ટ્રના બર્નાર્ડ શૉ 'મામા' વરેરકર

● પ્રાંતીયતાની વાડોથી અકળાએલા કેટલાક હિંદી જનોમાં 'મામા' પહેલી હરોલે રહેવા ઇચ્છે છે. એ પોતાને મહારાષ્ટ્રીય કે ગુજરાતી કહેવરાવવા કરતાં 'બોમ્બાઈટ'–'મુંબઇગરા' કહે છે તેથી પોતાનું પ્રાંતાભિમાન નહિ પણ સ્થાનની ઓળખાણ આપે છે. ૨૫ વર્ષથી તેમણે મુંબઇમાં વાસ કરી પોતાનાં નાટકો, વાર્તાઓ અને નવલકથાઓથી મહારાષ્ટ્રીય જનતાને કટુ સત્યો સુણાવી જાગૃતિ અને ચેતનના ચમકારા આપ્યા કર્યા છે અને આજે પણ પોતાની ભાષાની સેવા પોતાની રીતે કરી રહ્યા છે. પ્રાંત પ્રાંત વચ્ચે એખલાસ અને એકતા સ્થાપવાં હોય તો હિંદી કે અંગ્રેજીનો પ્રયોગ સૌને બેસતો થાય કે ન થાય પણ પડોશી પ્રાંતોએ અરસપરસની ભાષા સાંભળીને સમજતા થઇ જવું જોઇએ ગુજરાતી બોલે તે મહારાષ્ટ્રીએ સમજવું જોઇએ ને મહારાષ્ટ્રની વાણી ગુજરાતીએ સમજવી જોઇએ આ હેતુથી તેમણે ગુજરાતમાં પહેલું ભાષણ મહારાષ્ટ્રીય ભાષામાં આપ્યું અને પોતાની વાત ખરી કરી બતાવી. પ્રજાને ઓળખવા તથા ભાષા સમજવા અને રાષ્ટ્રસુધારણા કરવા નાટ્ય એ સબળ અને



અમોઘ સાધન છે આ તેમણે સિદ્ધ કર્યું છે અને એટલે જ આજે તે દેશભરમાં ફરી ફરી ઉત્સાહી કળાકારો, વિદ્વાનો અને સુશિક્ષિતોને રાષ્ટ્રીય રંગભૂમિ સ્થાપવા પ્રેરણા આપી રહ્યા છે. પોતે મેટ્રીક પણ થયા નથી પરંતુ તેમની સાહિત્યકાર તરીકેની પ્રતિભાએ તેમને બે વાર મહારાષ્ટ્રની સાહિત્ય પરિષદના પ્રમુખ ઠરાવ્યા છે. તેમણે મહારાષ્ટ્રની રંગભૂમિને વીસેક નાટકો લખી આપ્યાં હતાં તે બધાં ભજવાઇ ચૂક્યાં છે. સંખ્યાબંધ ટૂંકી વાતો અને ચારેક નવલકથાઓ એમના ગ્રંથો છે. નાગપુર યુનિવર્સિટીએ B.A.ના અભ્યાસક્રમ માટે તેમનાં પુસ્તકોને પાઠ્યગ્રંથો ઠરાવ્યા છે. તેમના લેખો ગુજરાતી ભાષામાં અનુવાદિત થવા લાગ્યા છે એટલે 'મામા' વરેરકરની પ્રતિભાનો હવે સત્વર ગુજરાતને પરિચય થશે.

મામાએ ગુજરાતના તરુણ વર્ગને પોતાની સેવાઓ અર્પવાનું પ્રણિપાત કર્યું છે. ત્રીસ વર્ષની સમર્થ નાટ્યસર્જનાએ તેમને આ કાર્યના અધિકારી ઠરાવ્યા છે. ર.મ.શા.

હિંદુ જાતિના આજના એકનિષ્ઠ સેવક, ત્યાગી શિક્ષાગુરુ અને

ગયા નવેમ્બર માસમાં લાલા હંસરાજના થએલા અવસાનથી હિંદની સામાજિક ને શિક્ષણાત્મક પ્રવૃત્તિમાં એક અગત્યનું સ્થાન ખાલી પડ્યું છે. પોતાનું આખું આયુષ્ય જેણે ભારતની નિષ્કામ સેવામાં સમર્પણ કર્યું, મનસા વાચા ને કર્મણા જેણે આજીવન દેશોન્નતિનું જ ચિંતન કર્યા કર્યું, અને ચંદનની જેમ વધુ ને વધુ ઘસાઇ જેણે જીવનની વધુ ને વધુ સુગંધ વહેતી મૂકી એવા એ વ્રતધારી આર્યસમાજી નેતાના નિધન પર જાહેર હિંદુ જનતાએ કશો ઉહાપોહ પણ ન કર્યો! પણ આવી આત્મવંચનાનો હિંદુઓનો રોગ ક્યાં નવો છે કે તેના પર અફસોસ કરવા જેવું રહે!

ઇ. ૧૮૬૧ના એપ્રિલ માસની ૧૯મી તારીખે પંજાબના એક ગરીબ ખત્રી કુટુંબમાં એ જન્મ્યા. દસ જ વર્ષની વયે પિતાનું અવસાન થતાં તેઓ મોટા ભાઈ મુલ્કરાજ સાથે લાહોર આવી રહ્યા ને વધુ અભ્યાસ માટે અમેરિકન મિશન સ્કૂલમાં દાખલ થયા.

એવામાં ઇ. ૧૮૭૭માં સ્વામી દયાનંદે લાહોરમાં આર્યસમાજની મંગલ સ્થાપના કરી અને એના પ્રવાહમાં ખેંચાએલા સોળ વર્ષના હંસરાજે ત્યારથી જ હિંદુ જાતિની સેવાનું પણ લીધું. આ આર્યસમાજના તત્ત્વબોધે એમના કુમારમાનસ પર એટલી તો અસર કરી કે મિશન સ્કૂલના પાદરી હેડમાસ્તરે હિંદુ ધર્મ પર કેટલાક આક્ષેપો કરતાં એમણે તેની સામે જબરું વાગ્યુદ્ધ જમાવી છેવટે તેને પરાજિત કર્યો. પણ એ પરધર્મી મિશન હંસરાજનું એ વર્ચસ્વ સાંખી લે એમ ન હોઈ, શાળા તેમને છોડવી પડી.

લાલા સેનદાસ જેવી; ત્યારના પંજાબની સર્વસંમાનિત વ્યક્તિ પાસેથી આર્યસમાજની દીક્ષા લીધા બાદ હંસરાજ કૉલેજમાં દાખલ થયા. કૉલેજમાં પંડિત ગુરુદત્ત વિદ્યાર્થી અને લાલા લજપતરાય એમના સહાધ્યાયીઓ હતા. ત્રણેમાં આ દુઃખી ભારત માટે કંઇ ને કંઇ કરી છૂટવાની તમન્ના હતી ને એને લઇને રાતોની રાતો ભાવિ જીવનની પૂર્વ તૈયારીઓમાં એ વીતાવતા. લાલા લજપતરાય ત્યારે હજુ આર્યસમાજમાં શામિલ નહોતા થયા, પણ લાલા હંસરાજે આખરે એમને એમાં ઘસડ્યા. લાલા લજપતરાયે પોતાની આત્મકથામાં હંસરાજની પોતાના પર પડેલી છાપનો એકરાર કરતાં લખ્યું છે કે, 'બચપણમાં ઇશ્લામી વિચારોથી પોષાએલો ને જુવાનીની શરૂઆતમાં બ્રહ્મસમાજના સંસ્કાર પામેલો મારો આત્મા લાલા હંસરાજ ને ગુરુદત્તની સાથે રહી આર્ય સંસ્કૃતિને શોધવા લાગેલ.'

કૉલેજમાં આખી યુનિવર્સિટીમાં ગુરુદત્ત પહેલે નંબરે ને હંસરાજ બીજે નંબરે આવ્યા. સારી નોકરીઓ વડે આર્થિક ઉન્નતિ સાધવાનું એમનું એ મોટામાં મોટું પ્રમાણપત્ર હતું, પણ એમણે એ બાજુનું સહેજ સરખું પ્રલોભન ન રાખતાં નવી જ દિશામાં પ્રયાણ આદર્યું. બંનેએ સાથે મળી ૧૮૮૨ના જાન્યુઆરીથી 'Regenerator of Aryavarta' એ નામનું એક અંગ્રેજી સાપ્તાહિક શરૂ કર્યું.

બીજે જ વરસે, ઇ. ૧૮૮૩માં સ્વામી દયાનંદ પરલોકવાસી થયા ને લજપતરાય, ગુરુદત્ત અને હંસરાજની ત્રિપુટીને એમનું ચિરસ્મરણીય સ્મારક ઊભું કરવાનો ઉત્સાહ જાગ્યો, જે 'દયાનંદ ઍંગ્લો વૈદિક કૉલેજ'માં પરિણમ્યો. સર્વાનુમતે લાલા હંસરાજે માત્ર ૫૦)જ રૂપિયાના વેતનથી કૉલેજનું કુલપતિપદ સંભાળ્યું.

લાલા હંસરાજના આ અપૂર્વ આત્મત્યાગે પંજાબમાં એવી સજ્જડ છાપ પાડી કે એમના જેવા બીજા સેવકો કૉલેજને ઉત્તરોત્તર મળી રહેતા આવ્યા. એમના હાથ નીચે કૉલેજે જે વિકાસ સાધ્યો તે પરથી પંજાબના આર્યસમાજને એવી બીજી કૉલેજો ખોલવાનો ઉત્સાહ ચડ્યો એક જલંધરમાં ને એક હોશિયારપુરમાં એમ બીજી બે વધુ કૉલેજો ખોલવામાં આવી; અને આજે તો સમાજ એવી નાનીમોટી ૨૫૦ શિક્ષણ સંસ્થાઓ ચલાવી, ૬૦૦૦૦ વિદ્યાર્થીઓને વિદ્યાદાન આપી રહી છે. છોકરા છોકરીઓ માટે આર્ટ્સ કૉલેજો ઉપરાંત એક આયુર્વેદિક કૉલેજ, એક ધાર્મિક કૉલેજ (Collage of Divinity) જે હિંદુ શાસ્ત્રગ્રંથોના સંશોધન માટેની સમર્થ સંસ્થા છે, એક ઉદ્યોગશાળા અને

લાલા લજપતરાયના દીક્ષામિત્ર

લાલા હંસરાજ



એક ટ્રેનિંગ ક્લાસ પણ આજે ચાલે છે. એ બધી યે સંસ્થાઓના વિકાસ પાછળ જો કોઇ એક જ વ્યક્તિની કાર્યરતતા ને કુનેહ રહેલી હોય તો તે લાલા હંસરાજની. આ સઘળી પ્રવૃત્તિથી પા સદીમાં તો પંજાબને એમણે નવો જ પલટો આપી દીધો. અને એ પરિશ્રમે જ એમને અપાએલા 'મહાત્મા' પદના એ અધિકારી બન્યા.

ઇતિહાસના અભ્યાસી લાલા હંસરાજ એ સત્ય વહેલેથી જ પામી ગયા હતા કે હિંદુ જાતિના અધ:-પતનનું મુખ્ય કારણ તેના સંગઠનનો અભાવ છે. એ માટે એ કોઇ યોજના વિચારી રહ્યા હતા ત્યાં મલબારમાં મોપલા હુલ્લડ ફાટયું ને હિંદુઓને પકડી પકડી બળજબરીએ વટાળવામાં આવ્યા. હિંદુ જાતિને તેના ઉદ્ધારનો નાદ પહોંચાડવા ને પોતાની યોજના કાર્યમાં પરિણત કરવા માટે આ પ્રસંગ સમયસરનો હતો. એમણે શુદ્ધિ અને સંગઠનનું બ્યૂગલ ફૂંકયું. હિંદુ જાતિમાંથી ખૂંચવી લેવાએલાં તેનાં ભાંડુઓને શુદ્ધિદ્વારા પાછા તેનામાં ભેળવ્યા ને એ પ્રવૃત્તિના પ્રમુખ તરીકે સ્વામી શ્રદ્ધાનંદને નીમી ઉપપ્રમુખ તરીકે પોતે રહી તેને કાયમી સ્વરૂપ આપ્યું. મુસલમાનો જેટલી જ હિંદુઓમાં, ને ખુદ મહાસભામાં તેમની પ્રવૃત્તિ વિષે ગેરસમજણ ઊભી થયા છતાં શાંત અને મક્કમ રીતે એમણે પોતાની નજરે જણાએલા સત્ય માટેની લડત કદાપિ ખોરંભે મૂકી ન હતી.

કૉલેજના કુલગુરુપદે હતા ત્યારની એમની શિસ્ત માટેની કડપ એટલી તો પ્રખ્યાત હતી કે મોટા મોટા વિદ્યાર્થીઓ એમનાથી કાંપતા રહેતા. છતાં એ જ કુલગુરુની, ઘેર ચટાઇ પર બેઠેલી મૂર્તિ તો સદા વિદ્યાર્થીઓ પ્રત્યે માતૃવત્ વાત્સલ્ય જ દાખવી રહેતી.

લાલા હંસરાજ બીજાઓ પાસે કડક શિસ્ત પળાવવા ઉદ્યુક્ત રહેતા તેટલા જ પોતાની જાત પ્રત્યે પણ કડક રહેતા.

આર્યસમાજે પ્રાપ્ત કરેલાં સઘળાં સંમાન ને પ્રતિષ્ઠા પણ આ લાલા હંસરાજ, પંડિત ગુરુદત્ત ને લાલા લજપતરાયની ત્રિપુટીને જ સર્વથા ઋણી છે. પરંતુ લાલા હંસરાજનું કાર્ય કંઇ આર્યસમાજના પ્રચાર પૂરતું જ મર્યાદિત નહોતું રહ્યું. શિક્ષણાત્મક પ્રગતિ ને સામાજિક સુધારણા વડે નવભારત ઘડવાની એમની પ્રબળ મુરાદ હતી. છેલ્લે છેલ્લે તો એમની તબિયત ખૂબ લથડી ગઈ હતી ને નજર પણ ઝાંખી બની હતી, છતાં પોતાના સેવાકાર્યમાં એમણે સહેજ સરખું સ્ખલન આવવા દીધું નહોતું. એ અચૂક સતત સેવાનાં મિષ્ટ ફળો પંજાબ આજે અનુભવી રહ્યું છે.

સાદાઈના તો એમને જીવતાજાગતા નમૂના કહી શકાય. સેવાકર્મની પરાકાષ્ટા પણ એમણે અનુભવી હતી ને ઘરમાં મેજ કે ખુરશી સુદ્ધાં વસાવી શકયા નહોતા. જેમને ચરણે બેસી જ્ઞાન મેળવી ગએલા સેંકડો નવજુવાન છાત્રો એમના એક બોલ પર હજારો રૂપિયા ન્યોચ્છાવર કરી દે એમ હતું, જેમના એકલા વડીલ બંધુ મુલ્કરાજ જ કશી પરવા વિના માસિક સેંકડો રૂપિયા એમને એમ ને એમ આપી દેવા તૈયાર હતા, એવા એ દિવંગત મહાત્માનો આવો મહાન અને વિરલ ત્યાગ આપણા સામાજિક ઇતિહાસમાં સદાકાળ પ્રેરણારૂપે રહો.

અશોક હર્ષ

આંબો મસાણિયો

કોઈના પણ મરણના સમાચાર સાંભળતાં વેંત ઊભે પગે એ સ્મશાને દોડતો, પણ એની સ્મશાનયાત્રા તો . . . .

દરજીનો દીકરો જીવે ત્યાં સુધી સીવે એમ હોત તો તમે આંબા મેરાઇને કોઇ ચૌટાં ચકલામાં નાની સરખી દુકાનમાં મહામહેનતે સૂર્યના પ્રકાશમાં સોય ઊંચી રાખી દોરો પરોવતો જોયો હોત. પણ આંબાએ તો લાગલાગટ ચાળીસ વર્ષ સુધી દરજીનો ધંધો કરી આખરે ક્ષેત્રસંન્યાસ લઇ લીધો છે. આંખો કામ કરતી હતી ત્યાં સુધી, આપણા કેટલાક ડૉકટરો પોતાને સ્ત્રીઓ તથા બાળકોના ખાસ સ્પેશ્યાલિસ્ટ કહેવડાવે છે એમ, પોતે સ્ત્રીઓ તથા બાળકોનો ખાસ દરજી છે એમ પાટિયું પણ લગાવ્યા વિના ગામમાં આંબાએ એ જાતની આબરૂ જમાવી હતી. સ્ત્રીઓ માટે નવીનવી ઢબનાં પોલકાં સીવી, બાળકોને હવેલીના મહારાજની બંડી જેવાં ચસચસતાં પણ નહિ અને ફકીરની કફની જેવાં ઢીલાં પણ નહિ એવાં ઝબલાં પહેરાવ્યાં હતાં. આજકાલ આપણી સ્ત્રીઓ પુરુષોના ગંજીફરાક જેવાં જે ટૂંકી બાંયનાં કે બાંય વિનાનાં બ્લાઉઝ પહેરે છે એની ગામમાં શરૂઆત કરનાર આંબો મેરાઇ જ હતો એમ હું તમને કહીશ ત્યારે મારી વાત કદાચ માનશો નહિ. તમે અશ્રદ્ધાથી મારી સામે જોઇ રહી પૂછશો 'આંબો?!'

આંબાને તમે એની જુવાનીમાં જોયો હોત તો તમે કહેત, 'ખરેખર, કોઇ રસિક જીવડો લાગે છે!' એનું સફેદ મલમલનું કડિયું, 'નાનકલાક'નું પહેરણ, કછોટો મારેલું લાલ કિનારનું ધોતિયું, માથે ફૂલ ગુલાબી રંગની આંટીવાળી અસલ કાઠિયાવાડી પાઘડી અને સાંજે દુકાન વધાવી હાથમાં લીલાંછમ દાતણની બે છડીઓ લઇ બજારમાંથી એ ચાલ્યો જતો હોય તો બે ઘડી આંખો ઠારીને તમે જોઇ રહો!

એ આંબો આજ ડોસો છે છતાં ય પાંત્રીસ વર્ષના જુવાન જેટલી એના શરીરમાં ચપળતા છે. માત્ર આંખો બરાબર કામ આપતી નથી. છોકરુંછૈયું તો આંબાને પહેલેથી હતું જ ક્યાં, અને વહુ પણ દસ વરસ થયાં સ્વર્ગે સિધાવી ગઇ હતી. આંબાએ બજારમાંથી દુકાન ઉપાડી લીધી છે. હજી જો ઇચ્છા હોય તો કોઇને થાગડું મારી આપે, કોઇની સાડીને લેસ મૂકી આપે, કોઇનું ધોતિયું સાંધી આપે ને એવું એવું પરચુરણ કામ કરી રોજ આનો બે આના કૂટી કાઢે. પણ આંબાને એવા લોભીવેડા કરવા ક્યારે પસંદ હતા? હવે તો એણે જે કાંઇ એકઠું કર્યું હતું એમાંથી રોટલોખીચડી ખાય છે, ઘરમાં કાંઇ કામ ન હોય તો ચૂલા પર ધીમે તાપે ખીચડી મૂકી રસ્તા પરના ઓટલા પર બેસી લુગી વીણે છે, નાનાં નાનાં છોકરાંઓ જોડે વાતો કરી વખત વિતાવે છે. પૈસાની પિપરમેંટ લઇ છોકરાંઓને વહેંચી આપે છે. અને બીજા હાથમાં સંતાડી રાખેલી એક પિપરમેંટ પોતાના મોઢામાં મૂકી દે છે. રસ્તા પરથી છાણાંનું ગાડું નીકળે છે તો લેવાદેવા ન હોવા છતાં ઊંચે સાદે ભાવ પૂછે છે. અને—ક્યાંયથી ખબર મળે કે ન્યાતમાં મરણ થયું છે તો ખાંધે ફાળિયું નાખી તરત શ્મશાને ચાલી નીકળે છે. કંઇક વખત પસાર થતો એ ખાતર પણ ખરું અને કંઇક . . . . કોણ જાણે શા માટે, એ બધાને ખાંધ દેવા શ્મશાને જતો. પોતે ઘરડો થયો અને મરે ત્યારે બધા ન્યાતીલાઓ પણ એને ખાંધ દેવા આવે અને પોતાની શ્મશાનયાત્રા ઠાઠમાઠથી નીકળે એવા સ્વાર્થથી તો નહિ જ. આંબો એવી પરવા કરે એવો નહોતો.

મરણના સમાચાર સાંભળી કોઇ જાય કે નહિ, પણ આંબો તો ઉઘાડે પગે સૌથી વહેલો જઇ ઊભો રહેવાનો. એથી એની મશ્કરીઓ પણ થતી એ વાત આંબો પોતાને મોઢે જ કહેતો, અને કહેતો, 'પણ ઘેર નવરો બેઠો શું પાણાં ભાંગુ?'

બહોળાં સગાંવાળાં કુટુંબને ભલે આંબાની કંઇ કિંમત ન હોય પણ કોઇ એકલડોકલ ડોસોડોસી, વિધવા એને મન તો આંબાની બહુ કિંમત હતી, અને તે પણ શિયાળાની કકડતી ઠંડીમાં—જ્યારે સગો કાકાનો દીકરો માની મોઢે 'તબિયત બરાબર નથી'નું



'તારી મા મરી ગઇ તી હું શું કરૂં? હું શું નવરો છું તી ગામ આખાનું આભડવા જાઉં? જા, હું નહિ આવું.' તો ય છોકરો થોડી વાર મૂઢની જેમ ઊભો રહ્યો. એની આંખમાં આંસુ આવતાં આંબાએ ઝાંખાં ઝાંખાં જોયાં.

બહાનું કહેવડાવી પગ નીચે ગોદડું ભરાવતો પડી રહેતો ત્યારે આંબો એનું સાઠ વરસનું ખખડધજ્જ છતાં ય કુંભારના ઘરના નવા માટલા જેવું ટકોરા કરતું અણનમ શરીર લઇ ત્યાં હાજર થતો, ને જરૂર પડયે કાંધિયા પૂરા ન હોય તો હિમ જેવા ઠંડા પાણીથી નાહી ખાંધ દેવા પણ અચકાતો નહિ.

બીજાને કાંધ દેવામાં, શ્મશાને જવામાં પોતાને આટલો રસ કેમ છે એનું માનસશાસ્ત્રીય પૃથક્કરણ કરવાની આંબામાં શક્તિ નહોતી. પણ એ ક્રિયા એ રાજીખુશીથી અને હોંસથી કરે છે એટલું તો એ સમજતો હતો. છતાં કોઈ પ્રસંગે શ્મશાને જવા માટે માણસો એકઠા થતા હોય અને કોઇ મોડો આવનાર આંબાને વહેલો આવી ગએલો જોઇ વ્યંગમાં કહે, 'કેમ, આવી ગ્યો છોને, આંબા!' ત્યારે આંબાની ભમ્મર જરા સંકોચાતી અને કપાળમાં જરા કરચલી પડતી—આંબાને થતું, 'આભડવા આવવામાં જાણે મને કોઇ પોટલું બંધાવી દેવાનું હોય નહિ!'

મરણપ્રસંગે મોખરે થનાર આંબો ન્યાતીલાના વરઘોડામાં શોધ્યો પણ મળે નહિ! કોઇએ વળી ખાસ માયા મમતા બતાવી પાનગુલાબ લેવા પધારવાનું આંબાને આમંત્રણ આપ્યું હોય તો, ક્યાંક પાછળ-પાછળ પહેરણ ઉપર પાઘડી નાખી એ ઉજળી મંડળીમાં નિસ્તેજ જેવો મૂંગોમૂંગો ચાલ્યો જતો નજરે પડે.

વરઘોડા અને માંગલિક પ્રસંગોમાં આંબાની હાજરી અશુભ ગણાતી! કારણ તો ત્યારે એટલું જ કે કાંઇ પણ સ્વાર્થ વિના દાંતની બત્રીશી ખખડી જાય એવી ઠંડીમાં, કે પગનાં તળિયાંમાં ફોલ્લા પડે એવા તાપમાં એ મરણના સમાચાર સાંભળી ચાલી નીકળતો!

આંબો રસ્તે જતો હોય ને કોઇ છોકરાઓ સામા મળે તો છોકરાઓ આંબા તરફ નજર સુદ્ધાં ન કરે, પણ થોડે દૂર જઇ જોસથી બૂમ મારે 'એ . . . આંબા!'

આંબો એના તોફાનને ઉત્તેજન નહિ આપવાની ખાતર પાછું વાળી જુએ પણ નહિ! વળી બૂમ આવતી, 'એ . . . . આંબા! આંબો મસાણિયો . . . . આંબો મસાણિયો.' અને તાળીઓ પાડી કિકિયારી કરી, ખડખડાટ હસી ક્યાં ય સુધી બોલ્યા જ કરે 'આંબો મસાણિયો . . . . આંબો મસાણિયો!'

આંબો કોઇ વાર ગુસ્સામાં ફરી આહ્વાન કરે, 'ઊભા રહેજો! તમારી માના!' અને કોઇ વાર હદપાર ચોડાઇ જાય તો રસ્તા પરથી પથરો ઉપાડી ફેંકતો પણ ખરો, પણ છોકરાઓ તો ડરી જવાને બદલે ઊલટાના બેવડા જોસથી બોલતા 'આંબો મસાણિયો' અને નાસી જતા.

નિશાળેથી પાછા ફરતા છોકરાઓએ એક વખત આંબાને ખૂબ રંજાડ્યો, કિકિયારીઓ બોલાવી. એક છોકરો તો સાહસ કરી ધીમે પગલે આંબાની પીઠ સુધી જઇ પહોંચ્યો અને પાછળથી આંબાના ધોતિયાંની કાછડી ખેંચી દોડી ગયો. આંબો અત્યંત ક્રોધે ભરાયો, બબડ્યો. પણ છોકરાઓ તો દૂર ઊભા ખડખડ હસતા હતા. ક્રોધમાં આંબાએ રસ્તા પરથી એક હાથ આવ્યો એ પથરો ઊંચક્યો અને એ ટોળા તરફ ફેંક્યો. પણ કોણ જાણે શું થયું એ પથરો સીધો એક સાતેક વરસના નાના છોકરાના કપાળ પર જઇ પડ્યો. અને માથામાંથી પુષ્કળ લોહી નીકળવા લાગ્યું. છોકરાઓમાં હાહાકાર થઇ ગયો, આસપાસ માણસો એકઠા થવા લાગ્યા. આંબો ગભરાઇને ત્યાંથી સરકી ગયો, પણ ત્યાર પછી એનું હૃદય ખૂબ બળવા લાગ્યું. એને થયું, 'આંખ પર વાગ્યું હત તો? વિચાર આવતાં એ છોકરાનો આંખ વિનાનો ચહેરો નજરસમક્ષ આવ્યો અને એ ઘોર ચિત્ર નજર પાસેથી દૂર કાઢવા આંબાએ આંખો દાબીને બંધ કરી દીધી.

ઘેર આવી આંબાએ ચૂલે ખીચડી મૂકી. ખીચડી પણ થઇ ગઇ, પણ ખાવા બેઠો ત્યારે કોળિયો ગળે ચોંટતો લાગ્યો. આંબાને ફરી એ જ વિચાર આવવા લાગ્યા અને એનો જીવ બળ્યા કરતો હતો. આખરે થાળી ઠેલી દઇ આંબો ખાધા વિના જ ઊભો થઇ ગયો. વળી એને વિચાર આવ્યો, 'શા માટે નહિ? . . . . એ જ લાગનો હતો! . . . . શું કામ મને એવે નામે બોલાવે છે . . . . હું એને વતાવું છું! ઉંહ! હવે હું કોઇ સારુ મસાણે જવાનો જ નથી. શું કામ જાઉં . . . . જશને બદલે જુતિયાં ખાવા?'

એક છોકરાને સજા થઇ છતાં છોકરાઓ તો આંબાને જોઇ, સલામત અંતરે પહોંચ્યા પછી ચાળા પાડી આગળ માફક બોલતા જ રહ્યા: 'આંબો મસાણિયો, આંબો મસાણિયો!'

મકરસંક્રાન્તના દિવસોમાં આકાશમાં ઊંચે ઊંચે પતંગો ઊડતા હોય ને બે પતંગ વચ્ચે લડાઇ જામે ત્યારે દોરની ચરખીમાં ઢીલ મૂકાય—સરર સરર કરતી દોર નીકળ્યા જ કરે તેમ આંબાની જીવનદોર નીકળ્યા જ કરે છે, પણ એનો છેડો ક્યાં ય નજરે પડતો નથી. બનવા જોગ છે; એ ઝડપમાં જ એક સામટો એ દોરનો છેડો આવી જશે અને પછી પતંગ પણ હાથ નહિ રહે તેમ આંબો પણ એક દિ ગુમ થઇ જશે. એ તો થાય ત્યારે. અત્યારે આંબાને જીવન ટકાવી રાખવા બૈરાંઓની સાડીને બેચાર આના ખાતર લેસ પણ મૂકી આપવો પડે છે ને કોઇ વાર જૂના ગાભામાંથી રજાઇ પણ બનાવી આપવી પડે છે.

ગોદડી બનાવતાં કોઇ મરણના સમાચાર લઇ આવે તો આંબો હવે બબડતો, 'હું તે શું નવરો બેઠો છું તે બધે આભડવા જાઉં?' પણ આભડવા ન જવામાં જેટલું કામનું કારણ હતું એટલો આભડવા જવા તરફનો વૈરાગ પણ હતો. એક તો ઠોકર ખાતો શ્મશાને જાય અને ઉપરથી લોકો એને મસાણિયો કહી એની મશ્કરી કરે! એ હવે ન જોઇએ.

આથી જ અનેક વખત નજીકના સગામાં મરણ થયું હોય અને માણસ બોલાવવા આવ્યું હોય તો ય આંબો હવે કદી શ્મશાને જતો નહિ. અને આથી જ એક બપોરે આંબો બીડી ફૂંકતો ઉંબરામાં બેઠો હતો ત્યારે દસેક વરસનો એક છોકરો આવ્યો અને એની મા ગુજરી ગયાના સમાચાર આપ્યા ત્યારે પારકા દુ:ખે ગળગળો બની જતો આંબો 'હાલ, આવું છું' એમ કહેવાને બદલે એને મારવા ધાયો. 'તારી મા મરી ગઇ તો હું શું કરું? હું શું નવરો છું તો યામ



ગ્રામમાર્ગ

ફોટો · શ્રી ભારદ્વાજ



પગદંડી

ફોટો · શ્રી ભારદ્વાજ

આખાનું આભડવા જાઉં? જા, હું નહિ આવું!'

આંબાએ હુંકારી કાઢ્યો તો ય એ છોકરો થોડી વાર સૂઢની જેમ ઊભો રહ્યો. આંબાના આવા શબ્દ સાંભળી છોકરાની આંખમાં આંસુ આવતાં આંબાએ ઝાંખાંઝાંખાં જોયાં.

થોડી વાર રહી છોકરો ત્યાંથી ચાલી ગયો.

આંબો બીડીનું ઠુંઠું હાથમાં પકડી ત્યાં ને ત્યાં બેસી રહ્યો. કંઇક ખોટા વિચારે પોતાને ચડી ગએલો માની, એમાંથી ઝબકીને એ વિચારો જાણે હાંકી કાઢવા એણે બીડીનું ઠુંઠું ફરી હોઠે મૂકી ચૂસવા માંડ્યું, પણ બીડી ઠરી ગઈ હતી. ચીડથી આંબાએ જોસથી રસ્તા પર ઘા કર્યો અને 'ઠેંહ!' કહી ઘૂંટણ પર હાથ ટેકવી ત્યાંથી ઊઠ્યો.

પણ રીંછ જેમ પાંજરામાં આમથી તેમ ફર્યા કરે તેમ આંબો પીઠ પાછળ હાથ રાખી આંટા મારવા લાગ્યો. જાણે એને કંઇ ચેન પડતું નહોતું. થોડી વાર પછી જાણે કાંઈક નિર્ણય ઉપર આવી ગયો હોય એમ એક ફાળ ભરી ખભે ધોતિયું નાખી તે શ્મશાને જવા નીકળ્યો.

રસ્તામાં પેલો છોકરો ફરી સામો મળ્યો, અને શ્મશાને આવવા જેવું દુઃખદ આમંત્રણ આપવા પોતે આવ્યો છે એટલું પણ વિસરી જઇ, આંબાને આવતો જોઇ એના મો પર જરા હર્ષનું તેજ આવી અદૃશ્ય થઇ ગયું. એ હર્ષમાં બોલ્યો, 'હું તમને જ બોલાવવા આવતો'તો.'

આંબો એ છોકરાને જોતાંવેંત જ ઓળખી ગએલો. એની માં આંબાની જ ન્યાતની એક વિધવા બાઇ હતી અને બીજી ન્યાતના એક માણસ જોડે ઘરઘી ગઇ હતી એટલે ન્યાતે એને ન્યાત બહાર ઠરાવેલી. એ મુજબ એના પર સખત પ્રતિબંધો મુકાયા હતા. એની જોડે ન્યાતનું કોઇ માણસ કોઇપણ જાતનો વ્યવહાર ન રાખી શકે, એના ઘરનું ખવાય નહિ, પાણી પણ પીવાય નહિ. કમનસીબે થોડાં વરસો બાદ એનો બીજો પતિ પણ ગુજરી ગયો અને એ બાઇ અત્યાર સુધી દળણાં દળી, પાણી ભરી, કામ કરી અત્યંત દુઃખમાં દિવસો વિતાવતી મરી ગઇ.

ન્યાતબહાર હોવાથી ન્યાતનું કોઇ પણ માણસ એને શ્મશાને પહોંચાડવા ગયું નહિ. આંબાને વળી આટલા દિવસે પ્રતિજ્ઞા તોડવાનું સૂઝ્યું તે આવી ચડ્યો અને બીજા બે ચાર પરન્યાતીલાઓને એકઠા કરી એને બાળી આવ્યા. જો આત્માને વાચા હોત તો એ બાઇના આત્માએ આંબાને શું આશીર્વાદ આપ્યા હોત?

એ બાઇના મૃત્યુને આઠ દસ દિવસ થયા હશે ત્યારે ન્યાતની એક અસાધારણ સભા ભરાઇ. ન્યાત બહાર હોય એવા કોઇપણ ઇસમના શુભ કે અશુભ અવસરમાં ન્યાતના કોઇપણ માણસે ભાગ લીધો હોય તો ન્યાતે શું પગલાં લેવાં એનો વિચાર કરવાનો હતો. સભામાં ગિર્દી પુષ્કળ હતી. જેમજેમ વખત થતો તેમતેમ માણસો ભરાતાં ગયાં. વાતાવરણ તંગ બનતું જતું હતું. સ્પષ્ટ નહોતું કરવામાં આવ્યું છતાં બધા જાણતા હતા કે એ પ્રશ્ન કેમ ઉપસ્થિત થયો હતો. બધા એકબીજાના કાનમાં ગુસપુસ કરતા, આંબા તરફ આંગળી ચીંધી કાંઇ કહી લેતા.

પટેલ આવતાં સભા ચાલુ થઇ અને ગરમાગરમ ભાષણોને અંતે એમ નક્કી કરવામાં આવ્યું કે કોઇ ન્યાતીલો ન્યાતના ઠરાવ વિરુદ્ધ વર્તાવ કરે તો એને ન્યાત બહાર મૂકવાની સજા થવી જ જોઇએ, ત્યારે એ જ સભામાં આંબાનું નામ બોલાયું અને ન્યાતબહાર મૂકાએલ બાઇના શુભ અથવા અશુભ અવસરમાં ભાગ લેવા બદલ ન્યાતને સંતોષકારક ખુલાસો કરવા એને કહેવામાં આવ્યું.

આંબો થથરતા અવાજે બોલવા ઊભો થયો. થોડી દલીલો કરી પણ એની અસર પટેલો ઉપર કાંઇ ન થતી જોઈ ઝનૂનમાં એ ફાવે તેમ ભરડવા લાગ્યો; પણ પટેલે એને વચ્ચેથી જ બેસાડી દીધો, અને સર્વાનુમતે આંબાને ન્યાતબહાર જાહેર કર્યો.

સભા બરખાસ્ત થઇ અને આંબો નીચું માથું નાખી સૌની પાછળપાછળ ઊંડા વિચારમાં ચાલ્યો જતો હતો એવામાં પોતાના ખોવાએલ જોડા શોધવામાં મોડા પડેલ એક ન્યાતીલાએ આંબા પાસે આવી કહ્યું, 'આંબા, ઇ નાતબાર હતી ઇ તું જાણતો'તો તો ય ભલા માણસ, શું જાણીજોઇને દીવો લઇને કૂવામાં ઊતર્યો! તને વરી ઇ શું સૂઝ્યું!'

દાઝ્યા ઉપર ડામ પડતો હોય એમ છંછેડાઇ આંબો ઘુરક્યો, જાને તું તારે રસ્તે! મોટો આવ્યો છે મને કહેવા, "ઇ તને શું સૂઝ્યું!" ભલા, મને સૂઝ્યું

ક મેં કર્યું! ઉહ, આવા ને આવા હાલી નીકળ્યા છે દુનિયામાં!"

પોતે ન્યાતબહાર થયો એ દિવસથી આંબાએ ફરી કામ છોડી દીધું અને આખો દિવસ બારણું બંધ કરી અંદર જ બેસતો એટલો આઘાત એને લાગ્યો હતો. માત્ર રાત્રે જ્યારે લોકોની અવરજવર બંધ પડતી ત્યારે રસ્તા પરનું બારણું ખોલી, હથેળી પર મોં ટેકવી ક્યાંય સુધી બેસી રહેતો. રાત્રિની શાંતિનો ભંગ કરતા કૂતરાનો દૂરથી ભસવાનો અવાજ સંભળાય કે રોન મારવા નીકળેલા પોલિસના વજનદાર બૂટ અને લાઠીનો ખટખટ અવાજ સાંભળી ઝબકી જાય, અને વળી એમને એમ ક્યાંય સુધી બારણામાં પૂતળાં જેવો બેસી રહે. સવારે સાડાચાર પાંચના સુમારે કૂકડા બોલે અને સવારનો ઠંડો પવન નીકળે, ગાડાવાળા ગાડાં લઇ વહેલાવહેલાં રસ્તે જતા જુએ ત્યારે આંબો બારણું બંધ કરી લેતો.

દિવસે દિવસે આંબો શરીરે ઘસાતો ગયો. પહેલાંનું એનું ખડતલ અણનમ શરીર હવે કાંઇ પણ શ્રમ કર્યા વિના પણ થાકી જતું. હાથની અને કપાળની નસો દેખાવા લાગી. આંખોના ગોખલામાં એની આંખો ઊંડે ઊતરવા લાગી. કોઇકોઇ વખતે ઝીણો તાવ પણ આવી જવા લાગ્યો. માથું દુખે, પેટમાં દુખે અને વાંસો ફાટે, આટલાં વર્ષે આંબાને હવે વૃદ્ધાવસ્થાના ચિહ્નો દેખાયાં.

આમ મહિનોક કેદ જેવું જીવન ગાળ્યું એવામાં એક રાત્રે નિત્યક્રમ પ્રમાણે રસ્તા પરના બારણાની પાસે બેઠો હતો ત્યારે એને વિચાર આવ્યો, 'એક મૂઠી ધાન ખાવું એમાં તો ગામમાં ન કોઇની જોડે બોલવું કે ન કોઇ જોડે ચાલવું. મૂઠી ધાન તો ભગવાન ગમે ત્યાં આપી રહેશે. હાલને જીવ ક્યાંક . . જૂનાગઢ જાઉં. આમ તે કેમ જિંદગી ખૂટશે!

બીજે દિવસે આંબો કપડાંની એક ગાંઠડી બાંધી લઇ, જે થોડાં વાસણકુસણ હતાં એ એમ જ રહેવા દઇ, સવારની વહેલી ગાડીએ જૂનાગઢ જવા નીકળ્યો. સ્ટેશને જતાં રસ્તામાં કૂતરાં ટાઢમાં કારમી ચીસો પાડતાં હતાં. ઠંડો પવન સુસવાટ કરતો વાતો હતો. શિયાળાની વહેલી સવારની ગાડી હતી એટલે ડબ્બામાં ઉતારૂઓ પણ જૂજ જ હતાં. સૌ ટાઢથી થથરતાં બેઠાં હતાં. જરા જરા વારે, જોરથી મોઢું ફાડી રાખવા છતાં ય સૌની દાંતની ડાકલી વાગી જતી. ગાડી ચાલુ થઇ એટલે ઉતારૂઓ ડબ્બાની બધી બારીઓ બંધ કરી દઇ, ધાબળો પગથી તે માથા સુધી ઢાંકી સૂઇ ગયા, આંબો થોડી વાર સુધી ગુમસુમ બેસી રહ્યો. બારીની તડમાંથી શુઊઊ શુઊઊ કરતો પવન આવતો, ને આંબાનું શરીર ટાઢથી કંપી ઊઠતું. અદબ વાળી પાટલી પર આંબો ઊભે પગે બેઠો. પણ કંપ ઓછો થતો નહોતો. ધીમેથી પોટલી છોડી એમાંથી એક ધોતિયું કાઢી, એક પાથરી, બીજું ઓઢી આંબો પણ એક પાટલી પર ધોતિયું ઢાંસી સૂઇ ગયો.

એક પછી એક સ્ટેશન જતાં હતાં. કકડતી ટાઢમાં જેને ન છૂટકે મુસાફરી કરવી પડતી હોય એવો કોઇ મુસાફર એકાદ ઊતરે કે એકાદ ચડે. એ સિવાય કો કશી હીલચાલ વિનાની ભારખાના જેવી ગાડી એક પછી એક સ્ટેશનો વટાવી આગળ જતી હતી.

રાજકોટ જંકશન નજીક આવતાં બારી ખોલી કોઇ ઉતારૂ બારી બહાર મોઢું કાઢી કાંઇક જોઇ લેતો, સ્ટેશન નજીક આવતું ગયું તેમ તેમ ઉતારૂઓ આળસ મરડી બેઠા થતા ગયા, અને પોતપોતાનો સામાન એકઠો કરી ઊતરવાની તૈયારી કરતા હતાં; કારણ કે ત્યાં ગાડી બદલવાની હતી.

સ્ટેશન આવ્યું એટલે ધીમેધીમે બધા ઉતારૂઓ ઊતરી ગયા અને ગાડી આખી ખાલી થઇ ગઇ. કેટલાક સામે ગાડી બદલી બીજી ગાડીમાં બેઠા.

બીજી ગાડી ઊપડી ગઇ ત્યાર પછી એક પોલિસ જમાદાર લાકડીના ગુંદા વતી પાટિયાં ઠબકારતો એક પછી એક કમ્પાર્ટમેન્ટ જોવાની પોતાની ફરજ ફરજ બજાવતો હતો. કોઇ વાર એ ફરજ બજાવવાના બદલામાં પગાર ઉપરાંત અરધું પીધેલું સીગારેટનું પાકિટ મળી જતું. કોઇ વાર ઉતાવળમાં રહી ગએલો ભાતાનો ડબ્બો કે પાણીનો કૂજો પણ હાથ આવી જતો.

આજ બે ડબ્બા જોયા એમાંથી દીવાસળીની લગભગ પૂરી થવા આવેલી પેટી સિવાય હજી સુધી કશું જ હાથ આવ્યું નહિ એમ મનમાં મનમાં ચિડાતો એ ત્રીજા ડબ્બામાં દાખલ થયો ત્યારે, એક પ્રમાદી માણસને ગાડી ઊપડી ગયા પછી પણ નિરાંતે ઊંઘતો જોઇ એને હસવું આવ્યું. એ હસવું દાબી દઇ



ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

ઉપરઃ ડાબી બાજુ. 'પરદેશી પીણું'—ભાઇ ચતુરભાઇ પટેલ (ખાનપુર), પહેલું ઈનામ; જમણી બાજુ, 'મગરૂબ માતા'—ભાઈ પૂનમચંદ કમાણી (અમરેલી), બીજું ઈનામ; નીચેઃ ડાબી બાજુ, 'ખોસકોલી'—ભાઈ હાસમ સુતાર (નડીઆદ), ઉત્તેજના ઈનામ; જમણી બાજુ, 'થાકેલો સાથી' ભાઇ રાવજીભાઈ પટેલ (નડીઆદ), ત્રીજું ઇનામ.

અમલદારી કડકાઇથી એણે લાકડી પછાડો બૂમ મારી, 'અલ્યા' કોણ છો એ! ઊઠ!'

પણ પેલો માણસ સળવળ્યો નહિ. બીજી બૂમ મારી, ડંડો પછાડચો. ત્રીજી બૂમ મારી. પછી બીજ-માં લાકડીનો ગુંદો ભરાવ્યો, છતાં ય એ માણસ તો નિરાંતે ઊંઘતો જ રહ્યો. ચિડાઇને જમાદારે એનું ઓઢવાનું કપડું ખેંચી લીધું અને નીચા નમી જોયું તો આંખો ખુલ્લી આંખો રાખી કાં તો ઊંઘતો હતો ને કાં તો જમાદારને બનાવતો હતો.

સ્ટેશન માસ્તર, પોલિસ અમલદાર અને જમાદારે મળી આંબાનું પંચનામું કર્યું અને ભંગીને લાસ ખસેડાનો હુકમ થયો. (અનુસંધાન આગળ પૃ. ૬૪ મે)

કુદરતનું એ અદ્‌ભુત-રમ્ય, ભીષણ-મનોહર દૃશ્ય જોઈને એક જ વિચાર આવે છે:
સમર્થ કોણ? વજ્રકાય પ્રાચીન પહાડ?
કે નમ્ર છતાં આગ્રહી જીવનધર્મી નીર?

પહાડને વહેરીને વહેતું ઝરણું

ગુચ્છુપાની

ગુચ્છુપાની કુદરતની એક મઝાની રમત છે. બે વર્ષ ઉપર જ્યારે દેહરાદુન ગયો હતો ત્યારે એક દિવસની નવરાશ હાથમાં હતી. કેટલાકે કહ્યું કે આપણે ગુચ્છુપાની જઈએ. બીજા ભાઈઓએ કહ્યું કે 'સહસ્રધારા' જોવા ચાલો. ગુચ્છુપાની નામ તો મજાનું લાગ્યું; પણ વિસ્મૃતિના ભાર તળે દબાયેલા જૂના સંકલ્પે સહસ્રધારાની તરફેણમાં પોતાનો મત આપ્યો હતો એટલે ગુચ્છુપાની જવાનું રહી જ ગયું.

આ વર્ષે જ્યારે કન્યા ગુરુકુળના ઉત્સવ ઉપર આવવું જ પડ્યું ત્યારે હવે કાંઈ ગુચ્છુપાની બોલાવ્યા વગર છોડે? બે ત્રણ કલાક પાસે હોય તો દેહરાદુનથી ગુચ્છુપાની સુખેથી જઈ અવાય. મોટરમાં નહિ પણ પગપાળા જઈ આવતાં ત્રણ સાડા ત્રણ કલાકથી વધારે નહિ લાગે. પ્રથમ તો દોઢેક માઈલ સુધી તેલવાહન માટે બનાવેલો આસ્ફાલ્ટનો વજ્રલેપ રસ્તો આપણને ધીમેધીમે ઊંચાં ઊંચાં ઝાડ વચ્ચે થઈને ઊંચે ચડાવે છે; અને સામેના પહાડ ઉપર ચળકતી મસુરીની ગંધર્વનગરીનું દર્શન કરાવે છે. ત્યાંના બંગલાઓની વાંકીચૂંકી હાર જ્યારે સંધ્યાકિરણોમાં ચળકવા માંડે છે ત્યારે ચકમકનાં ચોસલાં આડાંઅવળાં ગોઠવાયાં હોય એવો આભાસ થાય છે.

અમે રસ્તો છોડી ડાબી બાજુના ખેતરોમાં ઊતર્યા. ત્યાં તો સામે સાલનાં બાલવૃક્ષોની એક ઘટા દેખાવા લાગી. એ ઘટા વચ્ચે થઈને એક પહાડની છોકરી પથરા સાથે રમતી દક્ષિણ તરફ દોડતી જાય છે એનું દર્શન થયું. અત્યારે તો એના પાત્રમાં પાણીનું નામ ન હતું. કેવળ વાંકાચૂંકા પણ લીસા સફેદ પથરા જ ત્યાં પથરાએલા હતા. પાણી વગરની નદી આપણને સામાન્યપણે ગમતી નથી. પણ જ્યારે બન્ને બાજુ ઊંચી ઊંચી ટેકરીઓ હોય છે અને આખો પ્રદેશ નિર્જનરમ્ય હોય છે ત્યારે સૂકાએલી નદી પણ મોહક રમણીય રૂપ ધારણ કરે છે. પાણીનો પ્રવાહ ભલે ન હોય, પણ લીલાંલીલાં જંગલમાંથી થઈને ધોળાધોળા પત્થરોનો પટો જ્યારે ડુંગરામાં પોતાનો રસ્તો કાઢતો જાય છે ત્યારે સહેજે મનમાં થાય છે કે આ પથરાઓ નિશાળના છોકરાઓની પેઠે દોડની દોડ રમતા રમતા એકાએક થોભી ગયા છે.

અમે આગળ ચાલ્યા. ફરી ચડ્યા ને ફરી ઊતર્યા. કોતરોમાં થઈને જવાનું હતું, એટલે દૂર સુધી જોવાને બદલે આકાશ તરફ જોઈને જ સંતોષ માનવો પડતો હતો. વચમાં વચમાં પીળાં અથવા ધોળાં ફૂલોનું ઉડાઉપણું જોઈને લાગતું કે અહીં કોઈકનો બંગલો હશે; પણ બીજો જ ક્ષણે ખાતરી થતી કે આવાં દૃશ્યો જોઈને જ શહેરના બંગલાવાળાઓને આસપાસ ફૂલો ગોઠવવાનું સૂઝયું હશે. બંગલાની ચાર દિવાલો તો કુદરતના ખોળાથી વિખુટા પડેલા માનવી માટે જ હોય. અહીં તો કુદરતનો વિશાળ પ્રાસાદ છે. ચાર દિશા એની ચાર દિવાલો અને આકાશનો કટાહ એ એનો ગુંબજ. રાત પડે એ પહેલાં જ એ ગુંબજમાં ચંદ્રતારકાનો ચંદરવો નિયમસર તાણવામાં આવે છે. હવા બગડે છે ત્યારે એ ચંદરવો મેલો ન થાય એટલા માટે કોઈકોઈ વાર એના ઉપર વાદળાંનો પડદો ઢાંકવામાં આવે છે એ ખરું.

ફૂલો પ્રસન્નપણે હસતાં હતાં. કોને જોઈને હસતા હતા કોણ જાણે! અમે આવવાના છીએ એની સૂચના તો અમે આપી નહોતી અને સૂચના મળી હોત તો યે પોતાના શિકારીઓનું આગમન એમને વહાલું લાગત કે કેમ એ પણ એક સવાલ છે.

વચ્ચેવચ્ચે નાનીનાની ઝૂંપડીઓ, અને એ ઝૂંપડીઓનું અપમાન ન કરે એવા ચુનામાટીનાં ઘરો આવતાં હતાં. રસ્તાઓ અને મ્યુનિસિપાલિટીની સગવડ

વગરનાં આ ઘરો વનશ્રીની સાથે સુંદર રીતે મળી જતાં હતાં અને ત્યાંનું ગામડીઆ જીવન શોભાવતા હતા. ગોરાઓની ફોજી નોકરીમાંથી નિવૃત્ત થએલા ગોરખાઓ અહીં કુદરતના ખોળામાં નિવૃત્તિનો આનંદ અનુભવે છે અને પોતાનાં ઘરડાં પહાડી હાડકાંઓને આરામ આપે છે.

અમે આગળ ચાલ્યા. આગળ એટલે સીધા આગળ તો નહિ જ. પહાડી કેડીઓના ચક્રાવામાં તો જેમ પેસાય એમ પેસવાનું હોય છે. ડાબી બાજુ જવું હોય તો યે કોકકોક વાર જમણી વાટ લઈ એની ખુશામત કરતાં એને વાળવાનું હોય છે. ચંદન કહે છે 'આસપાસનું રૂપાળું દૃશ્ય અને આકાશના ક્ષણે ક્ષણે બદલાતાં દૃશ્યો પોતા તરફ ધ્યાન ખેંચે છે, પરંતુ એક ક્ષણ માટે પણ પગ તરફનું ધ્યાન ચૂકાયું તો પેલી પહાડી નદીના પત્થરાની માફક ગબડો જવાનું માથે આવવાનું.' અને એ વાત સાચી હતી. પગ તળે જેટલા મોટા મોટા પથરાઓ હોય તેમને માથે પગ દઈને ચાલીએ તો વિશેષ સુખ અનુભવાય છે. એ મોટા-મોટા પથરા સરખે અન્તરે શાના જ હોય? એટલે કોણ કયાં છે, કોણ આપણો ભાર માથે આવવા છતાં ડગે નહિ એવા ધીરોદાત્ત છે એની 'સર્વે' કરતાંકરતાં જ્યાં આગળ જવાનું હોય ત્યાં દરેક ડગલે આપણું ચિત્ત પરોવવું પડે છે. હાથમાં પુણી લઈ સુતર કાંતતી વખતે જેમ તસુતસુમાં આપણું ધ્યાન પણ કંતાય છે, તેમ આવી પહાડી યાત્રામાં ડગલે ડગલે આપણું ચિત્ત યાત્રા સાથે વણાય છે, અને તેથી જ યાત્રાનો આનંદ ઘટ્ટ થતો જાય છે.

હવે તો એક મોટી પહોળી નદી નીચે દેખાવા લાગી. જમણી બાજુની ખીણમાંથી આવી ડાબી બાજુએ બે શાખામાં એ વિભક્ત થઈ જતી હતી. સામી બાજુની ટેકરી ઉપરથી તારખાતાના થાંભલાઓએ પાંચસાત તારોની હાર છોડીને આ કાંઠે દૂર નીચાણમાં એ ઝીલી હતી. જાણે કોઈ બાળકે પોતાના હાથ અને પોતાની આંખો તણાય તેટલી તાણીને નદીની પહોળાઈ આટલી છે એમ બતાવવાનો પ્રયત્ન કર્યો હતો.

એ નદીના પટ પર થઈને બે ઝીણા પ્રવાહો કોઈ રાજવીના અસ્ત થએલા વૈભવની પેઠે ધીમેધીમે જતા હતા. પાણી તો બાળકોના હાસ્ય કે રીસ જેટલું જ નિર્મળ. થયું કે થોડુંક પાણી પેટમાં પહોંચાડીએ. પણ ત્યાં ધર્મદેવજીની રસિકતા આડે આવી. એમણે કહ્યું, 'પેલું સામે ઝરણું દેખાય છે એનું પાણી એક વખતે હું રોજ સવારે અહીં આવીને પીતો. ત્યાં જ જઈએ.' અમે ગયા, ત્યાં એક છોટી પહાડીની કેડ ઉપર એક નાનો સરખો ગોખલો હતો એમાંથી અમૃત જેવા ઝરણને નીકળી આવવાનું સૂઝ્યું હતું. કોઈ પરોપકારી માનવીને એ ગોખલા આગળ એક લાકડાની પરનાળ ગોઠવવાનું મન થયું એટલે અમને જલદાનનો સ્વીકાર કરતાં સહેલું પડ્યું. પાણી પીતાં પહેલાં પશ્ચિમ તરફ ઢળતા સૂર્યને એક મનોમય અર્ઘ્ય આપતાં હું ભૂલ્યો નહિ.

હવે તો જે દિશાએ સૂર્યકિરણો ફેલાતાં હતાં ત્યાં અમે ધીમેધીમે નદીના પટમાં ચડવા માંડ્યું. આગળ શું દેખાશે એની કલ્પના થતી ન હતી. નદીનો ઉગમ હશે, કે ઉપરથી પાણી ટપકતું હશે કે સહસ્ત્રધારાની પેઠે પાણીમાં ગંધક હશે, એવી અનેક કલ્પનાઓ મનમાં થતી હતી. એ ઝરણાના નામની પેઠે એનું રહસ્ય પણ અમારે માટે ગુહ્ય હતું. (ગુચ્છુ શબ્દ ગુહ્ય ઉપરથી આવ્યો હશે એમ મનાય છે.)

દૂર એક બખોલ દેખાતી હતી. ત્યાં સુધી પહોંચ્યા તો બધું જુદું જ નીકળ્યું. અહીં અમને ખબર પડી કે ગુચ્છુપાની એટલે શું?

જેમ પહાડને તોડીને રેલવે લઈ જવા માટે સુરંગ અથવા બોગદા ખોદાય છે તેવી જ રીતે એક આગ્રહી ઝરણાએ એ આખી ટેકરી આરપાર વીંધોને પોતાનો રસ્તો કાઢ્યો છે. ના. આ તો ખોટી ઉપમા અપાઈ. જેમ કોઈ કરવત લાકડાને કે પોરબંદરી પથરાને વહેરતી વહેરતી નીચે ઊતરે છે તેમ આ ઝરણાએ એક ટેકરી સીધી વહેરી કાઢી છે. આમાં યુક્તિ નથી વપરાઈ, કેવળ સત્યનો જ એ ખેલ છે. વજ્રકાય પાષાણોને વીંધીને નીર જ્યારે નીકળી જાય છે ત્યારે આશ્ચર્યચકિત થએલું મન સવાલ પૂછે છે કે સમર્થ કોણ? અડગ પહાડ અને એના પ્રાચીન પથરાની અભેદ્ય દિવાલ કે એક ક્ષણનો પણ વિચાર કર્યા વિના પોતાનું બલિદાન આપવા તૈયાર એવાં ચંચલ અને તરલ નીર?

એ વિવરમાં ઘુસતાં છાતીમાં જરા ધડધડ થાય તો આશ્ચર્ય નહિ, એટલું આશ્ચર્યકારી એ દૃશ્ય હતું. મોતના મોઢામાં પ્રવેશ કરવા જેવું એ સાહસ ગણાય.

અંદર ઘુસતાં મને તો ગીતાના અગિયારમા અધ્યાયના શ્લોકો યાદ આવવા લાગ્યા. છતાં પહાડ અને જળની શક્તિથી પોતાનું સામર્થ્ય વ્યક્ત કરનાર પ્રકૃતિમાતાના સ્વભાવ ઉપર વિશ્વાસ રાખી અમે અંદર પ્રવેશ કર્યો. સીમેન્ટમાં પથરા ચણ્યા હોય તેવી રીતે કાળા ધોળા અને લાલ ગોળમટોળ પથરાઓ એ ટેકરીના કુદરતી વજ્રલેપમાં ચણેલા હતા. અને પગ તળેના નાના નાના પત્થરો ઉપર થઈને જળનો નમ્ર પ્રવાહ પોતાનો વિજય બોલતો દોડતો હતો. માથું ઊંચું કરીને જોયું તો પાણીએ ટેકરી વહેરીને બનાવેલી ખાસી વીસ ત્રીસ ફૂટની બે દિવાલો પોતાના લાખો વરસના ઇતિહાસની સાક્ષી પૂરતી હતી. મારે બદલે કોઈ ભૂસ્તરશાસ્ત્રી અહીં આવ્યો હોત તો એણે એ પથરા ગ્રેનાઇટના છે કે સૅન્ડસ્ટોનના એ પહેલાં જોયું હોત; પછી દિવાલની ઊંચાઈ કેટલી છે, પાણીનો ઢાળ કેટલો છે, દરદસ વર્ષે આ પાણી કેટલું ઊંડું જાય છે એ બધાનો હિસાબ કરી આ કુદરતી સુરંગની આવરદા એણે નક્કી કરી હોત; અને કહ્યું હોત કે આ પર્વતીય પ્રવાહની આ રમત પચાસ હજાર કે બે લાખ વર્ષ સુધી ચાલતી આવેલી છે. બાજુની દિવાલમાં ફસાઈ પડેલા રંગબેરંગી પથરાઓ જોઈ એણે એમને એમની ઉમર પૂછી હોત અને એમને પકડી બેઠેલી માટીનું વજ્રલેપ સીમેન્ટ થતાં કેટલાં વર્ષો ગયાં હશે એનો હિસાબ કાઢી એણે ટેકરીની ઉમર પણ આપણને ગણી આપી હોત, અને જો એને કોઈ અહીં થઈ ગએલા ધરતીકમ્પનો ઇતિહાસ આપી દેત તો પોતાના ગણિતમાં તે પ્રમાણે ફેરફાર કરી નવા નિર્ણય પણ એણે આપણને આપ્યા હોત. એ વજ્રલેપ સીમેન્ટમાં ચામડાં જેવી કે ઝીણાં જાળાં જેવી વચમાં વચમાં ભાત કેમ પડી છે અને એમાં થઈને પાણીની સૂક્ષ્મ સેરો કેમ નીકળે છે એ પણ એણે આપણને કહ્યું હોત. ખરેખર નક્ષત્રવિદ્યા જેટલી જ આ ભૂસ્તરવિદ્યા પણ અદ્ભુત-રમ્ય છે. મનોવિજ્ઞાન કરતાં એની ખોજ ઓછી અટપટી નથી. આ ત્રણે વિદ્યા માનવીના બુદ્ધિબળનો વિલાસ છે.

અમે એ વિવરમાં દૂર સુધી ગયા. એક ઠેકાણે ઊંચે પણ ચઢવું પડ્યું. પાસે જ પાણીનો નાનકડો પ્રપાત થતો હતો. સહેજ આગળ ગયા ત્યાં પત્થર અને ચૂનાથી માણસે બાંધેલી બે દિવાલો જોઈ હું કેમે કરી મારું હસવું ખાળી ન શક્યો! માનવીએ માન્યું કે પહાડનું હૈયું વીંધી જનાર પાણીને બે દિવાલોથી આપણે અટકાવી શકીએ! મારો ભાવ સમજતાં વેંત પેલો વિજયી ઘોષ પણ મને કહે, 'અને હું પણ એ જ કારણે હસું છું.' પહાડનું ચીરાએલું હૃદય ભગ્ન છતાં, ભવ્ય દેખાતું હતું, જ્યારે માનવીની આ ભાંગેલી દિવાલ એના મનોરથની પેઠે જ તિરસ્કાર અને હાસ્ય ઉપજાવતી હતી. કોઈ ઉદ્દામ માણસને તમાચો મળે અને ફરી ગએલું એનું મોઢું બ્હીલું દેખાય તેવી આ દિવાલો ફરી વખત જોવાની ઇચ્છા પણ થતી નહોતી. કોઈની ફજેતીના સાક્ષી પણ આપણાથી લાંબા વખત સુધી કેમ થવાય?

જેમ અંદર જઈએ તેમ એ વિવરની શોભા વધતી જ જાય! એટલામાં એક મોટો પથરો એ બે દિવાલ વચ્ચે પડતો પડતો અટકેલો જોવામાં આવ્યો. ઉપર થઈને એણે મુક્કો માર્યો હશે અને પાસેની હેતાળ દિવાલોએ એને કહ્યું હશે, 'અલ્યા થોભ, પાણીની રમતમાં ભંગ પાડીશ નહિ.' શું કરે બિચારો! લટકતો ત્યાં ને ત્યાં જ ઊભો છે. ઊંધે માથે લટકતાં પાણીની રમત પરાણે જોયા જ કરવી એ એના ભાગ્યમાં લખ્યું હતું. એની દયા ખાતા આગળ જઈએ ત્યાં બીજો એક પથરો એવી જ રીતે લટકતો અને પોતાની પીઠ ઉપર પોતાથી ત્રણગણા મોટા પત્થરાનો ભાર વહેતો રોકાએલો દેખાયો. એની નીચે થઈને પણ અમે પસાર થયા. જો બાજુની દિવાલો જરા ઘસીને પહોળી થઈ હોત તો અમારાં હાડકાનાં કકડા શું, ચૂરા જ થઈ જાત અને બેચાર પળને માટે પાણીનો રંગ લ લ લાલ થાત. પછી તો કુદરત કહેત કે આપણને કશી ખબર જ નથી. ચાર માનવી અહીં આવ્યાં હશે અને પોતાની નવરી જિજ્ઞાસાની કિંમત એમણે આપી હશે. એ બીના થોડી જ ધ્યાનમાં રાખવા લાયક છે? એમના જેવા જ બીજા માનવી અહીં ફરી આવશે અને એમને પથરામાં દટાએલા કેટલાક અવશેષો જડશે એટલે ખરીખોટી કલ્પનાઓ દોડાવી એક દ પ્રકરણ ઊભું કરશે; બીજું શું?

અમે ચાલીને તો થાક્યા નહિ. પણ ઠંડા પાણીમાં પથરાઓમાં થઈને ઉઘાડે પગે ચાલતાં પગ દુખવા માંડ્યા અનો ઇન્કાર ન કરાય. પણ એ વિવર-

પ્રવેશની અદ્‌ભુતતા અનુભવતાં અનુભવતાં ધરાયા. જઓ જઈને અંદર કેટલું જવાય? આખરે આગળ જવાનો ઉત્સાહ મંદ પડ્યો. પણ મન કહેવા લાગ્યું, હાર ખાઈને પાછા કેમ જવાય? આટલે સુધી ગયા છીએ તે આરપાર ગયે જ છૂટકો. છેડો ન જુએ તો એ માનવી મન નહિ.

આગળ જતાં જરા પહોળી જગ્યા આવી ગઈ, ને પ્રવાહની ભીષણતા ઓછી થઈ ગઈ એટલે ડાહ્યા થઈને અમે માની લીધું કે હવે આગળનું દૃશ્ય મોળું મોળું જ હશે. ત્યાં ન જઈએ તો ચાલે. અમે પાછા વળ્યા. ફરી એ ને એ જ દૃશ્ય, એ ને એ જ ભીતિ; એ ને એ જ ઉત્કંઠા અને એ ને એ જ ભાવનાઓ!!

એ વિવરમાંથી બહાર નીકળતાં અમે ખાસી સોળ મિનિટ લીધી!!! મારા રિવાજ પ્રમાણે એ યાત્રાના સ્મારક તરીકે લીસા રૂપાળા બે પથરા મેં લીધા અને અમે અંધારામાં ઝાડીભર્યા રસ્તો કાપતાં પાછા ઘેર આવ્યા. મનમાં એકજ વિચાર ચાલતો હતો; સમર્થ કોણ? આ વજ્રકાય પ્રાચીન પહાડ કે આ નમ્ર છતાં આગ્રહી જીવનધર્મી સત્યાગ્રહી નીર?

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

ફોટોગ્રાફીની કળાનો અજબ કીમિયાગર આર. ભારદ્વાજ



કૅમેરા અને ફિલ્મો પર અજબ કાબૂ ધરાવતો આ તરુણ જુવાન હવે તો કોડાક કંપનીની ફિલ્મો વાપરતા દરેક સ્ટુડિયોનો પરિચિત મિત્ર બની ગયો છે. એકાદ નોકરને સાથે લઇ તે ગમેતેવા પણ કોડાકનો સામાન વાપરતા અજાણ્યા સ્થળે પહોંચી જાય છે; અને પોતાની ઓળખાણ આપી, જેવીતેવી ડાર્ક રૂમમાં જેતે કૅમેરાથી પોતાની પાસેની કોડાક ફિલ્મ પર છબી ઉતારી, ભર ઉનાળાની ગરમીમાં બરફ વિના પોતાની જ ફૉર્મ્યુલાથી ફિલ્મ પર આબાદ નેગેટિવ ઉતારી હાથ ઘસતાં કચકારા કરતા તે બહાર લાવે છે ત્યારે ફોટોગ્રાફરો તાજુબીથી તેની કરામત નીરખી રહે છે. કોડાક કંપનીના તે દશક પ્રતિનિધિ છે.

કોડાક કંપની તરફથી પ્રતિનિયુક્ત કરી તેણે હજારો સ્ટુડિયોને ફિલ્મ વાપરતા કર્યા છે. હિંદુસ્તાનનાં ફોટોગ્રાફરો ભાગ્યે જ ફોટોગ્રાફીનું વિજ્ઞાન સમજી, તેનો કલાત્મક અભ્યાસ કરીને ધંધો ચલાવે છે; તેથી ગતાનુગતિક જે કાચ ને દવાઓ અથવા જે ફર્નિચર અને માણસની જે ગોઠવણી મૂળથી ચાલતી આવી હોય તે જ ચાલુ રાખે છે. તેમાં ફોટોગ્રાફીના ધૂમકેતુ જેવો એકાદ ભારદ્વાજ આવી ચડે ત્યારે એમને તો જાણે આસમાન ફાટ્યું હોય એમ જ લાગે છે.

શ્રી ભારદ્વાજ નથી માગતા ખાસ સગવડ, ખાસ લાઇટ કે નવો સામાન. ફોટોગ્રાફરના જ સ્ટુડિયોમાં બેસી, તેના જ સંગ્રહની દવાઓ જોખી, પોતાની ફૉર્મ્યુલાં પ્રમાણે ડેવેલપર તેના દેખતાં જ તૈયાર કરે છે; છતાં ફોટોગ્રાફરે કદી નહિ ધારેલું પરિણામ તે કુશળતાથી બતાવે છે અને ફોટોગ્રાફરને નવે ચીલે ચડાવે છે.

સ્ટુડિયોમાં, ઘરમાં, મેદાનમાં અથવા કારખાનામાં,—ગમે ત્યાં ભારદ્વાજને ફોટોગ્રાફી કરવા કહો તો તે તેના પ્રકાશનો અંદાજ મેળવી, નહિ ધારેલી એવી સરસ અચૂક છબી ઉપજાવી આપશે. તેની ફોટોગ્રાફીમાં રજેરજ ઝીણવટ હશે, અને તે સાથે એક પણ આકારનો ઉઠાવ જવા નહિ દે. સફેદ દિવાલ પર સફેદ વસ્ત્રોવાળું પાત્ર ગોઠવીને પણ તે કપડું, ભીંત કે ચશ્માંના કાચ જુદાં જ રહે એટલો બારીક હિસાબ ફિલ્મ પર ઉતારી લાવશે. કોડાક કંપની પોતાના પ્રયોગદર્શક પ્રવાસી તરીકે તેને નીમવામાં કંઇ કાચી નથી. તેના સારા પગાર ઉપરાંત રોજનું ભથ્થું અને મરજી પડે એટલી ફિલ્મો કે કાગળો તેના પ્રયોગ માટે ન્યોચ્છાવર કરવામાં તેણે માણસની પિછાન અને પસંદગી પૂરી કસોટીથી કરી છે.

એ ભાઇ તો લાહોરને એક ખૂણે નાનકડો સ્ટુ-

ડિયો ચલાવતા અને કોડાકની ફિલ્મ પર ફોટોગ્રાફી કરતા. કોડાક કંપનીના મૅનેજરને જણાયું કે એક તેના સ્ટુડિયોમાં જ ફિલ્મનો ઠીક વપરાશ થાય છે અને બીજે કેમ થતો નથી? તે પરથી ત્યાં જોવા ગયા અને તેના કામની વિવિધતા, સુરુચિ અને સંપૂર્ણતા જોઈને તેના પર એટલા મુગ્ધ થયા, કે તેનો સ્ટુડિયો બંધ રખાવી કંપનીના કામ પર લઈ લીધા. તેને ય ચારપાંચ વર્ષો થયાં અને હજુ તે એ જ કામ પર છે.

લાહોરથી ૧૧૦ માઇલ પર હોશિયારપુર જિલ્લામાં ખાડપંજાંગ તેનું વતન છે. થોડો વખત તેણે સીમલામાં કાઢ્યો હતો. ચિત્રો કાઢવાનો શોખ બચપણથી જ હતો; પણ તે સાથે ક્લાસના અભ્યાસમાં પહેલો બીજો નંબર રાખી શકતા. તેમના બીજા એક ભાઈ છે તે વતનમાં રહી જમીન સંભાળે છે, શ્રી ભારદ્વાજને પણ વતન તો ખૂબ પ્રિય છે એમ છતાં તેણે લગ્ન કરવામાં જુદું જ કર્યું હતું. લગભગ ૩૦ વર્ષે લગ્ન કર્યું અને તે પણ પોતાનાં પત્નીને પ્રથમ જોઈ પરસ્પર સંમતિ મેળવીને. આજે તેમને લગભગ ૩૬-૩૭ વર્ષ થયાં હશે.

ચિત્ર શીખવાના શોખથી તેઓ લાહોર આર્ટ સ્કૂલમાં જોડાયા ને મિ. ચુગતાઇના હાથ નીચે તાલીમ લીધી. એ વખતે સ્કૂલમાં ફોટોગ્રાફીની ગોઠવણ હતી, પણ વર્ગો નિયમિત નહોતા; છતાં સ્વપ્રયાસથી તે શીખી લીધી. તેમાં કેમિસ્ટ્રી, લાઇટશેડ, કલરિંગ, ડ્રૉઇંગ વગેરેનું યથાર્થ જ્ઞાન મેળવી લીધું. તેની વિવિધ લાયકાતથી આર્કીઑલૉજિકલ ખાતામાં નોકરી મળી, પણ તે ન ગમી અને સ્ટુડિયો કર્યો. ત્યાંથી જ કોડાકના જનરલ મૅનેજર મિ. નોબલે તેને પ્રવાસી દર્શક (ડેમૉન્સ્ટ્રેટર) બનાવ્યા.

હિંદુસ્તાન આખું ફરીફરીને તેણે ખૂબ ફોટોગ્રાફી કરી છે અને અનેક ફોટોગ્રાફરોનો પરિચય સાધ્યો છે; પણ તેણે સાચા ફોટોગ્રાફરો તો ત્રણ કે ચાર જ જોયા છે. તેમાં મલબારના એક કારકૂની કરતા સાદા ગૃહસ્થની તે વાત કરે છે કે માત્ર પાંચ રૂપિયાના કૅમેરાથી તેણે જે ચિત્રો તૈયાર કર્યાં છે તેવાં હજારોની કીમતના કૅમેરાવાળાઓ કરી શક્યા નથી.

શ્રી ભારદ્વાજને ફોટોગ્રાફીની તમામ કારીગરી, કરામતો, નુસખાઓ ને રસાયણક્રિયાઓ સુસાધ્ય છે એટલું જ નહિ, પણ યુરોપ–અમેરિકા ફોટોગ્રાફીમાં જે પરિણામો લાવી શકે છે તેવું જ કામ હિંદુસ્તાનમાં જરૂર થઈ શકે એમ એની ચુસ્ત માન્યતા છે. ગરમ પ્રદેશમાં ફોટોગ્રાફી સારી ન જ થાય એ વાતને તે નકારે છે અને તેણે પોતે ઘરમાં કે બહાર, ખરા પ્રકાશથી કે રોશનીથી, માણસો, પદાર્થો, ઘરેણાં, ફર્નિચરો વગેરે ભાતભાતની ફોટોગ્રાફી સંપૂર્ણ સફળતાથી કરી આપીને એ વાત સાબિત કરી બતાવી છે. ગયા વર્ષમાં ઑસ્ટ્રેલિયા ખાતે સિડનીના ફોટોગ્રાફિક સૅલૉંમાં તેને પહેલો સુવર્ણપદક મળ્યો એથી તેની શક્તિની યથાયોગ્ય કદર થઈ છે ને ભારતીય કળાનું ગૌરવ વધ્યું છે•

આંબો મસાણિયો . . . .

(અનુસંધાન પાછળ પૃ. ૫૯થી)

ભંગીને તો સ્ટેશને 'ડ્યુટી' પર જવાનું હતું એટલે આંબાને બાળવા એ જઈ શકે એમ હતું નહિ, પણ એનો દસેક વર્ષનો દીકરો હતો અને મ્યુનિસિપાલિટિના બીજા ત્રણ ભંગીની મદદ મળે એમ હતું; એ રીતે આંબાની સ્મશાનયાત્રાની વ્યવસ્થા થઈ.

લંબાઈમાં ત્રણ ઊંચાનીચા ભંગી અને ચોથો તદ્દન નાનો ઠીંગણો બટુક જેવો છોકરો, એટલે આંબાની નનામીના ચાર છેડા સરખા રહેતા નહોતા, પણ ઊંચાનીચા થતા હતા જે બાજુ છોકરો હોય એ બાજુ તદ્દન નમી જતી. છોકરો એને બને એટલી ઊંચે પકડતો પણ બિચારો થાકી જાય તો શું કરે? ત્યારે વળી કોઈ પાછળનો ભંગી એકાદ ગાળ દઈ હસતો હસતો કહે, 'ઊંચું ઝાલ, ઊંચું ઝાલ, જો, નીચો પડશે તારો કાકો . . . એ . . . તારા સમ . . . જો જો પડશે! અરે, અરે, મશ્કરી નહિ, સરખું પકડ! હાં, બોલ બોલ હે રામ શ્રી રામ, જપ રામ શ્રી રામ . . . જો . . . એય, ઇ બાજુ નમાવ મા. પડશે હો . . . તારા સમ.'

અને બધા ખડખડાટ હસી પડતા.

ઉમેદભાઈ મણિયાર

—વનવગડાનાં વાસી—

શુક અને સારિકા

[૨] સારિકા = મેનાં = કાબર



બધી મેનાંઓમાં સુકોમળ મધુર સ્વરવાળી કાળી મેનાં

સામાન્ય રીતે પંખીઓ પાળવામાં આવે છે, તે એમની વાણીને લીધે. જેટલું વધારે સારૂં 'બોલી' શકે, એટલું પંખી વધારે વખણાય. એમાં ય આપણી પેઠે વિચારપૂર્વક બોલતાં જેમને આવડે, એ પંખીની મહત્તા ઘણી ભારે લેખાય. એવા—સ્વયંસ્ફુરિત 'વિચાર'[૧] દર્શાવવાની વિદગ્ધતાને લીધે—જ પોપટ સર્વ પંખીઓમાં પ્રથમ પંક્તિનું પાલ્ય પંખી ગણાયો છે. એની વિચક્ષણતાનાં અનેકવિધ દૃષ્ટાન્ત આપી શકાય. એક વખત ઇંગ્લંડમાં પોપટની વાક્પટુતાની પરીક્ષા કરવા ભારે સમારંભ યોજવામાં આવ્યો હતો. ભાતભાતના પોપટ એમની કળાનું પ્રદર્શન કરી ગયા પછી છેવટે એક ઢાંકેલું પાંજરૂં પરીક્ષકો આગળ મૂકવામાં આવ્યું. એના ઉપરનું આવરણ દૂર કરતાંવેંત જ, આસપાસની વસતિને જોઇ, અંદરથી શુકદેવ ગરજી ઊઠ્યા: 'અહ્યા, આટલા બધા પોપટ શા?'[૨] એનો એકડો પહેલો ગણાયો, એ કહેવાની જરૂર છે?

આવી એની સ્ફુટ વકતૃતાનો પડછો કરનાર અન્ય કોઈ પંખી હોય તો તે મેનાં[૩], એકલી જ. બંનેના વાગ્વિલાસ પંખીસૃષ્ટિમાં અજોડ છે. પ્રાચીનતમ કાલથી ગૃહસ્થના ઘરનાં એ બંને ભૂષણ ગણાતાં આવ્યાં છે. એમના આવા નિત્ય સહચારને લીધે પોપટ અને મેનાં—શુક અને સારિકા—વરવધૂ પણ મનાયાં છે, એટલું જ નહિ પણ ક્વચિત્ તો એ પક્ષિયુગલના સ્થૂલ વિવાહનો વિધિ પણ આચરવામાં આવતો જોઇએ છીએ.[૪] આજે પણ ભારતવર્ષમાં સ્થળેસ્થળે મેનાં-પોપટની બેલડી પંજરાવસ્થા ભોગવતી નજરે પડે છે.

પોપટ જેવી જ સ્ફુટ વાચાથી મેનાં ઘણી વખત બુદ્ધિવાદ વહતી દેખાય છે. ન્યૂ યૉર્કના મ્યૂઝીઅમમાં એક મેનાં હતી. એને કોઇ ગમે તે કહે તો પણ એ સાંખી લેતી. માત્ર જો એને 'કાળી' કહી તો ભોંગ

---

૧ 'વિચાર' એટલે સારાસારની તુલના કરવાની શક્તિ. આવી શક્તિ મનુષ્યેતર પ્રાણીઓમાં નથી હોતી, એવી દૃઢ માન્યતા પ્રવર્તે છે છતાં ક્વચિત્ એવું માનવાનું કારણ પણ મળી આવે છે કે એવી કાંઇક શક્તિ ઓછાવત્તા પ્રમાણમાં કેટલાંક પ્રાણીઓમાં હોવી જોઇએ. પરંતુ આ વિષય વિવાદાસ્પદ છે. એટલે અહીં 'વિચાર' શબ્દ કેવળ ઔપચારિક રીતે વાપર્યો છે, તે એ રીતે કે, જેમ વિશિષ્ટ જાતનાં વાંદરાંમાં આવી શક્તિનો પરિચય થાય છે તેમ પોપટની સ્વયંપઠિત વાણીમાં પણ ક્વચિત્ વિચારના છાંટા જણાય છે. એ પૂરતાં એ બંને પ્રાણી 'વિચાર' કરી શકે છે એમ કહીએ તો ખોટું ન કહેવાય.

૨ 'By Jove, what a lot of parrots !'

૩ મેનાં તથા કાબર સ્ત્રીલિંગ નામો છે છતાં અહીં એમનો વર્ગવાચક શબ્દ તરીકે ઉપયોગ કર્યો છે.

૪ સરખાવો કાદમ્બરી: પૂર્વ ભાગમાં 'કાલિન્દી' સારિકા અને 'પરિહાસ' શુકના પરિણયનો ઉલ્લેખ.

મળ્યા સમજવા. તરત સામી ચોપડાવે કે 'તારો બાપ કાળો.'[૫] આવુંઆવું તો મેનાંઓ ઘણું બોલે છે. પણ પોપટ તે પોપટ. એની તોલે મેનાં ન આવે. કારણ એક તો પોપટ જેવી વિવિધ જાતો મેનાંની નથી હોતી. વળી પોપટ જેટલું વ્યાપક પંખી પણ એ ન ગણાય. પોપટ કરતાં એનો કંઠ વધારે શ્રુતિરમ્ય હોય છે, છતાં પોપટના જેટલી તીવ્ર સ્મરણશક્તિ એની નથી હોતી, તેમ જ પોપટ જેટલી સરળતાથી એ શીખી પણ નથી શકતી, એટલે પાળવા માટે સામાન્ય જનતા સહેજે મેનાં કરતાં પોપટને વધુ પસંદ કરે છે. ઉસ્તાદોની વાત નોખી છે.

મેનાં એ સંસ્કૃત મદનાનું ભ્રષ્ટ રૂપ છે. એનું બીજું નામ સારિકા. આપણે જેને 'કાબર' કહીએ છીએ એ પણ 'મેનાં' જ. આજે પણ ઉત્તર ભારતમાં આ વર્ગનાં બધાં ય પંખી 'મેના' એવા વર્ગવાચક નામે ઓળખાય છે.


મેનાં એ ચકલીના વર્ગનાં[૬] પંખી છે. પક્ષિવિજ્ઞાનની દૃષ્ટિએ એમના બે વિભાગ પાડી શકાય. પહેલો વિભાગ 'બોલતી' મેનાંઓનો: Talking Mynas અથવા Grackles. એ વર્ગનાં બધાં ય પંખી મોટે ભાગે ચળકતા કાળા રંગના દેહવાળાં હોય છે. એમનાં માથાં ઉપર ડાબી–જમણી બાજુએ (લમણાં ઉપર) વાળ વગરની ઉઘાડી પીળી ચામડીનાં લાખાં (Wattles) હોવાથી એ સહેજે ઓળખાય છે. એમનો કંઠ લલિત સુકોમળ અને હળવો હોઇ બોલવામાં સર્વોત્કૃષ્ટ મેનાંઓ આ જ વંશની નીવડે છે, એટલે પાળનારના મનથી એમની કીમત ભારે ગણાય છે. આ પંખી મુખ્યત્વે ગીચ ઝાડીવાળા પ્રદેશનાં જ રહેનારાં હોવાથી ઉત્તર ગુજરાતમાં નજરે નથી પડતાં.

બીજો વિભાગ આપણી કાબરોનો. એમનાં શરીરનો વર્ણ કાબરચીતરો (कर्बुर), વિવિધ વર્ણના મિશ્રણવાળો, મુખ્યત્વે ધૂમાળો હોય છે. વળી એમના શિર ઉપર કોઇ પણ જાતનું લાખું નથી હોતું. આ જાતનાં પંખી ભારતવર્ષમાં પ્રત્યેક સ્થળે—પહાડ, જંગલ પાદર તથા ભર વસતિમાં પણ આરામથી રહેતાં દેખાય છે. આ મેનાંઓ પણ વિવિધ અનુકરણ કરી શકે છે, છતાં એમના કંઠની કર્કશતા અને તીણાપણાને લીધે એ પંખી પ્રીતિભાજન નથી બની શકતાં.

કાળી મેનાં
(૧)

ઉપર જેની વાક્છટાની વાત કરી તે મેનાં આ જ જાતની હતી. બધી મેનાંમાં અત્યંત સુકોમળ અને મધુરસ્વરવાળાં હોવાથી આ પંખી પાળવા માટે શ્રેષ્ઠ ગણાયાં છે. તે ઉપરાંત વન્ય દશામાં પણ અનેકવિધ બોલીઓનાં અનુકરણ સહેજે કરી શકતાં હોવાથી, એમને માણસની બોલી બોલતાં શીખવવાનું અત્યંત સરળ થઇ પડે છે.

એનું અંગ્રેજી નામ The Southern Grackle.[૭] કદમાં કાબર જેવડું, પણ અત્યંત નાજુક. એનો સમગ્ર વર્ણ કાળો, લીલા અને વાદળી રંગની આભાવાળો. મસ્તક ચળકતા રંગે. એના પર ઉઘાડી પીળી ચામડીનાં લાખાં. ચાંચ નારંગી રંગની. પગ ચળકતા પીળા.



કાળી મેનાંના માથાનો વિગતવાર પરિચય આપતું ચિત્ર

આહારમાં મુખ્યત્વે વનસ્પતિ, છતાં ઉધાઇ કે તીડગોલ્લાં જેવાંને પણ ચપાટી જાય છે. વસંતઋતુ એમનો પ્રજનનકાળ. એ વેળા ઝાડની બખોલમાં સૂકાં પાન, ઘાસ, કચરો, સાપની કાંચળી, પીંછાં વગેરેનો પથારો

૫ 'So's your Ol'man !'

૬ Passer. આ 'પૅસર' પંખીઓનો પરિચય સરળ બને એ ખાતર એના કેટલાક અર્ધશાસ્ત્રીય વિભાગ પાડવામાં આવ્યા છે. દા. ત. પહોળી મોંફાડવાળાં પંખીઓનો એક વિભાગ, (Fissirostres). ઝાડના થડ પર ચડી શકે એવા પગવાળાં પંખીઓનો બીજો વિભાગ (Scansores). વળી નરમ સુકોમળ ચાંચવાળાં પંખીઓનો સ્વતંત્ર વિભાગ (Tenuirosters). તેમજ ચાંચને છેડે 'નખ'વાળાં પંખીઓનો વિભાગ (Dentirostres) છેલ્લો વિભાગ જાડી કઠોર ચાંચવાળાં પંખીઓનો (Conirostres. કાબર અને મેનાં આ વિભાગનાં પંખી ગણાય. એમનાં અન્ય સમાનધર્મી તે કાગડા અને મહાલાત, ચકલાં તથા ચંડોળ વગેરે.)

૭ Eubales religiosa

કરી, તે પર ચળકતા ઘેરા વાદળી રંગનાં અને ઓછા-વત્તા રતુમડા ડાઘવાળાં ૨ થી ૩ ઈંડાં મૂકે છે.

કાબરની પેઠે એ ટોળે વળીને રહેતાં નથી તોય ક્વચિત્ પાંચસાત ભેગાં ફરતાં પણ દેખાય. જંગલ-નિવાસી છે એટલે ઉત્તર ગુજરાતમાં જોવા નથી મળતાં.

(૨)

એની અન્ય એક જાત હિમાલયની તળેટીમાં રહે છે. એનું નામ Indian Grackle[૮] આ પહાડી મેનાં પણ બોલવામાં ભારે ઉસ્તાદ હોવાથી રસિકજન એના ઉપર ફિદાફિદા થઇ જાય છે. પંજરાવસ્થામાં પણ એ ખૂબ આનંદથી મ્હાલતી લાંબું આયુષ ભોગવે છે. અન્ય પંખી પેઠે એને આહારોપાદનની ભારે ખટપટ કરવી નથી પડતી. ભાત, કેળાં, ગમે તેથી એને ચાલે છે. રૂપેરંગે ઉપરની મેનાંને મળતી આવે છે.

'બોલતી મેનાં'ની બીજી થોડી જાતો ભારતવર્ષમાં કહીંકહીં નજરે પડે છે, પરન્તુ એમનો વસવાટ વિરલ સ્થળે હોવાથી એ સામાન્ય પંખી ન ગણાય.

સંસ્કૃત સાહિત્યમાં જે સારિકાનાં વર્ણન છે તે પંખી આ બેમાંની એક જાતનું હોવું જોઇએ.

કાબરચીતરી મેના

(૧) વૈયાં

'અબોલ મેનાં'—એટલે કાબરો—માં પ્રથમ આવે વૈયાં અથવા ગુલાબી મેનાં: Rosy Pastor અથવા Rose-coloured Starling.[૯] અનાજના પાકને મહાન ઉપદ્રવ કરનારૂં આ પંખી વળી Jowari Bird એવા યથાર્થ નામે પણ ઓળખાય છે.

દેખાવમાં કાબર જેવડું અને જેવું, પણ માથા ઉપરના ફૂલાવેલા કે ઉભા કરેલા વાળના જથ્થાને લીધે આ પંખી ઝટ ઓળખાય છે. એનું માથું, ગરદન, છાતી, પાંખો અને પૂછડી શ્યામ વર્ણનાં: વાદળી રંગની છાયાવાળાં. શરીરનો બાકીનો ભાગ ગુલાબી રંગનો. ચાંચ ગુલાબી કે લાલ. પગ મેલા બદામી.

બધા કાબરોમાં સૌથી વધારે 'વગડાઉ' કોઇ હોય તો આ ગુલાબી મેનાં જ. વળી બધી મેનાંઓમાં કોઇનાં મોટાં ટોળાં દેખાતાં હોય તો પણ આ વૈયાંનાં જ;



વૈયાં અથવા ગુલાબી મેનાં

૨૫ કે ૫૦થી ૧૦૦-૨૦૦ જેટલાં, ક્વચિત્ તેથી યે મોટાં. એટલે, જે ખેતર પર પડયાં તેમાંના પાકનો તો ઘાણ જ કાઢી નાખે. શીઆળામાં પીલુનાં બીજ ખાવા એ વગડાનાં ઝાડ ભરી નાખે છે. પાંદડાં આડે લપાતાં છૂપાતાં એકેક ઝાડમાં ૧૦૦-૧૦૦ પંખી પણ સમાતાં નથી. એ વખતનો એમનો કકળાટ ફફડાટ કાગડા કે પીંજારાંને પણ શરમાવી મૂકે છે. અનાજ અને જંતુ એમનો આહાર હોવાથી એમને ખેતીનાં ઉપકારક ગણવાં કે અપકારક, એ સમસ્યા થઇ પડે છે; છતાં જ્યારે તીડ પડે છે ત્યારે એ મહામારીનો વિનાશ કરવામાં વૈયાં મોખરે રહેતાં હોવાથી એમની એટલા પૂરતી ઉપકારકતામાં શંકા નથી.

વરસનો મોટો ભાગ એ નજરે પડે છે, છતાં વૈયાં આપણા દેશનાં સ્થાયી વાસી નથી ગણાતાં. જુલાઇની અધવચ્ચે એ યુરોપ અને એશિયાના મધ્ય પ્રદેશમાંથી ટોળે વળીને ભારતવર્ષમાં ઊતરી પડે છે અને મે મહિનાની આખર સુધીમાં પાછાં ઘરભેળાં થઈ જાય છે. એ રીતે તે આપણે ત્યાં ન દેખાતાં હોય તો માત્ર મહિનો દોઢ મહિનો પૂરતાં જ. પરંતુ આ સંબંધમાં હજુ અવલોકનની પૂરી જરૂર છે. વખતે આ પંખી કોઇ કોઇ સ્થળે સ્થાયી નિવાસ પણ કરતાં હોય.

(૨) તેલિયા મેનાં

જેવાં વૈયાં યાયાવર પંખી છે એવી જ બીજી એક

---

૮ E. Javanica intermedia

૯ Pastor roseus




તેલિયા મેનાં

યાયાવર મેનાં શિયાળામાં આપણે ત્યાં આવે છે. એનું નામ તેલિયા મેનાં: અંગ્રેજીમાં The Starling કે Finch's Starling.[૧૦] એનું સમગ્ર શરીર ચમકતા કાળા રંગનું એને પીંછેપીંછે અક્ષત જેવા ઝીણા પીળા લીસોટા કે તિલ રેખા. એને લીધે ઉત્તર ભારતમાં એ નકશી તેલિયા પણ કહેવાય છે. એની ચાંચ ભેંસના શીંગડાના જેવા મેલા રંગની અને પગ ઘેરા બદામી હોય છે.

કદમાં કાબર જેવડું પણ દેખાવે નમણું લાગતું આ પંખી સાઇબીરિયા અને મધ્ય એશિયાનું વતની છે. શીઆળો બેસતાં (લગભગ દીવાળી ઉપર) એ આપણે ત્યાં આવે છે અને વસંતના આરંભે પાછું સીધાવી જાય છે. ઉત્તર ગુજરાતમાં નદી તળાવ જેવાં જળાશય પાસે એ ઘણે સ્થળે નજરે પડે છે. મહી-સાગરનાં કોતરમાં તો એ પંખી ડગલે ડગલે રઝળતાં દેખાય છે.

(૩) બામણી મેનાં

'શિખા' રાખવી એ હિંદુપણાની નિશાની છે: એમાં પણ એ ચિહ્ન તો બ્રાહ્મણને માથે ફરજીઆત હોવું જોઇએ. આવા જ કોઇ તર્કને પ્રતાપે એક વિશિષ્ટ જાતની કાબરનું નામ, એના શિર પરથી લટકતી મંજરીને લીધે, 'બામણી' મેનાં પડ્યું છે. એના એ ચિહ્નને દર્શાવવા તેનું અંગ્રેજી નામ[૧૧] (The



બામણી મેનાં

Black-headed Myna) પૂરતું નથી. કારણ, ઘણી મેનાં કે કાબરોનાં માથાં 'કાળાં' હોય છે: પરંતુ જેને શિરે કલગી કે છોગા જેવી, પીઠ પર લટકતી પીછાંની ચોટલી હોય તેવી તો આ 'બામણી' એકલી જ. એને ઓળખવાની નિશાની પણ એ 'ચોટલી' જ.

એનું કપાળ, ગરદન, માથું બધાં શ્યામ વર્ણનાં. માથા પર ચળકતા કાળા રંગની ચોટલી. બંને લમણાં, ગરદન, દાઢી, છાતી અને પેટ સુંદર ગુલાબી રંગનાં. પાંખોમાં કાળા અને ભૂખરા રંગનું મિશ્રણ દેખાય. ચાંચ પીળી, પગ ચળકતા પીળા.

રંગમાં બહુ દીપી નથી નીકળતી; પણ નાજુક અને બધામાં રૂપાળી કાબર આ જ.

આપણે ત્યાં પ્રત્યેક સ્થળે એ વસે છે. માત્ર ગીચ ઝાડી વાળા જંગલ પ્રદેશમાં નથી જોવામાં આવતી. જમીન ઉપર તેમજ ઝાડમાં એને સરખું ફાવે છે. એનાં મોટાં ટોળાં નથી બંધાતાં તેથી તેમજ એના મજાના મીઠા ધીરા કંઠને લીધે એ કદી યે અણગમતી નથી બનતી. મેથી જૂન સુધીમાં એના માળા નજરે પડે છે. માળા એટલે ઝાડની બખોલ—ક્વચિત્ જીર્ણ મકાનનાં બાકોરાં—માં ઘાસપાંદડાંની પથારી અને એ ઉપર મૂકેલાં ૩-૪ ઈંડાં.

ભારતવર્ષનું એ સ્થાયી અધિવાસી ગણાય.

(૪) કાબર

દેશી મેનાં, ગોરિકા.[૧૨] એવાં વિવિધ નામથી ઓળખાતું આ પંખી કોને અજાણ્યું હશે? ચકલાં, કબૂતર અને કાબર: આ ત્રણથી બચ્યો એને ભાગ-

૧૦ Sturnus vulgaris polt'skii

૧૧ Temenuchus pagodarum

૧૨ Common Myna; Acridotheres tristis tristis

વાને બચાવ્યો માનવો. કારણ મનુષ્યનો સહવાસ જેમને અત્યંત પ્રિય છે એવાં સામાન્ય પંખી આ ત્રણ જ. જ્યાંજ્યાં માણસે નવા વસવાટ કર્યા છે ત્યાંત્યાં બધે આ ત્રણે મહામારીઓ (!) આગળની આગળ જ હોય છે. ત્રણે એકસરખાં બેવકૂફ. ત્રણેના સ્વરની કર્કશતા અને અવિશ્વસનીયતા એકસરખી. રીઝે ત્યારે આછા ધીરા કોમળ સ્વરે કૂજન કરી રીઝવે; બેકે ત્યારે કલબલાટથી માથું પણ પકાવી નાખે. માળા બાંધવામાં પણ ત્રણે સરખાં બેપરવાહ. ગમે તે સ્થળે, ગમે તેટલા અસ્થિર આધારે એ માળા બાંધશે. માળા વીખરાઈ જાય, ઇંડાં ફૂટી જાય, છતાં એ ને એ સ્થળે માળા બાંધવાનાં તે બાંધવાનાં જ. એક વરસ અમારા ઘરની પાસે ધાબાનું પાણી જવાના નળમાં કાબરો માળા બાંધતી હતી. આખો દિવસ માળા બાંધી થાકી જાય, પરંતુ રાત્રે વરસાદ આવે એટલે નળમાંના માળા ધોવાઇ નીચે પડે! છતાં સવારે પાછા ત્યાં જ માળા બાંધવામાં એ કાબરો મશગૂલ બની જતી. એમની નજર સામે જ પાણી ભેગો માળો ધોવાઇ જતો દેખાય, તોપણ એ જ તણખલાં ડાંખળાં ઊપાડી વરસતા વરસાદમાં એ જ નળમાં પાણીના વેગ સામે પ્રવેશ કરવા મથતી હું જોતો. આવાં બેવકૂફ પંખીની ઓળખાણ કરવાનો શો અર્થ? અને ઓળખાણ કરવાની જરૂર પણ શી છે? કારણ કાબર સમગ્ર ભારતવર્ષનું પરિચિત પંખી છે. સ્વભાવે જમીન ઉપર જ રહેનારું હોઇ એનો આહાર મુખ્યત્વે જંતુ છે. ક્વચિત્ ઝાડ પર પણ બેસતાં ચરતાં નજરે પડે છે. એમનો સ્વર કઠોર અને તીણો છતાં એની અનુકરણશક્તિ જેવીતેવી નથી. એક વખત એક પોપટના જોડાને ગેલ કરતું જોઇ એક કાબરે એમની બોલીની એવી તો આબાદ નકલ કરેલી કે હું પૂરો છેતરાઇ ગયો હતો. એમના આ ગુણને લીધે એ પંખીને પાળનારા પણ ઘણા પડ્યા છે.

મે થી ઑગસ્ટ સુધીનો કાળ એમની સંતાનોત્પત્તિને અનુકૂળ હોય છે. એમનાં ઇંડાંની સંખ્યા ૪-૫. બધાં એકસરખાં વાદળી રંગનાં.

(૫) ઘોડા કાબર

છેલ્લી આવે ઘોડા કાબર. એને 'ગંગા કાબર' પણ કહે છે. દેખાવે અને કદમાં આપણી સામાન્ય કાબર



કાબર

જેવી લાગતી છતાં ભૂખરાં શરીર અને નારંગી ચાંચ તથા પીળા પગ અને કાળી પાંખોથી સહેજે ઓળખાઇ જતી આ કાબર આપણાં રેલવે સ્ટેશનો પર પ્લૅટફૉર્મનાં છાપરાંમાં એમના અડ્ડા જમાવે છે અને ભારે ત્રાસ રૂપ થઇ પડે છે. નીચેથી ભખભખ કરતાં એન્જિન જતાં હોય, બંદૂકના ભડાકા કરી એમને ઊડાડી મૂકવાના પ્રયત્ન થતા હોય, છતાં આ કાબરો એમનો વસવાટ છોડતી નથી. દિવસના ટોળે મળીને એ રહે છે અને રાતે પણ એક જ ઝાડ પર ટોળે વળીને ઊંઘે છે. છતાં નવાઇની વાત તો એ છે કે એમને માળા બાંધવા માટે ભીંત, છાપરાં કે ઝાડ કામ નથી લાગતાં પણ નદી તળાવની ભેખડો જ શોધવી પડે છે! એથી તો એમનું અંગ્રેજી નામ The Bank Myna[૧૩] રાખવામાં આવ્યું છે. નદીની ભેખડમાં પાંચપચાસ કાબરો ભેગી થઇ માળો બાંધે છે. શાહીબાગમાં કૅમ્પના મેદાન સામે સાબરમતીની એક જ ભેખડમાં એક વખત મેં ૭૫ જેટલા 'માળા' જોયા હતા. આવાં સમૂહવાસી છતાં દરેકનો માળો સ્વતંત્ર. ૨' થી ૭' જેટલા ઊંડા દરને તળીએ ઘાસ બિછાવી તે ઉપર ૩ થી ૫ ઈંડાં મૂકે છે. ગ્રીષ્મ ઋતુ એમનો પ્રજનનકાળ.

ભારતવર્ષમાં આ મેનાં પણ સ્થાયી રહેનારી છે. એની કર્કશ વાણીથી એ પાળવા યોગ્ય નથી ગણાઇ.

૧૩ A. Ginginianus

વનેચર

કોઇ રાહબર નહિ, નિર્દેશક નહિ; જીવનની સહેજસરખી તમા નહિ, આફતની પરવા નહિ;— આવી સ્થિતિમાં, શરૂઆતમાં જ્ઞાન મેળવવાની પિપાસાથી અને પાછળથી દેશ ખાતર જાન નિસાર કરવાની તમન્ના દિલમાં ભરીને કરેલી

મારી સફર

[૧૯]

બરેલી · રામપુર · આલમોડા

બરેલીમાં કૉલેજ છે. એક લાખ ઉપરની વસતિનું શહેર છે. બળવા પહેલાં નવાબી હતી. 'એશોઆરામ' અથવા 'વિલાસ'નું સાચું સ્વરૂપ સમજવું હોય તો બળવાની આસપાસનાં વર્ષોની નવાબીનો ઇતિહાસ વાંચવો. લખનઉનો વાજિદઅલી શાહ બધાનો શિરમોર હતો. એના તુક્કાની, એનાં અડપલાંની, પારિસના ફૅશન–શોધકોની પેઠે, બધે નવાબીમાં નકલ થતી. લખનઉ, અયોધ્યા, બરેલી, રામપુર આ બધાં એક સીમાડાનાં નવાબી રાજ્યો. એશઆરામમાં એકએકને ટપી જાય. વાજિદઅલી શાહ બળવામાં પકડાયો અને કોઇએ તેની 'નજાકત' જોઇને કટાક્ષમાં કહી દીધું કે 'આનું મોત કેમ થશે?' નવાબ સાહેબ સમજ્યા નહિ. બોલી ઊઠયા, 'કોઇ પરેશાની નહિ. મેલું ભરેલા ટોપલા મારી પાસે થઇને લઈ જાય તો તેની વાસથી હું મરી જઇશ.' આ ઐતિહાસિક સત્ય છે વાજિદઅલી શાહે દુર્ગંધ કેવી હોય તે જાણ્યું નહોતું.

બળવા વખતે બરેલીના ખાંસાહેબો જાગ્યા કે હેં...અંગ્રેજોએ લખનઉ જીત્યું? પડયો હોકારો. હથિયારો તો મળે નહિ. જાણે અહિંસાનો પેગામ આવવાનો હોય તેમ નિઃશસ્ત્ર થઇને બેસી ગએલા. જેને જે મળ્યું તે લઇને લડવા નીકળ્યા. પાવડા ને કોદાળી, લાકડીઓ અને વાંસના ડંડા; જૂની કટાએલી તલવારો જેના હાથમાં હોય તે તો પોતાની મેળે જ પોતાને સર્વોચ્ચ સમજી લેતો. સામેથી આવે અંગ્રેજ ઘોડેસવારો કે પેદળ. સંતાઇ રહેલા એ વીરો તૂટી પડે. જેમ જાદૂના માર્યા ઢળી પડે તેમ ગોળીઓથી વિંધાઇને જમીન પર ઢગલો થઈ જાય. આ રીતે લડતાં ખપ્યા અને અંગ્રેજોએ બરેલી હાથમાં લીધું. હિંદુઓએ આ વખતે 'મુસ્લિમભાઇઓ ખાતર' સેંકડો જાન દીધા.

હું બરેલી ગયો ત્યારે મને એ લખનઉનું નાનું બચ્ચું હોય એમ લાગ્યું. બોલવામાં નવાબી નજાકત. ચાલવામાં એ જ ઢંગ; કપડાં પહેરે તેમાં પણ એ હાલહવાલ. જોકે ચૂલો અને હાંડલાં બિચારાં રોતાં હશે કે આ બધી ઢબછબમાં તો નવાબી, પણ દુર્ભાગ્ય અમારાં જ કે બધાનું વળતર અમારી પાસેથી લેવાનું. ઈદ સિવાય મુર્ગીની ટાંગ જોવા નથી મળતી.

મારા મિત્ર પંડિતજી ઘેર નહોતા. હું તેમની રાહ જોઇને બેસી રહ્યો. છેક સાંજે તેઓ આવ્યા. ખાસ કામ હોવાથી રાતે જ અમે રામપુર ગયા.

રામપુર નવાબી રાજ છે. હાલના નવાબ યુવાન અને ભાવનાશાળી વ્યક્તિ છે. તેમના પિતા વાજિદઅલી શાહનો બીજો નમૂનો હતા. સ્વ. હકીમ અજમલખાનની ખ્યાતિ સાંભળીને પૌષ્ટિક પાકો બનાવવા તેમને શાહી હકીમ બનાવેલા. પણ હકીમજીને એમની પ્રવૃત્તિ નહિ રૂચવાથી સંબંધ ટકયો નહિ. જનાનખાનામાં સો ઉપરાંત બીબીઓ હતી. અને તેમને માટે કિલ્લામાં ખાસ જનાના મહેલ બંધાવેલો તે તરફ કોઇ પુરુષાકારે જતું માલૂમ પડે તો ગોળી મારી દેવાનો હુકમ હતો. નવાબસાહેબ એટલા આરામપ્રિય કે મહેસૂલ ઉઘરાવવાની અને તે માટે અમલદારો રાખવાની ઉપાધિરૂપ વ્યવસ્થા કોણ કરે? લગભગ અપાય તેટલાં બધાં ગામો ઠેકે (ઇજારે) આપી દીધેલાં. દર વરસે અમુક રકમ આપવી. ઇજારદાર પછી ગમે તે રીતે ખેડૂતો પાસેથી કર વસૂલ કરે. પંડિતજીના પિતાજી પણ આવા એક ઠેકેદાર હતા. બે ગામ ઠેકે રાખેલાં.

રામપુરમાં એ વખતે ખરેખરી નવાબી ખીલેલી. શહેરમાં ૯૦ ટકા મુસલમાનોની વસતિ છે. એમ જ માલૂમ પડે કે કોઇ મુસ્લિમ પ્રદેશના મુસ્લિમ શહેરમાં આવ્યા છીએ. હિંદુસ્તાનમાં આ પ્રદેશ જેવો પડછંદ પ્રદેશ બીજે ભાગ્યે હોય તો! પાણી દૂધ જેવું. કદાવર, પુષ્ટ અને અલમસ્ત માણસો અહીં જોવા મળે. ગામડાં તો જાણે હરિયાળી કુંજો. ઘાસ બારે

માસ લીલું મળે. ભેંશનાં દૂધ ગીરની ભેંશોને શરમાવે એવાં. ઠેકેદારોના જુલમથી ગામડાં ગરીબીનાં ઘર બન્યાં હતાં, જ્યારે રામપુરમાં આઝાદી સ્વચ્છંદતાની બહેનપણી બનીને બેઠી હતી. રસ્તે ચાલતાં કોઇને ધક્કો વાગી ગયો હોય તો છરીઓ કાઢીને લડવા બેસે. પ્રતિસ્પર્ધી ટોળીઓનો પાર નહિ. રોજ બે પક્ષો કોઇ ને કોઇ જગ્યાએ લડયા જ હોય. ઘણી વખત તો ભર બજારમાં મારામારી ચાલે ને નવાબની મોટર આવે તો લડાઇ ખતમ થતાં સુધી ઊભી રહે.

ગુંડાગીરીમાં પણ રામપુર પૂરું. છૂપીરીતે કોકીનનો વેપાર આખા દેશમાં રામપુરીઓ કરતા હતા હથિયારો પણ જોઇએ તેટલાં પૂરાં પાડે. નવાબ ગુજર્યા પછી હાલના યુવાન નવાબે આ બધું બંધ કરાવ્યું. ઠેકેદારી પદ્ધતિ પણ બંધ કરી. આથી ત્યાંનો મુસ્લિમ વર્ગ છંછેડાયો અને તેને રાજકીય પટ દઇને એક આંદોલન ખડું કર્યું. દેશનાં છાપાંઓ અને નેતાઓએ સમજ્યા વિના તેમની તરફેણ કરી. ખરું તો નવાબ પોતે સુધારાપ્રિય હતા. પાછળથી આવી કનડગત થતાં કઠોર બની ગયા. મર્હૂમ નવાબની બધી બીબીઓને કહી દીધું કે જેને પુનર્લગ્ન કરવું હોય તેને છૂટ છે.

રામપુરમાં દેશી કારીગરો બંદુકો અને તમંચા બનાવે છે એવી ખબર મળી હતી. મેં પંડિતજીને કહ્યું કે એકાદ તમંચો મળે તો લઇએ. પંડિતજી એટલે રામપુરના પટેલ. કોઇ બદમાશ એનાથી છૂપો નહિ. રસ્તે જતાં જ 'આદાબ પંડતજી!'કહીને એક ફક્કડ મિયાંએ સલામ ભરી. પંડિતજીએ ખરખબર પૂછ્યા પછી તેને કહ્યું, 'એકાદ ચીજ જોઇએ.'

'વખત તો જુઓ છો જ. આ છોકરા નવાબે બધું બગાડી માર્યું છે. મોટાં ચાકુ બનાવવાની પણ બંધી કરી દીધી છે. કદાચ પકડાઇએ તો તો મૂઆ જ. ઠેરઠેર ગુપ્તચર ફરે છે. પણ તમે તો ઘરના માણસ. જોઇશે તો આપીશ.'

બીજે દિવસે અમે એ ભાઇને ત્યાં ગયા. તેણે ડેલામાં ખાટલો નાખી આપ્યો. બે તમંચા લઇને અમારા હાથમાં મૂકયા. રામપુરમાં જ બનેલા પણ જરા યે ખામી વગરના, ૩૮ આંકની ગોળીના હતા. પાંચ ગોળી ભરી શકાતી. મને શંકા થઇ કે કામ બરાબર આપતા હશે કે નહિ? મિયાંએ તરત જ તમંચો હાથમાં લઇ ધરતી દીવાલમાં બે ગોળી છોડી.

'હં, હં! કોઈ જોશે તો?' મેં કહ્યું.

'આ મહોલ્લામાં કોઇની તાકત નહિ કે અમારું બૂરું કરે!' મિયાંએ કહ્યું.

'હમણાં તો બહારગામ જવું છે. વળતાં લઇ જઇશું' આવો જવાબ આપીને પંડિતજીએ પતાવ્યું.

કલકત્તામાં આ રામપુરી ભાઇઓ પરદેશથી આવતાં હથિયારો છૂપી રીતે વેચવાનું કામ મોટા પાયા પર કરતા હતા. ચીનમાંથી કોકીનનો મોટો જથ્થો આ જ લોકો કલકત્તાના બંદરે ઉતારતા.

પાછા બરેલી આવ્યા. એક દિવસ રસ્તામાં મારો હાથ પકડીને કોઇએ કહ્યું: 'જોષીજી, આપ કહાંસે?' એ આલ્મોડાના મારા એક જૂના વિદ્યાર્થીમિત્ર હતા. કાશીમાં તેઓ હિંદુ વિશ્વવિદ્યાલયમાં અભ્યાસમાં મારા કરતાં વધતા હતા, છતાં સદ્‌ભાવપૂર્વક તેઓ મને ચાહતા હતા. મારી પરિસ્થિતિની મેં તેમને વાત કરી ત્યારે તેમણે આલ્મોડા આવવા આગ્રહ કર્યો. મારે આરામ જોઇતો જ હતો. હિમાલયનો એ પ્રદેશ પણ જોવાનો લોભ હતો. મેં તૈયારી કરી.

તેમની સાથે હું નૈનીતાલ ગયો. બરેલીથી કાઠગોદામ સુધી આગગાડી જાય છે. ત્યાંથી મોટરમાં નૈનીતાલ ગયા. નૈનીતાલ સુધી તો હિમાલયની તળેટી જ કહેવાય. છતાં તેનું સૌંદર્ય હિમાલયનું જ છે. ઊગતો સૂરજ તેનાં કંકુવરણાં કિરણો નાની મોટી ટેકરીઓ પર પાડે છે ત્યારે તેમાંનું સુષુપ્ત સૌંદર્ય હસતું હસતું ફૂટી નીકળે છે. ઢળતો સૂરજ તો ભૂમિતિનો રસિયો ચિત્રકાર હોય તેમ ટેકરીઓ પર અને ખાણોમાં પડછાયાની અવનવી આકૃતિઓ દોરતો દોરતો ક્ષિતિજ પર પહોંચે છે. આથમ્યાની અણી પર હોય ત્યારે એકાદ ઠીકઠીક ઊંચી ટેકરી પર ચડી જવું. ચારે કોર માથાની ટોચ કાઢીને પથરાએલી ટેકરીઓ હજાર હજાર ઘા ઝાલીને લોહી નીતરતા દેહે રણમેદાનમાં ઊભેલો વિજિત યોદ્ધો હત્યાનો પશ્ચાત્તાપ કરતો હોય એવી ભાસશે. જીતીને હારવાનું છે. પ્રાપ્ત કરીને ખોવાનું છે. જગત એ બાજીગરની દુનિયા છે એવો પાઠ ભણાવતી પ્રકૃતિ સંધ્યા આથમ્યા પછી સાચી સંધ્યાની સાધનામાં ગેબ થતી જોશો.

એક અઠવાડિયું નૈનીતાલમાં ગાળ્યું. આખી જિંદગી આ પ્રદેશમાં ગાળવાનો નિશ્ચય કરવાનું મન થઇ જતું હતું. આપણા પ્રાચીન આર્યાવર્તે આ પ્રદેશને સ્વર્ગ ગણ્યો છે! પણ પહેલાં જ્યાં જીવનની સાધનામાં મસ્ત એવા સંતોની કુટિરો હતી ત્યાં આજે વીજળીના દીવાથી પ્રકાશિત બંગલાઓ ખડા થાય છે.

અહીંથી આલ્મોડા જવાનું નક્કી થયું. નૈનીતાલ છોડવું નહોતું ગમતું પણ છૂટકો ન હતો. ત્યાંના આગેવાન શ્રી. ગોવિંદવલ્લભ પંતને મળવાની ઇચ્છા હતી. અચાનક તેઓ નૈનીતાલ આવ્યા. તેમની તબિયત ઠીક નહોતી છતાં મેં મિત્રદ્વારા પૂછાવ્યું તો ગમે તે વખતે ખુશીથી મળવાનું કહેવડાવ્યું. તેમને હું મળ્યો. ઘણા નેતાઓ જોયા હતા. તેમાં આ વ્યક્તિ તરફ મને વિશેષ સંમાન પેદા થયું. તેમની દેશદાઝ નિર્મળ અને સદાચારી જણાઇ. મને તેમણે આશ્વાસન આપ્યું.

નૈનીતાલથી આલ્મોડા જવા માટે અમે પગપાળા જ ચાલ્યા. ત્રણ દિવસ ગાળ્યાં. તે દરમિયાન પહાડી લોકોનો ઠીક પરિચય મળ્યો. મને તો એવું લાગતું હતું કે જાણે હું ગુણિયલ ગુજરાતીઓમાં આવી વસ્યો છું. હિમાલયનો પ્રદેશ સ્વર્ગ કહેવાયો છે, તો ત્યાંના આ પહાડી નિવાસીઓ પણ ખરેખર સ્વર્ગના વાસીઓ છે. તેમનામાં પાપનું નામ નહિ. ઘરને તાળાં મારવાનાં નહિ. કોઇની ચીજ મળે તો રસ્તે ઝાડ પર લટકાવી જાય. એ ત્રણ દિવસમાં કોઇ લઇ ન જાય તો પાસેના ગામના પટેલને ત્યાં જમે થાય. પ્રેમાળ પણ એવા જ. હું જ્યાંજ્યાં ગયો અને મને રાત રહેવાની જરૂર જણાઇ ત્યાંત્યાં જાણે તેમનો કોઇ પરિચિત મહેમાન હોઉં તેમ આવકાર મળતો હતો.

અહીંના બ્રાહ્મણો તો ખરેખર ગુજરાતનું જ ભાન કરાવે છે. તેમની અટકો જોષી, પંડ્યા, પંત, ત્રિપાઠી, ભટ્ટ એવી છે. વ્યવહાર અને આચારમાં પણ મળતા છે. પહાડી ભાષામાં કેટલા યે શબ્દો ગુજરાતીના અપભ્રંશ હોય એમ લાગે છે. ગુજરાતીઓ ધર્મપ્રિય અને વ્યાપારપ્રિય રહ્યા છે. હિંદના દરેક શહેરમાં સેંકડો વરસ પહેલાં જઇને વસી ગયા છે તેમ અહીં પણ આવી વસ્યા હશે. ઐતિહાસિક સત્ય જોવાની મને જરા યે જરૂર નહોતી. મારે તો મારી રખડપટ્ટીની મુશ્કેલીનું જ નિદાન શોધવાનું હતું. ત્યાં આવી નવરાશના ધંધાની વાત ક્યાંથી સૂઝે?

આ પવિત્ર પ્રજામાં પણ હવે સંગદોષ લાગતો હોય તેમ દેખાયું. પહાડ પર શહેરીઓની વસતિ નથી પણ તેઓ હવે વેપારને અંગે ચડી આવવા લાગ્યા છે. તેમની રહેણીકરણીએ અને આદતોએ કેટલીક ખરાબ ટેવો પ્રસરતી દેખાઇ છે. તેઓ તાળાં પણ વેચી ગયા છે. આપણને પહાડી લોકો દેશી કહે છે. દેશી લોકો લુચ્ચા અને બદમાશ હોય છે એવો તેમને દૃઢ વિશ્વાસ થઇ ગયો છે.


જીલ્લાનું મુખ્ય મથક આલ્મોડા છે. પહાડી પ્રદેશમાં તે મોટામાં મોટું શહેર છે. કેટલાક મિત્રોને મળ્યો. વાતચીત થઇ. મારે અહીં જ રહી જવું એવી સલાહ મળી. મારી કુમળી ભાવનાઓ ફૂલવા ફાલવા મથી રહી હતી. તે માટે એને કેવું પાણી જોઇએ તે હું જાણતો નહોતો. કોઇ રાહબર નહિ. કોઇ નિર્દેશક નહિ. મારી શક્તિને યોગ્ય રાહે વાળવાનું સાધન કેવું અને ક્યાં છે તે હું સમજતો નહોતો. દેશની આઝાદીના સ્વપ્નમાં મશગૂલ હતો. ભાવનાના જોશમાં એની યથાર્થતા સમજાતી નહોતી. જીવનની જરા સરખી પણ પરવા નહોતી. દેશ ખાતર ફના થઇ જવાની એક તમન્ના હરઘડી કુરબાનીનાં ગીતો ગવડાવતી હતી. સાચે જ એવાં કેટલાંક ગીતો મેં યાદ યાદ કર્યાં હતાં પરિસ્થિતિથી મુંઝાઉં ત્યારે એ ગાઉં અને ગાતો જાઉં તેમ તેના ભાવમાં ડૂબતો જાઉં. આફતની શી પરવા? ટુકડે ટુકડે જિંદગી ખપાવી દેવામાં શાનું દર્દ?

બંગાળાના પ્રથમ રાજનૈતિક ષડ્યંત્રના અભિયુક્ત ઓમપ્રકાશ બાબુને કાળાપાણીની સજા થઇ ત્યારે તેમણે અદાલતમાં સ્વરચિત એક ગીત ગાયું હતું. ગીત લાંબું છે. એની એકે એક લીટી કવિએ પોતાની જિંદગી નીચોવીને તેના તત્ત્વ વડે લખી છે. તેમાંની એક કડી ગાતો ત્યારે તો દેશ માટે ફના થઇ જવાની મારી ભાવના ગાંડી બની જતી. ઘણી વખત તો રડી પડતો.

મેં નિર્ણય કર્યો કે મારે એક જગ્યાએ બેસીને આરામ નથી કરવો. કષ્ટો સહીશ, રખડીશ, ભટકીશ પણ મારી જિંદગીનો આનંદ જેમાં મેં ભરી દીધો છે એ કાર્ય નહિ છોડું.

જીવરામ જોષી

શ્રી કૃષ્ણના સમયથી માંડી છેક બખ્ત્યાર ખિલજીના કાળ સુધી શ્રી અને શક્તિનું, ભક્તિ અને ભૂતિનું જે મહાધામ બની રહેલું તે



રાજગૃહ

અથવા આજનું રાજગિર

હિંદુ, બૌદ્ધ અને જૈન, ત્રણે દૃષ્ટિએ મહત્ત્વના સાંસ્કૃતિક પુરાતન અવશેષો ધરાવતા, ભારતના એક મહત્ત્વભર્યા પ્રાચીન સ્થાનનો વિગતવાર પરિચય

રાજગિર એ રાજગૃહનું અપભ્રંશ છે. મૌર્યોની પહેલાં રાજગૃહ મગધ દેશની રાજધાની હતી. મહાભારતના યુદ્ધ પછી ભારતનું કેન્દ્રસ્થાન હસ્તિનાપુર મટીને મગધ બન્યું હતું. મગધના રાજાઓ ચક્રવર્તી કહેવાતા. એ રાજાઓની વંશાવળી પુરાણોમાં મળી આવે છે. આ બાબત લક્ષમાં લેતાં મહાભારતનું એક ફળ એ થયું કે આર્ય સંસ્કૃતિ પૂર્વમાં ખસી. આ વસ્તુ કૃષ્ણ ભગવાનની રાજનીતિને પ્રશસ્ય નથી, કારણકે તેમના મહાન પ્રયત્નો છતાં આમ બન્યું હતું. તે વખતમાં જરાસંધની સરદારી નીચે મગધ પ્રગતિ કરી રહ્યું હતું. તે અટકાવવા માટે કૃષ્ણ ભગવાને ભીમને લઇને જરાસંધ પર ચડાઈ કરી તેને હણ્યો હતો. પરંતુ પંજાબમાં આર્યોની પડતી અને મગધની પ્રજાની ચડતી કોઇ અટકાવી શકયું નહિ. યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ નામનો જ હતો. જરાસંધની એ રાજધાનીના અવશેષો આજે પણ જોતાં તેના વિષે અતિશય માન થયા વગર રહે જ નહિ.

આર્ય સંસ્કૃતિનું કેન્દ્રસ્થાન હસ્તિનાપુરથી ખસીને મગધ ગયું તેમાં પસ્તાવાનું કારણ બીલકુલ નથી. તેથી અકથ્ય લાભ થયો છે. પણ તેનું માન આર્યોને ઘટતું નથી. જરાસંધને તેમણે અસુર કહ્યો છે. તે જાતે અનાર્ય હતો. હાલ આ પ્રદેશમાં જે રાજવાડ લોકોનો વાસ છે તે જ જાતનો કદાચ જરાસંધ હોય. એના પછીના સમયમાં બ્રાહ્મણોએ પ્રગતિ ઘણી જ કરી હતી તે તો એ વખતના સંસ્કૃત સાહિત્ય ઉપરથી માલમ પડે છે. પરંતુ તે રાજ્યાશ્રયે નહિ. તે બધું તો થયું કાશીમાં. પરંતુ જેને લીધે રાજગૃહ હાલ જોવા યોગ્ય છે, તે તો બે અબ્રાહ્મણોને લીધે: બુદ્ધ ભગવાન અને મહાવીરસ્વામી.

એક ખાસ નોંધવાલાયક બીના એ છે કે તે વેળાના હિંદુ, જૈન અને બૌદ્ધ સાહિત્યમાં પ્રત્યેકે બાકીના બેને તદ્દન અવગણ્યા છે. હિંદુ સાહિત્યમાં બુદ્ધ ભગવાનના અવતાર તરીકેના ઉલ્લેખ સિવાય બીજું કાંઇ જ નથી. જૈન અને બૌદ્ધ સાહિત્યમાં બીજા કોઇ ધર્મ વિષે ઉલ્લેખ જ નથી. આ નીતિ અત્યારે પણ પ્રવર્તે છે. દાખલા તરીકે અહીં એક ડુંગર પર પત્થરના ચોરસ બુરજ જેવો ઓટલો છે. ત્યાં બુદ્ધ ભગવાનનો શિષ્ય કશ્યપ રહેતો હતો. પરંતુ અહીંના પંડ્યાઓ તેને જરાસંધની બેઠક કહે છે અને કશ્યપ વિષે તેઓ તદ્દન મૌન રાખે છે. એ જ પર્વત ઉપર મહાવીર સ્વામીએ ઘણા ચાતુર્માસ ગાળ્યા હતા; પરંતુ બૌદ્ધ સાહિત્યમાં તેનો કયાં યે ઉલ્લેખ નથી ! બુદ્ધ અને મહાવીર જોકે સમકાલીન હતા અને બુદ્ધ ભગવાનની લીલાનું આ મુખ્ય ક્ષેત્ર હતું, છતાં જૈન સાહિત્યમાં તેનો બીલકુલ

ઉલ્લેખ નથી !

આપણા લોકોને ઐતિહાસિક લાગણી જ બીલકુલ નથી. જેમ બીજી ઘણી જગ્યાઓ ભૂલાઇ ગઇ છે, તેમ આ જગ્યા પણ ભૂલાઇ જાત. પરંતુ ગુપ્તોના વખતમાં ચીની જાત્રાળુ ફાહિયાન અને હર્ષના વખતમાં હ્યુએનચાંગ આ દેશમાં જાત્રાર્થે અને જ્ઞાનલાભાર્થે આવ્યા હતા તેમનાં પ્રવાસવર્ણનો ઉપરથી આ જગ્યાનો ઉદ્ધાર ગયા સૈકામાં થયો.

વિંધ્યાચળની એક શાખા ઉત્તરે ગયા આગળ થઇને રાજગૃહ સુધી વિસ્તરેલી છે. મહાભારતના વખતમાં અહીં આવવાનો રસ્તો ગયા થઇને હતો. પહાડોની હાર અહીં એકસરખી નથી; અને આ છેવટના ડુંગરા તો છુટા છવાયા આમતેમ મેદાનમાં ઊભા છે. વચ્ચેનો પ્રદેશ એકદમ સપાટ—રમતના મેદાન જેવો સપાટ અને નદીઓના કાંપનો બનેલો છે. રાજગૃહના પહાડો અને ગયાના પહાડો વચ્ચે લગભગ ૪૦ માઇલનું અંતર છે અને તેટલા ભાગમાં અસંખ્ય નાનીનાની નદીઓ વહે છે. રાજગૃહની ઉત્તરે પચાસ માઇલ દૂર ગંગા સુધી તેવો જ સપાટ પ્રદેશ છે. પ્રદેશ તદ્દન ખુલ્લો ને જંગલરહિત છે, જમીન ઘણી ફળદ્રુપ છે ને હવાપાણી સારાં છે. હાલ રાજગૃહ જવાનો રસ્તો ગંગાકિનારેથી તેમજ ગયાથી બંને છે. ખાસ રાજગૃહની બહાર એકદમ પહાડોની તળેટીમાંથી જ રસાળ માટી શરૂ થાય છે.

રાજગૃહના પહાડો લગભગ એક હજાર ફૂટ ઊંચા, દેવગઢબારીઆના પહાડો જેવા, પણ લીલોતરીથી છવાએલા છે. અહીં સાત પહાડો છે. વચમાં સપાટ ખીણ છે અને તે ઘણા વહેળાઓથી વિભક્ત છે. ઉત્તરે અને દક્ષિણે ઘાટ છે. ત્યાંથી પાણી વહી જાય છે. ગયાથી જૂનો માર્ગ પણ આ જ દ્વારોમાં થઇ પ્રવેશે છે અને બહાર નીકળે છે. હાલ આ ખીણ નાનાંનાનાં જંગલી ઝાડોથી ભરપૂર છે. પણ પાવાગઢની આસપાસ હતું તેવું ગાઢ ઊંચું જંગલ કયાંય નથી.

ખીણનું ક્ષેત્રફળ લગભગ નવદસ ચોરસ માઇલ છે, પરંતુ આટલા ભાગમાં એક પણ ગામ અથવા ઝૂંપડું કે કોઇ પણ જાતની વસતિ નથી. ઇતિહાસને માટે તો આ એક અણધાર્યો લાભ છે, કારણકે જો અહીં વસતિ હોત તો અત્યારે જે અવશેષો છે તેનું નામનિશાન પણ રહેત નહિ. જુઓ આ સાથેનો નકશો.

પહાડો સાત છે, પણ બૌદ્ધ અને જૈન સાહિત્યમાં પાંચ જ પહાડો વર્ણવ્યા છે. રત્નાગિરિ અને ગૃધ્રકૂટ જુદા નથી ગણ્યા; અને પશ્ચિમનો નનામો પહાડ તો કોઇએ વર્ણવ્યો નથી. ઉત્તરે સરસ્વતી નદી અને દક્ષિણે બાણગંગા એ બે જ પ્રવેશદ્વારો છે. હવે આપણે હિંદુ, જૈન અને બૌદ્ધ ત્રણે દષ્ટિએ એ પ્રદેશનાં વર્ણનો જોઇએ.

હિંદુ

ગિરિવ્રજ અથવા કુશાગ્રપુર જરાસંધની રાજધાની હતી.* તેનો ઇતિહાસ ઓછામાં ઓછો સાડા ત્રણ હજાર વર્ષ જૂનો તો ખરો. બે પહાડોની વચ્ચે અને જ્યાં પહાડોના ઢોળાવ ઓછો હોવાથી રક્ષણની જરૂર હોય ત્યાં પત્થરનો કોટ છે. ઠેકઠેકાણે બુરજો પણ છે. કોટ ચૌદ ફૂટ પહોળો છે. અને ઊંચાઈ વીસથી ત્રીસ ફૂટ છે. નાનામોટા પત્થરો ગોઠવીને જ કોટ બનાવ્યો છે. ચણતર બીલકુલ નથી. ગિરિવ્રજ નગર અત્યારે તો એક પુરાઇ ગએલી ખીણ જ છે અને જૂના મકાનોના ઢગલાથી ભરાઇ ગએલી છે. ગામ બહાર જમીન પર માટીનો થર છે, પણ નગરમાં બધે જ ઇંટો ને પથ્થરો વેરાએલા છે. શહેરની ઉત્તરે એક અને દક્ષિણે એક એમ બે માટીના પાળા બાંધેલા છે આને જરાસંધના બંધ કહે છે. પહાડનું પાણી નિકાસ કરવાને માટે આ કોઇ વ્યવસ્થા હશે.

અગ્નિ ખૂણે કોટની બહાર રણભૂમિ છે. ત્યાં જરાસંધ અને કૃષ્ણ વચ્ચે યુદ્ધ થએલું. કપટ સિવાય આવું સુરક્ષિત નગર જીતાવું અશકય. જરાસંધને કોઇ પણ યુક્તિથી કોટ બહાર આણેલો અને પછી તેને હણેલો. જૂના અવશેષોમાં હાલ બે જગ્યાએ ખોદકામ થએલું છે. નગરની અંદર રાજગઢ જુદો પડે છે. ત્યાં કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં વર્ણવેલું છે તેવું જ બરાબર કોષાગાર અથવા રાજાનો પોતાનો સૂવાનો ખંડ છે. તે વખતના રાજાઓ તોજોરી જેવી સુરક્ષિત જગ્યાએ સૂતા. તેનો પાયો ચતુષ્કોણ અને

---

* અહીં જે મૌર્ય કાળ પૂર્વેના અવશેષો મળી આવ્યા છે તેમને લગતી વિગત 'કુમાર'ના હવે પછીના અંકમાં પ્રગટ થનાર 'રાજગૃહ અને ત્રિપુરી (મધ્ય પ્રાંત)નો પૅસિફિક મહાસાગરના બેટોની પુરાતન સંસ્કૃતિ સાથે સંબંધ' એ નામના લેખમાં આપવામાં આવશે.

અષ્ટકોણ બંને છે અને ઉપરનો ખંડ ગોળ કૂવા જેવો છે. પાણી નિકાસને માટે સુઘટિત ગટર છે. ત્યાંથી ઘરકામને યોગ્ય માટીનાં વાસણો વગેરે રાચરચીલું મળી આવેલું છે. આની આસપાસ ચારે બાજુએ ખાઇ છે. મકાન ઈંટોનું છે.

પહાડો ઉપર બધે જૂના વખતનો રસ્તો છે. આને જરાસંધનો રસ્તો કહે છે. વૈભાર પર્વત ઉપર એક જૂનું શિવાલય છે. પ્રથમ એ દૃષ્ટિએ પડ્યું ત્યારે ઈંટોનું ખંડેર હતું. તેને સાફ કરતાં બૌદ્ધ મંદિર નીકળ્યું અને વધારે ખોદકામ કરતાં તથા પાયો તપાસતાં તળેથી મહાદેવનું દહેરું નીકળ્યું. તે પત્થરનું છે. કાળા પત્થરનો નંદી છે અને લિંગ છે. બંને ખંડિત છે. નંદીનું માથું હાથ લાગ્યું નથી. શિવાલય બૌદ્ધ કાળ પૂર્વેનું હોવું જોઇએ અને તેને તોડીને ઉપર બૌદ્ધોએ પોતાનું મંદિર બનાવ્યું હશે. શિવાલય પત્થરના સ્તંભો પર ટેકવેલું છે. તે સિવાય ખાસ કારીગરી નથી.

બૌદ્ધ અને હિંદુ મંદિર વચ્ચે આટલો તફાવત હોય છે:

૧ બુદ્ધની પ્રતિમાનો ખંડ બહારના સભામંડપથી ઊંચો હોય છે, જ્યારે મહાદેવનો ગર્ભખંડ હંમેશાં જમીનથી નીચો હોય છે.

૨ બૌદ્ધ મકાનમાં તળીઆથી છત સુધીનું અંતર ૮ થી ૧૦ ફૂટ જ હોય છે, જ્યારે આ મહાદેવના દહેરામાં તે અંતર પંદર ફૂટ હશે.

૩ બૌદ્ધ મંદિર ઈંટોનું છે અને તેની દિવાલોએ પ્લાસ્ટરની અથવા પત્થરની મૂર્તિઓ છે. જ્યારે શિવાલય પત્થરનું છે.

૪ બૌદ્ધ મંદિરમાં કોતરકામ બારીક હોય છે. જ્યારે શિવાલયમાં કોતરકામ નથી એમ કહીએ તો ચાલે. પત્થરના થાંભલા કરકરા છે.

વૈભારની તળેટીમાં ઊના પાણીના ઘણા ઝરા છે અને ઔષધ તરીકે તેની કિંમત ઘણી છે. ચામડીના દરદીઓ અને સંધિવાના રોગીઓ તેનો લાભ બહુ લે છે. દરેક ઝરા આગળ પત્થરનો કુંડ બનાવ્યો છે. તેમાંથી પાણી ઉભરાઇને બહાર ચાલ્યું જાય છે. તળે કાંકરા છે અને વપરાશ ઘણો છે. સૌથી મોટો કુંડ છે તેમાં તળીએથી પાણી નીકળે છે અને ઉભરાઇને ચાલ્યું જાય છે. આથી ઘણા યાત્રાળુઓ છતાં સ્વચ્છતા બહુ રહે છે અને નહાવું ગમે તેવી જગ્યા છે. મોટા કુંડની બાજુમાં જ પહાડમાંથી ઊના પાણીનો ફુવારો ફુટે છે. ત્યાં પ્રથમ નાહીને પછી મોટા કુંડમાં જવા દે છે. આને લીધે ચોખ્ખાઇ ઘણી સારી જળવાઇ રહે છે. પાણીમાં ગંધક જેવા પદાર્થો હશે. પીવાને માટે ફુવારાનું પાણી વપરાય છે. તે ઠંડું થાય છે ત્યારે નદીના પાણી જેવું લાગે છે.

આ કુંડ હિંદુઓનું જાત્રાસ્થાન છે. હાલના રાજગિર ગામમાં જૈન ધર્મશાળાઓ છે. ત્યાં હિંદુઓને ઊતરવા દે છે. તે ધર્મશાળાઓમાં આશ્ચર્યજનક ચોખવટ છે અને જગ્યા સગવડભરેલી છે. રાજગિર કુંડનું એક નાની લાઇન પર ટર્મીનસ સ્ટેશન છે. અને મોટી લાઇનના બખ્ત્યારપુર સ્ટેશનથી ત્યાં જવાય છે. કુંડોની નીચે સરસ્વતી નદી વહે છે. તેના ઉપર વિપુલાચલ અને વૈભારને સાંધતો જંગી કિલ્લો અને દરવાજો હોવા જોઇએ. હાલ બે બાજુના બુરજ અને મિનારાનાં ખંડેરો ઊભાં છે. દરેક અધિક માસમાં અહીં મેળો ભરાય છે, અને બે ત્રણ લાખ માણસો તે અરસામાં આવે છે.

ગૃધ્રકૂટ સિવાય બીજા પહાડો પર ચડવું સહેલું છે પણ પત્થરો લપસણા હોવાથી જાળવવું પડે છે. એક પહાડ પરથી બીજા પહાડ પર એમ ચારે તરફ જવાના રસ્તા છે. એ રસ્તે જૈનો પ્રદક્ષિણા કરે છે. હિંદુ અવશેષો જોતાં ચણતરકામમાં અને ઘર બાંધવામાં ગયાં ૩૦૦૦ વર્ષમાં આપણે શી પ્રગતિ કરી તે જણાતું નથી. કદાચ પાછા હઠયા છીએ.

અહીંનાં હવાપાણી સારાં છે અને પંડ્યાઓનો ત્રાસ નહિ જેવો છે એટલે હવાફેર માટે પણ અનુકૂળ સ્થાન છે. દૂધઘી અને અનાજ સારાં અને સસ્તાં મળે છે. ધર્મશાળામાં ખેડેખેડે મળે છે. ધોબી, હજામ બધા જ ત્યાં ઓરડીએ ઓરડીએ રોજ આવી જાય છે. ધોબી રોજનાં રોજ કપડાં ધોઇને બીજે દિવસે પાછાં આપે છે. મોંઘું કોઇ હોય તો હજામો. તીર્થક્ષેત્રમાં તેમની મહત્તા પંડ્યાઓથી પણ ચડે!

નવા રાજગૃહની બહાર પુરાણું સ્મશાન છે. ત્યાં સરસ્વતી નદીને બંને કિનારે બાંધી દીધેલી છે. એક બાજુએ મહાદેવની દહેરી છે. ઘાટ વિશાળ અને સગવડવાળો છે. ઉપરની છત હાલ હયાત નથી.

એકંદરે જગ્યા નિર્જન પણ સુંદર છે. હજુ પણ તે સ્મશાન તરીકે જ વપરાય છે.

બૌદ્ધ

બુદ્ધ ભગવાનનું મૂળ વતન કપિલવસ્તુ (હાલનો ચંપારણ જિલ્લો). તેમને જ્ઞાન થયું બુદ્ધ ગયામાં. તે વખતે હિંદુસ્તાનનું કેન્દ્રસ્થાન મગધની રાજધાની રાજગૃહ હતું. તે જ કારણે બુદ્ધ ભગવાને ઘણો કાળ અહીં ગાળેલો. રાજગૃહની રજેરજ બુદ્ધ ભગવાનના ચરણસ્પર્શથી પુનિત થઇ છે. તેમના જીવનના ઘણા તલસ્પર્શી બનાવો અહીં બન્યા હતા અને તેનાં સ્થાનો હાલ નિર્દિષ્ટ છે. તેમની સાથે તેમના પ્રખર શિષ્યો કશ્યપ, સારિપુત્ર, મૌદ્‌ગલ્યાયન, આનંદ વગેરે અહીં રહેલા. સારિપુત્ર મૌદ્‌ગલ્યાયનનાં તો જન્મસ્થાન તેમજ નિર્વાણસ્થાન પણ આ પ્રદેશમાં. કશ્યપનું નિર્વાણસ્થાન વૈભાર પર્વત ઉપર. આનંદનું નિર્વાણસ્થાન વેલુવનમાં. પ્રખ્યાત બૌદ્ધ વિદ્યાપીઠ નાલંદા અહીંથી આઠ માઇલ દૂર છે.

ચીની જાત્રાળુઓ પ્રથમ બુદ્ધગયા ગએલા. ત્યાંથી પાટલીપુત્ર થઇને અહીં આવેલા અને બુદ્ધ જીવનનાં સઘળાં સ્થાનોનાં દર્શન તેઓએ કરેલાં. તેનું આબેહૂબ વર્ણન દિશા ને અંતરની વિગત સાથે તેઓએ કરેલું મળી આવે છે. તે ઉપરથી હાલ તે બધી જગ્યાઓ પરખાય છે. પરંતુ પ્રથમ ચિહ્ન શી રીતે જડ્યું તે જોઇએ.

બખ્તયાર ખીલજીએ આ મુલ્ક ઉપર ચડાઇ કરેલી અને કેટલોક વખત બિહાર ગામમાં તેણે રાજધાની કરેલી. તેણે અહીંના બધા પંડિતોને કાપી નાખેલા, તેમનાં પુસ્તકો બાળી નાખેલાં અને જૂનાં મંદિરો તથા બીજાં મકાનો તોડી નાખેલાં. કાળક્રમે તે બધાં ઢગલો થઇને પડેલાં; તે ઉપર વનસ્પતિ ઊગી અને પછી માટીના ઢગલામાં તેનું રૂપાંતર થયું. આવા માટીના ઢગલા આ પ્રદેશમાં ઘણા છે. આપણે આગળ જોયું તેમ છેક ડુંગરની તળેટીથી ગંગા સુધી બધો મુલક એકદમ સપાટ છે. તે ઉપર માટીના આ ઊંચા ઢગલાની નિયમિત પંક્તિ માલૂમ પડે તો જિજ્ઞાસુ મનને જરૂર એમ લાગે કે આનું કંઇ કારણ હોવું જોઇએ. આવા ઢગલા સાફ કરતાં નાલંદાનાં ભવ્ય ખંડેરો અને રાજગૃહના અવશેષો નીકળ્યા. એકવાર ઢગલો થઇને પડ્યા પછી અને તે ઉપર માટી થઇ ગયા પછી અંદરની વસ્તુઓ કેવી કાયમ રહે છે તેનો આશ્ચર્યજનક એક જ દાખલો: નાલંદામાં આગ લાગેલી તેમાં કેટલીક ઇંટો બળી ગએલી તે હજુ દિવાલમાં જેવી ને તેવી છે; અને એક રસોડામાંથી તો બળેલા ચોખા પણ મળ્યા છે! નવું રાજગૃહ—ચીની મુસાફરોના કહેવા પ્રમાણે—અજાતશત્રુએ ગિરિવ્રજ છોડીને નવું રાજગૃહ પહાડોની બહાર ઉત્તરે બંધાવ્યું. આ નવા શહેરનો કોટ હજુ સાબૂત છે: અલબત્ત, માટીથી છવાએલો. લગભગ ચોરસ છે અને દરેક બાજુ અર્ધો માઇલ લાંબો છે. કોટની દિવાલ ચૌદ ફૂટ જાડી અને વીસ ફૂટ ઊંચી ચણવા વગરના પત્થરની છે. ઠેકઠેકાણે બુરજો છે અને દરવાજાની જગ્યાઓ ખાલી છે. કોટ અંદરનો ભાગ મકાનોના ઢગલાઓથી પુરાઇને ઊંચો થઇ ગયો છે. હાલ તે ઉપર ખેતી થાય છે. પણ ઇંટ ને પત્થરથી ભરપૂર હોવાથી પાક સારો થતો નથી. હજુ અહીં કંઇ ખોદકામ થયું નથી. ફક્ત કોટનો કેટલોક ભાગ બહાર કાઢ્યો છે.

બુદ્ધ ભગવાન પ્રથમ રાજગૃહ આવ્યા ત્યારે બિંબિસાર રાજ્ય કરતો હતો. જૂની રાજધાનીમાં તેણે પોતાનું ઉપવન વેલુવન બુદ્ધ ભગવાનને અર્પણ કરેલું. આ જગ્યા હાલ બતાવાય છે. બુદ્ધ ભગવાન રોજ ભિક્ષા માગવા જૂના નગરમાં જતા. પરંતુ સાંજના ગૃધ્રકૂટ પર્વત પર જતા અને રાત ત્યાં રહેતા. આ પર્વત ઉપર ચઢાણ ઘણું કઠણ છે. તેની ટોચ પર મંદિર હતું. આ પર્વત વિષે એવી દંતકથા છે કે પૂર્વજન્મમાં બુદ્ધ ભગવાન અને તેમનો શિષ્ય આનંદ ત્યાં તપ કરતા. તે વખતે માર અથવા કામ ગીધનું સ્વરૂપ લઇને આનંદને બીવડાવવા લાગ્યો, ત્યારે ભગવાને હાથ લંબાવીને આનંદની પીઠ થાબડીને નિર્ભય રહેવાનું કહ્યું: તે ઉપરથી તેને ગૃધ્રકૂટ કહે છે. બુદ્ધે તેમનો સર્વોત્તમ ઉપદેશ આ શિખર પર કરેલો. બિંબિસાર પછી અજાતશત્રુએ પોતાના રાજવૈદ જીવકને ભગવાનની તથા સંઘની તંદુરસ્તી જોવાનો ભાર સોંપેલો. જીવકને ગૃધ્રકૂટ જવું રોજ ભારે પડતું એટલે પોતાનું આમ્રવન (રણભૂમિના પાસેનું) ભગવાનને અર્પણ કર્યું. આ જગ્યા તથા બુદ્ધ ભગવાન અને આનંદ પૂર્વજન્મમાં તપ કરતા તે ગુફાઓ પણ બતાવાય છે.

રાજગૃહ (રમણલાલ શં. ત્રિવેદી)

વૈભાર પર્વત ઉપર કશ્યપ રહેતા. તેની ગુફા પીપલી ગુફાને નામે પ્રસિદ્ધ હતી. તે હાલ બતાવાય છે. એક વખત કશ્યપ માંદો પડેલો ત્યારે તેને જોવા ભગવાન ત્યાં ગએલા, તેથી બૌદ્ધોને મન તે પુનિત જગા છે.

અજાતશત્રુ રાજા પરાક્રમી અને એકહથ્થુ સત્તાવાદી હતો. લોકોમાં પોતાના સિવાય બીજા કોઇની આણ વર્તે તે તેને ગમતું નહિ. મગધની આસપાસ પ્રજાસત્તાક રાજ્યો હતાં. બુદ્ધ ભગવાનનો પોતાનો પ્રદેશ પ્રજાસત્તાક હતો. તેમની હસ્તી અજાતશત્રુને ખૂંચતી. પરંતુ ભગવાનની હયાતીમાં તેમને તે અડકી શક્યો ન હતો. આવાં કારણોને લઇને બુદ્ધ ભગવાનને તે હમેશાં ઇર્ષ્યાની દૃષ્ટિએ જોતો. જોકે તેમને યથોચિત માન આપવાનું કદી ભૂલતો નહિ. લોકો પર ભગવાનની એટલી સત્તા હતી કે અજાતશત્રુ તેમને ખુલ્લી રીતે નાખુશ કરવાનું સાહસ કરી શકતો નહિ.

બુદ્ધ ભગવાનનો એક શિષ્ય દેવદત્ત વિશ્વાસઘાતક નીવડ્યો. તેને હાથ કરીને બુદ્ધ ભગવાનને હણવાના અજાતશત્રુએ કેટલાક ઉપાયો યોજ્યા હતા. એક વખત બુદ્ધ ભગવાન ભિક્ષા લેવા જતા હતા ત્યારે રાજાના હાથીને દારૂ પાઇને તેમના પર છોડી મૂકેલો, પરંતુ તેમને જોતાં વેંત જ હાથી નરમ થઇને ઊભો. આ જગ્યા ઉપર સ્તૂપ બાંધેલો તેનાં ચિહ્નો છે.

તે વખતે નિગ્રંથ નામના લોકોનો એક પંથ હતો. તે લોકો બૌદ્ધોના કટ્ટા શત્રુ હતા. રાજગૃહનો એક વાણીઓ નિગ્રંથ હતો ને તેની સ્ત્રી બૌદ્ધ હતી. તેણે તેની સ્ત્રીને પૂરી રાખી અને વિષમય ખાદ્યો તૈયાર કરીને બુદ્ધ ભગવાનને ભિક્ષા લેવા આમંત્ર્યા. તેમના બેસવાના સ્થાન નીચે છળ કરીને પોલાણ રાખીને તેમાં સળગતી ભઠ્ઠી રાખેલી. પરંતુ ભગવાન બેસતાં વાર જ તે જગાએ સુંદર કુંડ અને તેમાં કમળ થઇ રહ્યાં. એક વખત બુદ્ધ ભગવાન ગૃધ્રકૂટ પર્વતની બાજુમાં ચંક્રમણ (હેરાફેરા) કરતા હતા, તે વખતે દેવદત્તે ઉપરથી પત્થર ગબડાવ્યો. પત્થર શિલા પર પડ્યો. તેનો એક ટુકડો ભગવાનના પગ ઉપર પડ્યો હતો. તે બંને જગ્યાઓ હાલ બતાવાય છે. આ બધા પ્રસંગોએ બુદ્ધ ભગવાનને તેમના શિષ્યોએ આગળથી ચેતવ્યા હતા, પણ તેમણે કશું ધ્યાનમાં લીધું ન હતું.

એક વખત બુદ્ધ ભગવાનનો શિષ્ય અશ્વજિત રાજગૃહમાં ભિક્ષા માગવા ગએલો ત્યાં તેણે સારિપુત્રને જોયો. સારિપુત્રને જોતાં વેંત જ અશ્વજિતે તેનું મહત્ત્વ પારખ્યું. સારિપુત્ર એક ઘરમાં ભિક્ષા માગી રહ્યા પછી અશ્વજિત તેને મળ્યો અને બુદ્ધ ભગવાન વિષે વાત કરી તેને ભગવાનની પાસે લઇ ગયો. આ મિલનજગા પણ હાલ બતાવાય છે. પછી સારિપુત્ર બુદ્ધનો પરમ શિષ્ય થયો હતો.

બુદ્ધ ભગવાનના નિર્વાણ પછી અજાતશત્રુએ કપિલવસ્તુ અને વૈશાલી ઉપર ચડાઈ કરેલી અને ભગવાનના અવશેષો તે બધા લઇ આવેલો. તેણે રાજગૃહની બહાર એક પ્રચંડ સ્તૂપ બાંધીને ત્યાં અવશેષો દાટ્યા હતા. આ જગા પણ બતાવાય છે.

ત્યારપછી બૌદ્ધધર્મની પ્રથમ સંગીતિ અહીં થએલી. ચીની જાત્રાળુ અનુસાર સપ્તપર્ણી ગુફામાં તે થએલી. આ ગુફા વૈભાર પર્વત ઉપર છે. અશોકે અજાતશત્રુનો સ્તુપ તોડીને ભગવાનના અવશેષો બહાર કાઢ્યા હતા અને તે અનેક તીર્થસ્થાનોએ વહેંચીને તે પર સ્તુપો બંધાવ્યા હતા. એવો એક સ્તુપ અને તેની પાસે કીર્તિસ્તંભ તેણે રાજગૃહની પશ્ચિમે બંધાવેલો તે જગા પણ નિર્દિષ્ટ છે. કશ્યપનું નિર્વાણસ્થાન વૈભાર પર્વત ઉપર, આનંદનું નિર્વાણસ્થાન વેલુવન પાસે. આ ઉપરાંત શહેર બહાર તે વખતે ઘણા સંઘારામો



ત્યાગી

• અંજનીગીત •

યત્ન કર્યા તેં પ્રભુ રટવાને,
જીવનમાં એકલ અટવાને;
—મેં જગદુ:ખો જોગવવાને:
ત્યાગી તું કે હું?

જગજીવન તુજને જકડે છે;
મુજ માનવજીવન રખડે છે,
જગકાજે સુખમૂર્તિ ઘડે છે:
ત્યાગી તું કે હું?

તું જગભીરૂ; હું જગભેરૂ,
અંતર સેવાવેલ ઉછેરૂં,
જીવન કણકણ જગમાં વેરૂં:
ત્યાગી તું કે હું?

વેણીભાઇ પુરોહિત

(બૌદ્ધ મુસાફરખાનાં) હતાં. તેના અવશેષો દેખાય છે.

નાલંદા

નાલંદા અવશેષોનો રાજા છે. તેના જેવા ભવ્ય અવશેષો ક્યાંય મળ્યા નથી. આ ખંડેરો જોવાથી એમ જ થાય કે તે વખતે ભારતવર્ષમાં શું નહિ હોય? ફાહિયાન અને હ્યુએનચંગ બંનેના વખતમાં ત્યાં જીવંત વિદ્યાપીઠ હતું, છેક બખ્ત્યાર ખીલજીના વખત સુધી ત્યાં પંડિતો રહેતા. ત્યાં સઘળા વિષયોને સઘળાં સાહિત્યોનો અભ્યાસ થતો. હ્યુએનચાંગ ત્યાં સંસ્કૃત શિખેલો. તે ત્યાં દોઢ વરસ રહેલો. અને ફરી પાછો ત્યાં આવેલો તે વખતે તે અધ્યાપકની સ્થિતિએ હતો.

નાલંદા એક સુવ્યવસ્થિત અને સુરચિત વિદ્યાનગર હતું. તેની લંબાઇ દોઢ માઇલ હશે. હાલ ખોદકામ થએલું છે. અર્ધો માઇલ સુધીમાં બે હારો ખોદેલી છે. એક હારમાં સ્તૂપો છે; વચમાં સો વાર જગ્યા છે. અને પછી બીજી હારમાં છાત્રાલયો, શિક્ષાલયો, પાઠશાળા વગેરે છે. બંને બરાબર સીધી લીટીમાં છે. હ્યુએનચાંગના કહેવા પ્રમાણે કેટલાંક છાત્રાલયો ચાર પાંચ માળનાં હતાં. એ પાઠશાળાઓમાં તે વખતના કૂવા છે. તેનું પાણી હજુ પીવા યોગ્ય છે. છાત્રાલયો ને શિક્ષાલયોમાં વચમાં ચોક ને આજુબાજુ ઓરડીઓ, ઓટલાઓ અને દ્વારની સામે ગુરુની બેઠક અને તેની પાછળ બુદ્ધની મૂર્તિ એવી રચના હતી. બધું કામ ઇંટ અને ચૂનાનું છે. થાંભલા પત્થરના છે ને તે ઉપર સુંદર કોતરકામ છે. ચુલા પણ ચણેલા છે.


સૌથી ભવ્ય તો એ મંદિરો છે. એક ઘણું ઊંચું છે તે કદાચ વેધશાળા હશે. અગાશી સુધીનો ભાગ સાબૂત છે. મંદિર તે ઉપર હતું. આની દિવાલોમાં અતિ સુંદર મૂર્તિઓ છે. આની ઉંચાઇ બધું મળીને ૨૦૦ ફૂટ હશે. બીજું એક મંદિર છે, તે ચોરસ છે. અને તેમાં એક ચોરસ ઉપર બીજો ચોરસ એમ ત્રણ ચાર માળ છે. સૌથી નીચેના ચોગાનમાં ઘણા નાનાનાના સ્તૂપો છે અને તે ઉપર સુંદર બારીક કોતરકામ છે. આ જગ્યાની ભવ્યતાનો ખ્યાલ એકલા વર્ણનથી ભાગ્યે જ આવી શકે.

છાત્રાલયોની બહાર એક પત્થરનું હિંદુ મંદિર છે. તે સૌથી સુંદર છે. તદ્દન પત્થરનું બાંધેલું છે. તે ઉપર કોતરકામ અતિશય બારીક અને મોહક છે. આ છેવટની ગુપ્તોના સમયની કળા.

જૈન

રાજગૃહના પહાડો તે જૈનોનું પંચાયતન. વિપુલાચલ, રત્નાગિરિ, ઉદયાચલ, સોનગિરિ અને વૈભાર ઉપર તીર્થંકરોએ તપસ્યા કરેલી. ખુદ મહાવીર સ્વામીએ ઘણા ચાતુર્માસ અહીં ગાળેલા અને વૈભાર ઉપર તેમણે તપસ્યા કરેલી.

મહાવીર સ્વામીનું નિર્વાણસ્થાન પાવાપુરી. તેમનું જન્મસ્થાન પણ ત્યાંથી અદૂરે છે. (બુદ્ધ ભગવાન પણ પાવામાં ગએલા. તેમના છેલ્લા દિવસોમાં તેમણે રાજગૃહથી કપિલવસ્તુ પ્રયાણ કરેલું. રસ્તામાં પાવામાં માંદા પડ્યાં હતા.) પાવામાં મહાવીર સ્વામીના નિર્વાણસ્થાન પર મંદિર બાંધ્યું છે અને ત્યાં તેમનાં ચરણચિહ્નો જાળવેલાં છે. તે ઉપરાંત તેમના અવશેષો ઉપર એક નાનું મંદિર હતું. તેની આગળ પાછળ એક મોટું કમળથી ભરેલું તળાવ છે. હાલ તે મંદિર ઉપર આરસ જડી દીધા છે. પણ કલાના નમૂના તરીકે તેની ગણતરી નથી. મહાવીર સ્વામીનું નિર્વાણ દિવાળીને દિવસે થએલું. દિવાળી ઉપર પાવામાં મોટો મેળો ભરાય છે. **રમણલાલ શંકરલાલ ત્રિવેદી**



ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

પહેલું ઇનામઃ 'પરદેશી પીણું'–ભાઈ ચતુરભાઇ પટેલ (ખાનપુર); બીજું ઇનામઃ 'મગરબ માતા'–ભાઇ પૂનમચંદ કમાણી (અમરેલી); ત્રીજું ઇનામઃ 'થાકેલો સાથી' રાવજીભાઇ પટેલ (નડીઆદ); ઉત્તેજનાઃ 'ખીસકોલી'–ભાઇ હાસમ સુતાર (નડીઆદ). નોંધપાત્ર (ગુણ પ્રમાણે) (૧) રાવજીભાઈ પટેલ (નડીઆદ); (૨) જે. પી. વારા (જામનગર); (૩) આણંદજી સંપટ (કચ્છ માંડવી); (૪) ચતુર્ભુજ વલ્લભદાસ (ઘાટકોપર).

અર્ધગોળાકાર બારી આડે સ્ટવ પર ચા બનાવતા યુવાનની છબીને ભાઇ ચતુરભાઈ પટેલે 'પરદેશી પીણું' નામથી ઓળખાવી છે. ચિત્રવિષયને યોગ્ય નામ અપાયું નથી. તો-પણ ચિત્રસંયોજન (ટેકનીક) અને ચિત્રવસ્તુ સારાં હોવાથી આ ચિત્ર ઈનામ જીતે છે. બારીમાં આવતા પ્રકાશ સામે કૅમેરા ગોઠવીને લેવાએલા ચિત્રમાં સાચું એક્સપોઝર અને

ડેવલપમેન્ટ તેમજ યોગ્ય ગ્રેડના પેપર ઉપર એન્લાર્જમેન્ટ કરવાથી ચિત્રની વિગત (detail) બરાબર આવી છે ને ચિત્ર આંખને આકર્ષે છે. પાત્ર પોતાના કાર્યમાં મશગૂલ હોવાથી કૃત્રિમતા જણાતી નથી. સાદી બૅકગ્રાઉન્ડ ચિત્રમાં ઉઠાવ આણે છે.

ભાઈ પૂનમચંદના ચિત્રમાં ઇંડાં સેવતી કબૂતરી જરા આઉટ ઑાવ ફોકસ રહેલી છે. આટલા બધા નજીક આવ્યા વિના છેટેથી ફોટોગ્રાફ પાડીને જરૂરી ભાગ એન્લાર્જ કરવો જોઇએ, અગર તો ડાયાફ્રામ વધારીને પ્રમાણમાં એક્સપોઝર વધારવું જોઈએ. પરંતુ એમાંથી કયો ઉપાય આ જ વિષય માટે અનુકૂળ બને તે તો સંપૂર્ણ પરિસ્થિતિ જાણ્યા સિવાય કહી શકાય નહિ.

ખેતીને અંગે આપણા દેશમાં બળદનો અનેકવિધ ઉપયોગ થાય છે. બળદ જેવા મૂગા પ્રાણી માનવીનો બોજો ઉપાડે છે, સેવા કરે છે, પણ એ મૂગા સેવકની છબી ભાગ્યે જ કોઈ ઉતારે છે. ઍમેટરે બળદનાં સારાં પોર્ટ્રેટ લેવાં જોઇએ અને તેમાં થતી જાતો વચ્ચેના ભેદ અને તફાવત સમજાવતાં ફોટોચિત્રો ઉપજાવવાં જોઇએ. બળદની જોડીમાંથી એક સાથી થાકતાં ખેતરમાં જે પરિસ્થિતિ ઊભી થાય છે, તે બતાવવાનો રાવજીભાઇએ પ્રયાસ કર્યો છે. નજીકથી લેવાએલા બળદના ચિત્રમાં પર્સ્પેક્ટિવ જળવાઈ છે. કેટલીક વાર બહુ જ નજદીકથી પ્રાણીની છબી ઉતારવા જતાં પ્રાણીનાં અવયવો બેહુદાં આવે છે. આ ચિત્ર તેની ક્ષતિથી રહિત છે.

'ખિસકોલી'ને આબાદ ઝડપવા માટે તેના યોજક ભાઈ હાસમ સુતારને અભિનન્દન ઘટે છે. સહેજસાજ ખખડાટ થતાં સહેજમાં નાસી જતી ખિસકોલીને તેના કુદરતી ભાવમાં ભાઇ હાસમે રજૂ કરી છે. તેની આંખ બહારથી આવતા ભયની રાહ જોતી જણાય છે.

નાકમાંથી લાળ પાડતા ભિખારીની લાચારી રાવજીભાઇના 'ભિખારી' ચિત્રમાં તરી આવે છે. પરંતુ ભિખારીને સામેથી લેવાની જરૂર હતી.

'Tug of war'ની રમતના ફોટોચિત્રને 'પરિશ્રમ' નામથી સંબોધવું સાવ અજુગતું ગણાય. છાયાચિત્રમાં ડિઝાઇન અગત્યનો ભાગ ભજવે છે. ડિઝાઇનનાં તત્ત્વો ભાઈ વારાના ચિત્રમાં છે પણ ચિત્રસંયોજન આહ્લાદક બનતું નથી. ચિત્રની ટેકનીક સારી છે.

આણંદજી સંપટના ચિત્રમાં મૃગલીને ધાવતું બચ્ચું પાડવામાં આવ્યું છે. યોગ્ય પળે જ એક્સ્પોઝરની ચાંપ દાબવામાં આવી છે, પરંતુ ફોકસિંગ ખામીવાળું છે ને બૅકગ્રાઉન્ડ બરાબર નથી.

ભાઈ ચતુર્ભુજે બે હાથ પર માથું મૂકીને ભરનિંદ્રમાં પડેલ બાળકનું ચિત્ર ઉતાર્યું છે. પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે આંખ, નાક વગેરે ફોકસમાં છે પણ હાથ વધુ પડતા આઉટ ઑાવ ફોકસ હોવાથી ચિત્ર બનતું નથી. આવે વખતે જરા દૂરથી ચિત્ર લેવું જોઇએ.

બલવન્ત ભટ્ટ

આ અંકનું મુખચિત્ર

રાજરાણીનું અવસાન

કોઇ એક રાજાએ બુદ્ધ ભગવાનની દીક્ષા મેળવી સાધુવ્રત લીધું હતું. છતાં રાણી અને તેની વચ્ચે ઘણો કાળ ચિત્તનું આકર્ષણ રહ્યા કર્યું તેથી પરસ્પરનાં પુનઃ પુનઃ દર્શન થતાં દુઃખ થયા કરતું. આથી રાજસાધુના ધાર્મિક ચિંતનમાં વિક્ષેપ થતો. કેટલીક વાર રાજાને સંસારમાં પાછા આવવાની ઈચ્છા પણ થતી. એવી એક નબળાઇની પળ બુદ્ધ ભગવાનની નજરે પડતાં તેમણે તેને વિહારમાં જ રહેવાની આજ્ઞા કરી. રાણીને આ ખબર મળતાં જ વ્યાકુળતા અને દુઃખથી તેની મૃત્યુદશા આવી. અંતઘડીએ તેણે પોતાના પતિના સ્મરણ રૂપે તેના રાજમુકુટના દર્શનની ઈચ્છા બતાવી તે પ્રસંગનું આ ચિત્ર છે. તેની બંને પુત્રીઓ પાસે જ છે. નાની પુત્રીએ તેને જરા ઊભી કરી છે, છતાં તેના મોં પર સ્પષ્ટ ભાવ છે કે 'ઓ પ્રભુ! માતા વિદાય લઈ રહી છે.' મોટી પુત્રી સહેજ ટેકો દઇ રહી છે અને જુએ છે કે રાણીની દૃષ્ટિ બંધ થવાની તૈયારીમા છે. દાસી પંખો ઢોળે છે પણ દરદીને જરાકે ઝપટ ન લાગે તેની સાવચેતી સેવે છે. ઉપરની પરસાળમાં રાજવૈદ ઔષધની કુંપી લઇ ખસી જતા જણાય છે. તેને બીજું પાત્ર ખબર પૂછે છે, તેની સામે 'હવે કોઇ આશા રહી નથી અને થોડી જ વાર છે' એવો ભાવ બતાવે છે. વૈદના મોં પર અનુભવની દૃઢતા છે. તે લાગણીવશ કરતાં કર્તવ્યપરાયણ વધુ લાગે છે. પ્રત્યેક પાત્ર ઉપર દુઃખની છાયા છવાઇ ગઈ છે. નાની પુત્રીને લાગે છે કે માતા વિલય પામે છે; એ મારૂં સર્વસ્વ હતી. મોટી પુત્રી વધુ ધીરજવાન દેખાય છે. એમ છતાં બંને કુમારીઓની આંખોમાંથી હમણાં અશ્રુઓ સરી પડશે એવી વેદના દેખાય છે. અસલ કળાકારે આ ચિત્રના ભાવો પકડી આબાદ પ્રસંગ ઉતારતાં કળાની પરિસીમા બતાવી છે. રાજમુકુટ ધરી રહેલા બે પુરુષો બહુ વિનય અને સન્માનથી ઊભા છતાં રાણીનું કષ્ટ સહાનુભૂતિપૂર્વક જોઇ રહ્યા છે. પ્રાચીન કળાકારો અનેક ભાવો સમજી શકતા અને કરુણા ને ભય જેવા પ્રાસંગિક રસો તાદૃશપણે જાગૃત કરી શકતા તેનો આ સુંદર નમૂનો છે. શિવિરના છાપરે પાળેલો મોર શું થાય છે એ સમજતો હોય એમ નમીને મૂંગો ઝુકી રહ્યો છે.

ચિત્રનું સંવિધાન બહુ ઉત્તમ પ્રકારનું છે. મુખ્ય પાત્ર રાણી અને તેની કુમારીઓ ઉપર આપણી નજર સ્થિર રહે છે તે સાથે આસપાસનાં પાત્રો તેમના પૂરક અભિનયો સાથે ચિત્રના પ્રસંગમાં યથોચિત ઉમેરો આપી રહ્યાં છે. ચિત્રનો મધ્યવર્તી વિષય રાજમુકુટનું દર્શન છે. તે ધરી રહેલા પાત્રોને જોઇતો અગ્રભાગ મળ્યો છે. અજન્તાનું લગભગ પ્રત્યેક મહત્ત્વનું ચિત્ર આ રીતે વિચારપૂર્વક અને કળાપૂર્ણ શૈલીથી યોજાએલું છે.

ર. મ. રા.

Our Friends Abroad

અમેરિકામાં પત્રવ્યવહાર કરવા જેવા મિત્રો (ગયા અંકથી ચાલુ)

Wilbur Myers

Sulphur springs Texas (U.S.A.)

એની પાસે હજારો અમેરિકન કુમારોનાં સરનામાં છે. અમેરિકાના ગમે તે ભાગ માટે તમને પત્રમિત્ર મેળવી આપી શકશે. અમેરિકા પર નિયમિત પત્રો મોકલી શકે એવા હિંદી વિદ્યાર્થીઓની યાદી માગે છે. જ્યોર્જ રાજાની કેટલીક વપરાએલી ટીકીટો માગે છે. તેમની શરતો આવી છેઃ

(૧) પૂરૂં નામ અને સરનામું મોકલવું, (૨) ઉમ્મર અને શોખ જણાવવાં, (૩) તમે કયા વિભાગમાં મિત્ર મેળવવા ચાહો છો (૪) તમે અમેરિકાનું કોઈ માસિક ચાહો છો તો તે મિત્ર તમને મફત મોકલશે.

Bruce M. Lankester

State College Mississippe (U.S.A.)

૧૫ વર્ષનો છે પણ છ ફૂટની ઊંચાઇ સર કરી છે. ૧૧મા ગ્રેડમાં ભણે છે. લોકસાહિત્યમાં રસ લે છે. તેના પ્રાંતના ચારણોની પરિષદ મળી તેમાં હાજરી આપી હતી. ૧૯૩૮ના એપ્રિલમાં ચારણોની ત્રીજી પરિષદ થઇ હતી તેમાં ૩૦૦૦ ચારણોએ કાવ્યસ્પર્ધા કરી હતી.

Mr. Clinton Zeengg

Jamestown Missouri (U.S.A)

એમણે ખાત્રી આપી છે કે હિંદમાંથી કોઈ તેના ઉપર પત્ર લખશે તો યુનાઇટેડ સ્ટેટ્સની કંઇ ભેટ મોકલશે. ઉપરાંત તેના દેશ વિષે કોઈ પણ પ્રશ્નના જવાબો આપશે. હિંદના કુમાર તથા કુમારીઓ તેને પત્ર લખે એટલા માટે બહુ ઈંતેજારી બતાવે છે. તેણે ઘણાને કાગળો લખી જોયા પણ કોઇ જવાબ આપતું નથી. પણ કોઇ એ મેણું ટાળે એવી ભલામણ છે. સ્ટાંપ, સિક્કા, ફોટોગ્રાફોની આપલે કરશે.

Billy Sheeler

Terlton Oklahama Box 50 (U.S.A.)

૧૪ વર્ષનો ખેડુનો છોકરો છે. ૭૦૦ એકર જમીન પર તેના બાપની ખેતી છે. ઢોર અને ભૂંડનો ખુબ ઉછેર કરે છે. ઘોડા, ગાય વગેરે પણ ખૂબ છે. તેને પરદેશની છાપવાળી ટિકીટો ગમે છે. તે માટે પત્રવ્યવહાર કરતાં તેને પૂછેલા પ્રશ્નોનો જવાબ આપશે. ખેતી કરતા કેટલાક પત્રમિત્રો અહીં તેને મળશે?

Sam Despotovich

3312 South 22 Street Ohama Nebraska

ચોક્કસ માણસ જણાય છે. ૧૬ વર્ષનો, અનુભવે ઠાવકો લાગે છે. ૨૦૦૦ સ્ટાંપ ભેગી કરી છે. એને હિંદુસ્તાનની વપરાએલી સ્ટાંપો જોઇએ છે. વેસ્ટ પેપર બાસ્કેટમાંથી તેના માટે ખજાનો મળશે. હિંદના વિદ્યાર્થીઓએ હજી એ ક્ષેત્રની પૂરી કદર કરી જણાતી નથી.

Jack Turner 619 Samanther Street

Tansing Michigam (U.S.A.)

૧૫ વર્ષનો તરુણ વિદ્યાર્થી, મેદાની ખેલ, પ્રવાસ, કસરત વગેરેનો શોખીન છે. ઉનાળામાં ખૂબ તરવું, શીઆળામાં સ્કેટીંગ પર લપસવું એની મોજ છે. સાથે કૅમેરા તો લેવાનો જ અને શિયાળામાં ટપાલ પરથી ટિકીટો ભેગી કરવાનો. તેના પ્રદેશમાં ઉનાળો એટલે ૯૦ કે ૯૫ ડીગ્રી, શિયાળો એટલે શૂન્યથી પણ આગળ ૧૦-૧૫ સુધી પારો બેસી જાય. ટાનસિંગ શહેર મિશિગન પ્રદેશનું મથક છે. ૭૮,૩૯૭ વસ્તી છે. ટાનસિંગનો મોટો ધંધો મોટરો બનાવવાનો છે. ખેતીવાડીનાં ઓજારો પણ ત્યાં બને છે. શહેરમાં નાનું મ્યુઝીઅમ છે. આપણો મિત્ર અમેરિકાના નૌકાસૈન્ય વિષે ઘણું જાણે છે. જગતમાં તે સૌથી મોટો કાફલો છે. જેક ટર્નર દરેક જાતનાં વહાણો ઓળખી શકે છે. આવા મિત્રનો પરિચય કરજો જ.

Richard E. Jones, 606 E. North St.

Wapakoneta, Ohio (U.S.A.)

૧૭ વર્ષનો ભાવનાશાળી કુમાર છે. જગતમાં યુદ્ધ ટાળવા અને આંતરરાષ્ટ્રીય બંધુભાવ વધારવા દરેક જણે કંઇક કરવું જોઇએ એમ માની પોતાના ભાગ પૂરતું પત્રવ્યવહારથી એ કાર્યમાં કંઇક બનતું કરવું એમ માને છે. સર્જન થવાનો અભ્યાસ કરી રહેલ છે. શોખના વિષયોમાં સંગીત, સ્કાઉટકર્મ, પત્રવ્યવસાય, મેદાની અને પાણીના ખેલ પણ ખૂબ ગમે છે

Lawrence Wojcik 117 N. Spring St.

Bhoomfield N. J. (U.S.A.)

Vernon Vallted

8x-157 Wooland Wyoming

૧૪ વર્ષનો કુમાર. કાગળ સરસ લખી શકે છે. બહુ સુંદર પ્રદેશમાં વસે છે.

Dick. L. Spreckels

Route 1 Harlingen, Texas

૧૫ વર્ષ રીયો ગ્રાન્ડ વૅલીના મધ્યમાં જ તેનું ગામ છે. રીયો ગ્રાન્ડ નદી પાસેથી જ વહે છે. મેક્સીકોથી તે પંદર માઇલ દૂર છે; મેક્સીકોના અખાતથી માત્ર ત્રીસ માઇલ થાય છે.

Frank Marsh } 955 N. W. Third Street
Barbara Marsh } Miami, Florida (U.S.A.)

આ ભાઇબેન બંને પત્રવ્યવહાર નિયમિત કરવાની ખાત્રી આપે છે. ટિકીટો, આલ્બમો, નવાઇની ચીજોની આપલે કરશે.

Joe Kicia, R. O. 2 Union Ave

Somerville, N. V. (U.S.A.)

૧૭ કે ૧૮ વર્ષના કોઇ પણ પત્રમિત્ર સાથે ટિકીટો, ચિત્રો, જૂનાં હથિયારોની આપલે કરશે.



જીવનનું પરોઢ

મહાત્મા ગાંધીજીના લોકોત્તર વ્યક્તિજીવનના ઘડતરમાં સવિશેષ ફાળો આપનાર દક્ષિણ આફ્રિકા. ફીનિક્સ આશ્રમની સ્થાપના એ એ ઘડતરનો મંગળ પ્રારંભ. આ લેખમાળાનો ઉદ્દેશ એ કાળના વાતાવરણનો ઘરગથ્થુ પરિચય આપવાનો છે. અનિવાર્યે એવી કેટલીક અંગત હકીકત ના છૂટકે આવવા દઈ, જે અનેરા રંગોમાં પોતાના જીવનનું પરોઢ વીત્યું તેની, લેખકે એ કાળની બાળપણની નજરે આપેલી આ પરિચયમાળામાં સત્યાગ્રહના ઉગમકાળની, ગાંધીજીના પુણ્યશ્લોક ચારિત્ર્યની તેમજ તેમના ખડતલ તપસ્વી જીવનની કથાનું આલેખન મુખ્ય ભાગ ભજવે છે.

●

ભાગ બીજો

પ્રકરણ સત્તરમું: ઉપવાસ

અન્નજળનો ગળાગાળી મૂકનારો ત્યાગ તો જોકે એક જ દિવસમાં આટોપાઇ ગયો, પણ એની અસર તેજાબથી યે આકરી થઇ. રાતના ભૂખ્યા અને વ્રતી બાપુજીને લઇ ફીનિક્સ સ્ટેશનેથી ટ્રેન રવાના થઇ ગઇ તે પછી અમારી બેચેની વધી ગઇ. આંગળી પર હથોડી પડે અને તે કચરાઇ જાય ત્યારે એ એટલી નથી દુખતી જેટલી થોડે કલાકે કળ ઊતર્યા પછી દુખે છે. બાપુજી ગયા પછી એમને થએલી પીડા અને વેઠવો પડેલો ઉપવાસ અમને ત્રંભવા લાગ્યો. કોઇને બીજાની સામે જોવાની યે હિંમત ન પડી. સ્ટેશનેથી પાછા વળતાં અમારો સંઘ મોટો હોવા છતાં જાણે એકાકી જંગલમાં ચાલ્યા જતા હોઇએ એવી અમારા મનની હાલત થઇ પડી. અને બીજે દિવસે સૂરજ ઊગવા છતાં જાણે ઊગ્યો જ ન હોય એવી અકળામણ થવા લાગી.

લગભગ સેક દિવસે બાપુજી પાછા ફર્યા એમના અન્નજળત્યાગની અરેરાટી મનમાં જેવી ને તેવી હોવા છતાં બીજી વાતોની મને ગમ ન હતી. બાળસ્વભાવ મુજબ હું મારા રોજના કાર્યક્રમમાં આનંદ માણતો થઇ ગયો હતો. મને ખબર ન હતી કે મોટેરાંઓના મનમાં શા ઘાટ ઘડાઇ રહ્યા છે. રિવાજ મુજબ અમે બાપુજીને લેવા ટોળે મળી સ્ટેશને પહોંચ્યા.

રેલના ડબ્બાનું બારણું ઉઘાડી બાપુજી બહાર નીકળ્યા પણ મુદ્દલ હસ્યા નહિ. એમની પાછળ કેલનબેક સાહેબ પણ લૂખે ચહેરે ઊતર્યા. બાપુજી હસે નહિ ત્યારે એમનું ગાંભીર્ય એમની પડખે ઊભનારને મૂંઝવી નાખનારું હોય છે. વારાફરતી પગે લાગી, પોટલાં ઊચકી અમે પાછા વળ્યા. કોઈ કંઈ બોલ્યું જ નહિ. ઘણાખરાઓને આગળ વધવા દઈ બાપુજી ફક્ત કેલનબેક સાહેબ અને સાને સાથે રાખી ચાલવા લાગ્યા. જેઓ ખૂબ આગળ વધી ગયા ન હતા તેઓ બાપુજીથી વીસ ત્રીસ ડગલાં પાછળ રહ્યા. હું રમતો ગેલ કરતો સૌને નિહાળતો બાપુજીથી પાંચેક ડગલાં પાછળ પાછળ ચાલ્યો. એમની આજુબાજુમાં મારા સિવાય બીજું કોઇ ન હોવા છતાં મને ન સૂઝયું કે કંઇ ખાનગી વાતો ચાલે છે. મારે કાને જેટલા શબ્દો પડતા હતા તે બધા હું રસપૂર્વક સાંભળતો હતો. એ પરથી મેં અનુમાન બાંધ્યું કે "બાપુ વધુવધુ તપતા જાય છે, સા ખિન્ન થતા જાય છે અને પોતાનો બચાવ રજૂ કરતા જાય છે. લગભગ રાત્રે ઘેર પહોંચવા આવ્યા ત્યારે દેવદાસકાકાએ મને જરા દૂર બોલાવી લીધો અને કહ્યું, 'કોઇ ન સાંભળતું હોય એ પણ તારે તો સાંભળવું જ જોઇએ કાં?' મને સાન આવી ને હું દૂર ખસી ગયો. સાથેસાથે અટકળ પણ કરી કંઇક ગંભીર પ્રકરણ ચાલે છે. ઘેર પહોંચતાં વેસ્ટબેન પણ બાપુજી પાસે પોતાને ઊતરી ગએલે ચહેરે આવ્યાં અને બાપુજીએ એમની સાથે એકાંતમાં વાત કરી. મને સ્પષ્ટ થયું કે ચોરી–જૂઠાણાનું જે પ્રકરણ ઉખળ્યું હતું તે પૂરું નથી થયું, હજુ ચાલે છે.

સાંજે પ્રાર્થનામાં બાપુજી બોલ્યા: ઘણાખરાઓને તો ખબર પડી ગઇ છે કે આજથી સાત દિવસ સુધી મારે ઉપવાસ છે. પેલી પ્રતિજ્ઞા લીધી હતી એટલી આ ગભરાવનારી નથી. પેલામાં તો અન્નનો

દાણો કે પાણીનું ટીપું લેવાય એમ ન હતું. આમાં મેં પાણીની છૂટ રાખી છે ને સાથેસાથે સાત દિવસની અવધી પણ છે જ. એટલે આમાં મને કંઇ ભારે આપત્તિ આવી પડવાની છે એવું છે જ નહિ. દેશ-માં તો કેટલાયે એવા સાધુ આજે પણ મોજૂદ છે કે જેઓ ચાલીસચાલીસ દિવસના ઉપવાસ કરે છે.

'આ ઉપવાસ હું એમને સજા કરવા માટે કરૂં છું એમ કોઇ ન માની લેતા. મારી કચાશ દૂર કરવા માટે જ એ કરૂં છું. આપણા ઋષિમુનિઓનું તપ એવું હતું કે એમની પાસે વાઘ અને ગાય બંને ગેલ કરે. એમનું તપ એટલું મોટું હતું. ગમે એવો મેલા દિલનો માણસ એવાની પાસે જઇ ચડે તો પણ તે સ્વચ્છ બની જતો અને એનું સાચુંખોટું તરત નોખું તરી આવતું. આપણે એવા ન થઇએ ત્યાં સુધી કંઇ મોક્ષ નથી મળવાનો. પણ આજે તો એ સ્થાનેથી આપણે મજલો દૂર છીએ. ત્યાં પ્હોંચતાં પ્હોંચતાં તો આપણા અનેક જન્મ વીતી જાય.

'જે માણસ બીજાને સારા કરવા સારૂ પોતાની પાસે રાખે, ખોટે રસ્તેથી સારે રસ્તે લઈ જવાને પોતાની આસપાસ નાનામોટાંઓનું ટોળું જમાવી રાખતો હોય એણે તો કેટલા બધા સાચા રહેવું જોઇએ ? એની પાસે તપશ્ચર્યાના તો ભરપૂર ભંડારો હોવા જોઇએ. મારી પાસે કશું નથી. આજ સુધી મેં કંઇ તપશ્ચર્યા કરી જ નથી. હું અનેક ઉપાધિ-ઓમાં આવી પડ્યો છું. ક્યાંક એકાદ જંગલમાં પહોંચી તપશ્ચર્યા કરવા જાઉં એવા સંજોગો જ મને નથી આવ્યા. અને તે આવે તોયે અહીં તો ક્યાંથી આવે ? દેશમાં એ બધું થઇ શકે. પણ જો એવી પાર્વતી જેવી ભારે તપશ્ચર્યા કરવાનું ન બને તો યે અહીં બેઠે જે થઇ શકે તે તો કરૂં. કામ કરવું એ તો જેમ આપણે ખાઇએ છીએ, પીએ છીએ, શ્વાસ લઇએ છીએ તેમ કામ કરીએ છીએ. એ તો આપણે કર્યા કરીએ. કામ કરવામાં કંઇ આપણને ઝાઝી મહેનત નથી પડતી. શરીરને કામ કરવાનુ હોય છે તે કર્યા કરે છે. પણ માણસ જન્મીને આપણને જો કંઇ ખાસ કરવાનું હોય તો તે માત્ર તપશ્ચર્યા જ. એ તપશ્ચર્યાનો પહેલો અનુભવ મને મળે છે ત્યારે તમારે બધાએ રાજી થવું જોઇએ. દુઃખી રહી, બેબા-કળા બની જઇ મારા દુઃખમાં વધારો ન કરવો જોઇએ, પણ પ્રસન્ન રહી મને દરેક રીતે મદદ કરવી જોઇએ. મારી સાથે બા, રામદાસ, ધૈવતી, સા અને બીજાઓ સાત દિવસની લાંઘણો કરવા માગે છે પણ મેં બધાંને કરવાની તો ચોકખી ના પાડી છે.

'કેલનબેકનો તો ધર્મ થઈ પડ્યો છે કે મારા દરેક વ્રતમાં સાથ દેવો. અને વધુમાં ફક્ત સા ને મેં મારી સાથે લાંઘણ કરવાની છૂટ આપી છે. એ છૂટ ન આપું તો એના અંતરને શાંતિ વળે એમ નથી. એ દેહ હવે પશ્ચાત્તાપના અગ્નિમાં તવાઇને શુદ્ધ થશે ત્યારે જ એનાથી નભાવી શકાશે. અને એ ઉપવાસ એ સહન તો કરી જ શકશે: પણ જો કદાચ ન કરી શકયો ને એનો દેહ પડી ગયો તો મને એમાં દુઃખ નથી થવાનું. હું પછી શોક કરતો નહિ ફરૂં પોતાની શુદ્ધિ કરતાંકરતાં જો માણસને મોત ભેટી પડે તોતો એના જેવો શુભ અવસર બીજો કયો હોઇ શકે ? પણ એવું કંઇ થવાનું જ નથી. મારા કરતાં એ વધારે ઉપવાસ સહન કરી શકે એમ છે. પ્રશ્ન થશે કે સા ને અને કેલનબેકને મેં પ્રાયશ્ચિત્ત કરવાની રજા આપી તો ધૈવતીને કેમ ન આપી? એનું એ ગજું નથી. અને પ્રાયશ્ચિત્ત કરવું હોય તો બીજી રીતે પણ તે કરી શકે છે. વળી એના અંતરમાં શું શું ચાલી રહ્યું છે એનો હજુ મને પૂરો ખ્યાલ નથી આવ્યો. અને પ્રાયશ્ચિત્ત કરવું હોય તો પોતાના બધા વાળ કાપી નાખે, રંગબેરંગી કપડાં પહેરવાનું બંધ કરી ધોળી સાડી જ પહેરે, નિશાળના વર્ગો લેવાનું પંદર દિવસ માટે છોડી દે, વાતો કરવાનું ને ફરવા જવાનું બંધ કરે અને દેવીબહેન (મિ. વેસ્ટની બ્હેન) સાથે દિવસ કાઢે એ એનું પ્રાય-શ્ચિત્ત છે. મેં એને એ પ્રમાણે કરવાનું કહ્યું છે. એણે કબૂલ્યું પણ છે. એટલે કાલે સવારે પહેલવહેલા હું એના વાળ કાપવાનું કામ કરવાનો છું. બાકી રામ-દાસને કે બાને કે બીજા કોઇને પણ મારી સાથે ઉપવાસ કરવાની જરૂર નથી. એમને શાનું પ્રાયશ્ચિત્ત કરવાનું છે? અને જો કોઇને કરવાનું કારણ હોય તો હું મારા ઉપવાસ પૂરા કરૂં ત્યાં સુધી રાહ જુએ પછી તેઓ ભલે કરે. હું ઉપવાસ કરીશ એટલે રાંધવામાં, ખેતરમાં, મોચીની કોડમાં બધે મારૂં કામ

ઓછું થવાનું એ બધાને પહોંચી વળવું એ જ તમારું કામ છે. મારા ઉપવાસ ચાલતા હોય ત્યારે તમારે બધાએ બેવડા ઉત્સાહથી કામ કરવું જોઇએ અને ઉપવાસ કરતાં મારી પેઠે તમારા કોઇનો ઉત્સાહ ટકવાનો નથી. માટે આજે સાંજે બે કલાક સુધી મેં બાને ને રે ને સમજાવ્યાં; પણ હજુ મારી વાત તેમને ગળે નથી ઊતરી. તેઓ સમજે તો સારું.

'બીજું મારે બધાંને—અને ખાસ કરીને છોકરાંઓને કહેવાનું કે તમારે સૌએ આ વાતની અંદરઅંદર કશી ચર્ચા કરવાની નથી. ગુનો કરનારાઓની ફજેતી કરવી અને નિંદા કરવી એ બહુ ખરાબ કહેવાય. આપણે બધા સરખા જ ગુનેગાર છીએ. જો ન હોઇએ તો આપણી વચ્ચે એવું બનવા જ ન પામે. એક માણસ ગુનો કરે એમાં બધાનું પાપ હોય છે. આગલો માણસ ઠોકર ખાય એથી આપણે ચેતવાનું રહ્યું. આપણે તેને હસીએ અને ઊંચું જોઇને ચાલીએ તો આપણે પણ એવી જ ઠોકર ખાવાના. એટલે આપણે જો શાણા હોઇએ તો બીજાની ઠોકર જોઇને—બીજાને ભૂલ કરતા જોઇને—નમ્ર બનવું જોઇએ, વાંકા વળવું જોઇએ અને ચેતીચેતીને ચાલવું જોઇએ. જેને ઠોકર લાગી હોય તેની સેવા કરવા આપણે દોડી જઇએ છીએ અને દુઃખ ઓછું લાગે એવી મીઠાશ એના પ્રત્યે વાપરીએ છીએ. એવી જ રીતે આપણા સાથમાંથી કોઈ ભૂલ કરી બેઠું હોય અને તેનું અંતર પીડાતું હોય તો તેની પ્રત્યે મીઠાશ રાખવી જોઇએ અને તેને દિલાસો આપવો જોઇએ.'

છેવટે તેમણે કહ્યું કે 'આ ઉપવાસથી જ મારું કામ પતે એમ નથી. સાત દિવસના ઉપવાસ પૂરા થતાંની સાથે જ ચાર મહિનાનું એકટાણું ચાલુ થશે. અને હવે બીજી વાર પ્રાયશ્ચિત્ત કરવાનું આવશે તો મારે ચૌદ દિવસના ઉપવાસ અને એક વર્ષનાં એકટાણાં કરવાં પડશે. અને ત્રીજી વાર તો એકવીસ દિવસના ઉપવાસ વગર મારું પ્રાયશ્ચિત્ત થયું જ ન ગણાય. એકવાર પ્રાયશ્ચિત્ત કર્યું એટલે બધી લપમાંથી છૂટી જવાપણું નથી હોતું. પ્રાયશ્ચિત્તથી પરવાર્યા એટલે હાવકા બની હળવે હૈયે વરતવા લાગીએ તો એ પ્રાયશ્ચિત્ત નકામું. આપણે શરીર ઉપરની ધૂળ ખંખેરી નાખીએ છીએ તેમ પ્રાયશ્ચિત્તથી પાપ ખંખેરી નખાતાં નથી. પ્રાયશ્ચિત્તને અંતે જવાબદારી અનેકગણી વધી જાય છે. એકવાર પ્રાયશ્ચિત્ત કરનારને બીજીવાર પ્રાયશ્ચિત્ત કરવાનો પ્રસંગ આવે તો તેણે પહેલાં કરતાં બમણું પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ. ત્યારે હું તો માત્ર દર વખતે એક અઠવાડિયું વધારવાની જ વાત કરું છું.'

ઉપવાસના પ્રારંભમાં જ નહિ, પણ ઉપવાસ દરમીઆન દરરોજની સાયંપ્રાર્થનામાં બાપુજીએ પોતાના વલોવાતા હૃદયમાંથી સમર્થ વાક્પ્રવાહ વહેવડાવેલો. એ શબ્દો પૂરા યાદ રહેવા અશક્ય. માત્ર ઝાંખી સ્મૃતિ ઉપરથી ઉપર મેં એનો ખ્યાલ આપ્યો. એ વખતે એ શબ્દો લખી લેવાની ચીવટ અમારામાં કોઇને પેદા થઇ ન હતી.

પ્રાર્થના અને પ્રવચન પૂરાં થયાં પછી પાછા રામદાસકાકા બાપુજી પાસે પહોંચ્યા અને ઉપવાસમાં ભળવાનો આગ્રહ કરવા લાગ્યા. છેવટે પહેલે અને છેલ્લે દિવસે જેને બાપુજી સાથે ઉપવાસ કરવો હોય તે સૌને એ કરવાની રજા મળી.

બાપુજીના અમૃતભર્યા ઉપદેશ અને પ્રવચનથી અમારી ગમગીની કંઇક હળવી થઇ, પણ સાત દિવસ સુધી ખાધાપીધા વિના બાપુજી કેમ જીવી શકશે અને જીવી ન શકતાં દેહ પડશે તો કેમ થશે એ ચિંતા અમારા હૈયાને કોરી ખાવા લાગી. બાપુજીના આટલા લાંબા આ પહેલા જ ઉપવાસ હતા. અમારી વ્યાકુળતા અસાધારણ હતી. પણ જાણે કંઇ નવી વાત જ નથી બની એમ બાપુજીએ ઉપવાસ આરંભી દીધા. આખા દિવસનો કાર્યક્રમ પહેલાંની પેઠે જારી રાખ્યો. અમારા વર્ગો પણ લેવાનું ન છોડ્યું. પોતે ઉપવાસ કરતા છતાં અમને પીરસવાની અને પ્રસન્નતાપૂર્વક જમાડવાની ચીવટ રાખી. ઝાઝું ચાલવા ફરવાનું ઓછું કર્યું, છતાં છેવટ સુધી હરતાફરતા જ રહ્યા. સૂતા નહિ. એ દિવસમાં અમારા વર્ગમાં જે ગીતાનાં પ્રવચનો તેમણે કરેલાં ત્યારે મારું ધ્યાન અસાધારણ રીતે એમાં એકાગ્ર રહેવા લાગ્યું. બાપુજીને કોઇ રીતે ત્રાસ ન થાય એની ચીવટ સારૂ અમે બહુ ડાહ્યાડમરા બની ગયા. ઠેઠ સાતમે દિવસે અમારી સાપ્તાહિક પરીક્ષાના પત્રો તપાસતાં તપાસતાં એક મિનિટ સારૂ તેઓનું માથું ઝૂકી ગયું! સૌએ કહ્યું, બાપુજીને મૂર્છા આવી! ત્યાં તો પાછા સાવધ થઈ

ગયા અને અમારી પરીક્ષા લેવાનું કામ પતાવ્યું!

ટૂંકમાં કહું તો એ ઉપવાસ જેટલા ભીષણ દેખાતા હતા એટલા જ બાપુજીના અપાર મનોબળે કરી રમત વાતમાં ઉકલી ગયા. એ ઉપવાસો ભૂલાઇ પણ ગયા. પરંતુ સાત દિવસની એ પ્રાર્થનાઓમાં બાપુજીએ જે મહા વાગ્યજ્ઞ કર્યો એવાં એકધારાં આર્દ્ર પ્રવચનો એમના જીવનમાં બીજી વાર થયાનું મને યાદ નથી આવતું. મને સાંભરે છે કે એ પ્રાર્થનાઓમાં તો બાપુજીએ પોતાના દેહનું જ નહિ, સાંભળનારાઓના દેહનું પણ અસ્તિત્વ ભૂલાવી દીધું હતું. આત્માને જાણે મૂર્તિમંત કર્યો હતો.

સાતે દિવસ સુધી શ્રીમદ્ રાજચન્દ્રનું

'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે
ક્યારે થઇશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું તીક્ષ્ણ છેદીને
વિચરીશું કવ મહત્ પુરુષને પંથ જો?'

એ ભજન ગવાયું અને કડીએ કડીએ બાપુજીનાં પ્રવચનો થયાં. મગનકાકા ગંભીર અવાજે એ ગવડાવતા. મણિલાલકાકા 'ઑરગન' ઉપર એના મૃદુલ સ્વરો ઉપાડી લઇ આખા ઓરડાનું વાતાવરણ ગજવી દેતા અને બહુ જ લાલિત્યથી મારી બા વગેરે એ ભજન ઝીલતાં. ભલભલા સંગીત જલસાઓમાં હૃદયની રેલ એવી રીતે નથી ચાલતી જોઇ, જે રેલ એ દિવસોએ ચાલેલી. વાચકને એ ભજનની કડીઓ પરનાં પ્રવચનોનો પ્રસાદ અહીં આપી શકવાની શક્તિ મારામાં નથી. હું શ્રદ્ધાળુને એટલું જ કહું કે એ ભજનો ફરી ફરી વાંચવા ગાવાથી જ બાપુજીના આ પ્રવચનનો પડઘો તેમાં સંભળાશે. આજે યે 'અપૂર્વ અવસર'નું એ ભજન મારે માટે 'અપૂર્વ' જ રહ્યું છે અને હળવે હૈયે નથી ગાઇ શકાતું.

એ ભજન પૂરૂં થયું અને નિર્વિઘ્ને બાપુજીના, કેલનબેક સાહેબના અને સાના ઉપવાસો પુરા થયા. કેલનબેક સાહેબ ઠીક ઠીક લેવાઇ ગયા. પણ એમના ચહેરા પર શાંતિ ભારે હતી. સાએ પણ બાપુજીના જેટલી જ ધીરજ અને બહાદુરીથી ઉપવાસો ઉકેલ્યા એટલું યાદ છે. એને આરામની વધુ જરૂર પડી એવું કંઇક ખ્યાલમાં આવે છે. ઉપવાસ તોડતાંની સાથે જ બાપુજીએ એકટાણું શરૂ કર્યું. ઉપવાસની નબળાઇ દૂર થતાં સુધી પણ તેઓ થોભ્યા નહિ.

બાપુજીના આ ઉપવાસોની અસર શી થઇ એ મને ત્યારે ક્યાંથી જ સમજાય? પણ ત્યાર પછી ઉપવાસનું ચલણ વધ્યું. મને કંઇક એવો ખ્યાલ તો છે કે ધૈવતબેને એ ઉપવાસો પછી કેટલેક દિવસે બેચાર ઉપવાસ કર્યા. ઘણા દિવસો સુધી તેઓ મૂગાં રહ્યાં. ખાટલામાં સૂઇ રહેતાં તથા કંઇ પીવાકરવાનું માગવું હોય ત્યારે ચિઠ્ઠીઓ લખતાં. બીજા છોકરાઓએ પણ એકેક બબ્બે દિવસના ઉપવાસો કર્યાનો ખ્યાલ છે. આ પ્રવાહમાં મેં પણ એક ઉપવાસ કર્યો.

વાત એમ બની કે એક દિવસ સાંજે બગીચાને એક ખૂણેથી હું રસ્તે જતો હતો ત્યાંથી ધૈવતબેને મને બોલાવ્યોઃ 'કેમ પ્રભુદાસ, તું શું સમજે છે તારા મનમાં? હું તો ધારતી'તી કે તું એક સાફ દિલનો નાનો છોકરો છે, પણ તું તો ભારે લુચ્ચો નીવડ્યો. મોટા પણ ન કરે એવી ચતુરાઇ તેં વાપરી છે. હવે આ ભણવા કરવાનું મૂકી દે અને ઠગવિદ્યામાં પારંગત થઇ જા. એમાં તું એક્કો નીવડવાનો.'

'એટલે શું? મેં શું કર્યું છે?'

આંખ ચડાવીને તેઓ બોલ્યાં, 'શું કર્યું છે? મારી પાસે મીઠો પટુડો થઇને તેં બધી વાત કઢાવી લીધી ને પેલા મંડળને કહી અને એમની વાતો પણ એવી ધૂર્તતાથી કઢાવી મને કહી. અમારી વચ્ચે ભાઇએ નારદ મુનિનું કામ કર્યું.'

હું તો સ્તબ્ધ જ બની ગયો. મેં એ ગુનો કર્યો છે અને હું કરતો આવું છું એનું ભાન પણ મને ન હતું. પણ ધૈવતબેનના ઠપકાથી મારી આંખ ઊઘડી. મેં જાણી લીધું કે હું ગુનેગાર છું. પણ એનું કારણ ધૈવતબેન પોતે જ હતાં. એમણે જ મને બીજાઓને એવા ધૂર્ત સવાલો પૂછવાનું અને બેનની પોતાની નિંદા કરી એમના હરીફ મંડળનું મનોગત જાણી લેવાની યુક્તિઓ બતાવેલી. ઊલટું મેં એનો ઉપયોગ પણ નહોતો કર્યો, કારણ હું સમજી ગયો હતો કે ધૈવતબેન મને જૂઠું શીખવે છે. હું ઓળખી શકતો એ જૂઠાણાંથી તો હું દૂર રહેતો. મેં જે કંઇ કર્યું હતું તે બંને મંડળનો સરખો વિશ્વાસપાત્ર રહેવા ચાલાકીઓ વાપરી હતી. એ પણ જૂઠાણું હતું એની મને ખબર ન હતી. બધું કામ (સાત ઉપવાસ વગેરે)

ઉકલી ગયા પછી આવી રીતે અચાનક હૂમલો મારા પર થયો એટલે હું મનમાં બળી ઊઠયો. પ્રાઇમસ સ્ટવના સ્પિરિટને જ્યાં સુધી દિવાસળી નથી ચંપાઇ ત્યાં સુધી એ ઠંડો અને આહ્લાદક લાગે છે, પણ દિવાસળી ચાંપતાં વેંત ભડકી ઊઠે છે; તેમ ધૈવતબેનની દીવાસળી ચંપાતાંની સાથે હું ભડકી ઊઠયો. મારી ભૂલને લીધે હું પણ બળવા લાગ્યો અને મારા ક્રોધથી ધૈવતબેનના હોઠ એ ને એ ક્ષણે દાબી દેવા પગભર થઇ ગયો. મેં એમને થોડી વાર મૂગો રહીને પછી પૂછ્યું, 'શું એમાં મારો વાંક છે?' 'હા, સાત વાર તારો જ વાંક છે. તેં જ એ બધી લુચ્ચાઇ કરી છે.' 'મેં?' 'હા; એક તો ઠગાઇ કરી છે ને પાછો સામો થાય છે કાં? હું બાપુને કહેવાની છું કે તમે બધાને વઢો છો પણ પહેલો વઢવા લાયક અને બધાં કાવત્રાંનું મૂળ તો પ્રભુદાસ જ છે. પછી જોજે તારી ફજેતી થાય છે તે. તારૂં બધું દોઢડહાપણ નીકળી જવાનું છે.' 'પણ આ બધી ખબર તમને આજે પડી? આજ સુધી તમે કંઇ ન બોલ્યાં અને આજે કેમ. . . . .' 'એ જ હું કહી રહી છું ને કે તારી સફાઇ મોટમોટાને પછાડી દે એવી છે. હું તો કાલે ગંધાર સાથે વાત કરતી હતી ત્યારે જ મને તારી પક્કાઇની ખબર પડી. મને શી ખબર કે તું અમને બંનેને રમાડે છે. એ લોકો પણ મારા પર ચીડાયા છે અને બાપુજી પાસે તારી હાજરી લેવરાવશે.' 'ભલે; પણ મેં તમારો વાંક અજાણતાં કર્યો છે, જાણી જોઇને નથી કર્યો.' 'હજુ કબૂલ નથી થતો કાં? આટલી બધી લુચ્ચાઇ કોઇ અજાણતાં કરી શકતું હશે ખરૂં?' 'ઠીક ત્યારે, મેં ભૂલ કરી અને હું એનું પ્રાયશ્ચિત્ત કરીશ.' 'હા, હવે એ સફાઇ બાકી છે, એ યે કર.' એમના છેલ્લા વાંકે મારા પર વીજળી નાખી. મારાથી કંઇ બોલાયું નહિ. હૈયું ભરાઇ આવ્યું અને મારી બંને આંખ દડ દડ દડ વહેવા માંડી. 'ઠીક, હવે રોવાનો ઢોંગ કરે એટલે હું તને પડતો મેલું!'

હું ત્યાંથી ચાલ્યો ગયો. કોઇને મેં મોઢું બતાવ્યું નહિ. મારી ભૂલ હોવાને લીધે મારાથી મારૂં સ્વાભિમાન જાળવાય એમ ન હતું, પણ ગમે તેમ, મારે દરેક જણ સાથેનો સંબંધ તોડી નાખવો હતો અને ધૈવતબેનનું સાટું વાળવું હતું. એ સાટું તો એ જ વળ્યું કે તે દિવસ પછી કોઇ દિવસ એમની સાથે હું બોલ્યો નહિ.

સવારે ખેતરમાં કામ ચાલતું હતું. બધા છોકરાઓ થોડે છેટે છેટે ઘાસ કાઢવામાં મશગૂલ થઇ ગયા હતા. હું બાપુજીને જમણે હાથે એમની પાસે જ ખોદતો હતો, પણ મારૂં ચિત્ત વ્યાકુળ હતું. મને પેટમાં કંઇનું કંઇ થઇ જતું હતું. અનેક વાર આગળ પાછળ થઇ છેવટે મારા હોઠ ઉઘડ્યા:

'બાપુજી, આજે મારે ખાવું નથી; આખા દિવસનો ઉપવાસ કરવાનો છું.' 'કેમ?' 'ધૈવતબેનનો મેં ગુનો કર્યો છે એમ તે કહે છે.' 'શો ગુનો?' 'એમની વાત મેં ગંધાર આદિને કહી અને ગંધાર આદિની એમને કહી. મારાથી એ ઠગાઇ થઇ ગઇ છે.' ગળે ડૂમો બાઝ્યો હતો. મારાથી વધુ બોલાતું ન હતું. આંખમાં પાણી આવી ગયાં. બાપુજીએ ટૂંકો જવાબ આપ્યો: 'તને કામમાંથી છુટ્ટી નહિ આપું.' 'મારે જોઇતી જ નથી.' 'આજે શુક્રવાર છે; છાપખાનામાં પણ આકરૂં કામ કરવું પડશે. ત્યારે મારી પાસે રજા લેવા ન આવતો કે ઝોલાં પણ ન ખાતો.' એમણે કહ્યું. મેં કહ્યું 'હું કામ કરીશ અને ઉપવાસ પણ કરીશ.' ફરી બાપુ કહે, 'સાંજે હું આપું તે થોડું ખાઇશને?' મેં જવાબ આપ્યો, 'નાજી, મારે કંઇ જ ખાવું નથી. તમારી પેઠે જ મારે ઉપવાસ કરવો છે. ગુનાના ઉપવાસમાં ખવાય?' 'ન જ ખવાય. તારી હિંમત છે તો કર ઉપવાસ.'

બાપુજી સાથે પહેલે કે સાતમે દિવસે મેં ઉપવાસ નહોતો કર્યો, પણ એ દિવસે પહેલો ઉપવાસ મેં કર્યો. આખો દિવસ કામ કર્યું. અકળામણ તો થઈ, પણ હિંમત રાખી. સાંજે પ્રાર્થના વખતે બાપુજીએ મને સાવ પોતાની જ પાસે બેસાડ્યો અને પ્રવચન કર્યું. મારૂં ધ્યાન એ વખતે પ્રવચનમાં ન હતું, પણ બીજે દિવસે શું મળશે તેમાં હતું. પ્રાર્થનાની જગ્યાએ જ ક્યાંકથી આવી પડેલું એક કાજુ હતું. ખ્યાલ વિના એ મોઢામાં ક્યારે મુકાયું અને કેમ ચવાઇ ગયું એની મને ખબરે ન પડી. બીજા કોઇને યે ખબર ન પડી. પણ એ ખાઇ લીધા પછી પસ્તાયો કે એક કાજુના દાણા સારૂ મારો ઉપવાસ અશુદ્ધ બન્યો! પણ એ બીજા કોઇને કહેવાની મારી હિંમત ન ચાલી.

(ચાલુ) પ્રભુદાસ છગનલાલ ગાંધી

એનું નામ તે સેવિકા*

ઈ. ૧૯૧૭માં 'ફિન્લૅંડ' નામે વહાણ અમેરિકન સૈનિકોને લઈને ફ્રાન્સ જવા નિકળ્યું ત્યારે તે વહાણ ઉપર મિસ ઍલિસ જી. કાર નામે એક નર્સ પણ હતી, તે આ લેખની નાયિકા છે. પણ એ તો નિકળી તે નિકળી. એના નિષ્ક્રમણને એકવીશ વર્ષ થઈ ગયાં, તો ય તે હજી પાછી ઘેર નથી ગઈ.

બે દસકા થયાં તે યુદ્ધઅસુરના હાથીપગ નીચે છૂંદાઈ ગયેલા લોકોની સેવા કરે છે, રોગચાળો અટકાવે છે અને નરણાંને અન્ન તથા નવસ્ત્રાંને વસ્ત્ર પહોંચાડે છે. ફ્રાન્સ, પોલૅંડ, સર્બિયા, ચેકોસ્લોવેકિયા, ગ્રીસ તથા એશિયા માઈનોરમાં એણે કામ કર્યું છે.

ઓહિયો સ્ટેઇટ યુનિવર્સિટીએ એને માનાર્થે 'ડિગ્રી' આપી છે અને ગ્રીક સરકારે એને 'ઑર્ડર ઑવ્ ધ કમાંડર ઑવ્ સૅંટ જ્યૉર્જ'ની સભ્યા બનાવી છે, પણ એમાં કાંઈ મોટી વાત નથી; મોટી વાત તો એ છે કે એણે અનેક જીવ બચાવ્યા છે, રોગને જીત્યા છે તથા મરકીસ્થાનક ચોકખાં કર્યાં છે.

વિશ્વવિગ્રહ પછી તુર્કોએ દસ લાખ ગ્રીકને એશિયા માઈનોરમાંથી તગડી મૂકયા એટલે એ ગ્રીસમાં આવીને ઉભરાણા. આથેન્સમાં જ્યાં જુઓ ત્યાં—નાટકશાળા, મંદિર તથા કોઠારમાં જ નહિ પણ ઘર ઘરના ઊંબરા આગળ પણ—માંદા તથા ભૂખ્યા લોકોનાં ટોળેટોળાં. એના ઉપર દુઃખનાં તો ઝાડ જ ઊગ્યાં, રાષ્ટ્રસંઘે ગ્રીસને સહાયતા કરી, તોપણ ગ્રીસ આગળ બહુ સાધન ન મળે. ધીરેધીરે આ નિરાધાર લોકોની એણે સાર લેવા માંડી, પણ એ બધા કામની દેખરેખ કોણ રાખે?

આને સારુ મિસ કાર કટિબદ્ધ થઈ. શરીરે સુખી કેમ રહેવું તથા કેમ કરીને કમાવું તે એણે (નિરાધારોને) બતાવ્યું. એના કામનું મહાવાકય આ હતુંઃ 'સારો આરંભ કરવો અને લોકોને પોતાને જ કામ ચલાવતા કરી દેવા.'

પોતાના કામને સારુ મિસ કાર અમેરિકામાં ફાળો કરે છે. પણ અલ્પ ઉપકરણથી મોટાં કામ ઉકેલવામાં એની શક્તિ વિસ્મયકારી છે. કોરિન્થ ૧૦,૦૦૦ માણસની વસ્તિવાળું ગામ છે ત્યાં 'નીયર ઈસ્ટ રિલીફ'વાળા સ્મર્નાથી ૩૦૦૦ અનાથ છોકરાંને લઈ આવ્યા, ને એને ન છૂટકે જૂનાં લશ્કરી બરાકમાં રાખ્યાં. પણ બે સપ્તાહમાં ૨,૦૦૦થી વધારે છોકરાં મેલેરિયલ તાવથી માંદાં પડી ગયાં.

મિસ કારે કોરિન્થનાં ઉત્તમ કુટુંબની સ્ત્રીઓને તૈયાર કરીને એની સૅનિટરી ઇન્સ્પેકટરની ટોળી ઊભી કરી. અનાથ છોકરામાં મોટા હતા એને એણે પાણી સૂકવવાની ખાળ ખોદવા કામે લગાડ્યા. ગાંઠના ૫૦૦ ડૉલર આપીને એણે એક વપરાયેલ મોટર લીધી, અને જ્યાં પાણી દેખે ત્યાં એના ઉપર તેલ રેડતી તે આખા શહેરમાં ફરી વળી. કૂવામાત્રને એણે ઢંકાવી દીધા, અને જ્યાં જ્યાં ખાબોચિયાંમાં કે પછી ગોષ્પદમાં પાણી ભરાઈ રહ્યું હોય ત્યાં ત્યાં એણે કાં સૂકવી દીધું ને કાં તેના ઉપર તેલ રેડાવ્યું સો માઈલ લાંબી ખાળો ખોદાણી. હજારો માણસ મેલેરિયા સામે ઝૂઝતાં શીખ્યા. અને ૧૯૨૪-૨૬માં ત્રણ વર્ષનું કામ મિસ કારે પૂરું કર્યું. ત્યારે કોરિન્થનો મેલેરિયા અંકુશમાં આવી ગયો હતો, અને માણસોના જીવ બચ્યા હતા.

એક વાર આથેન્સથી સૅંકડો માઈલ આઘે ટાઈફૉઈડ ફાટી નીકળ્યો એને રોકવાનું કામ મિસ કારને ભાગે આવ્યું. રોકવો હોય તો જૂ મારવી જોઈએ, પણ જૂનાશક યન્ત્ર કયાંથી કાઢવું? અમલદારો કહે નહિ મળે, પણ મિસ કારે આથેન્સમાં એક જૂનું લડાઈ વેળાનું યન્ત્ર ખોળી કાઢયું, ને એને વહાણ ઉપર ચડાવ્યું. કેમકે એનું વજન લગભગ એક ટન હતું. વહાણ ઉપરથી યન્ત્રને ડક્કા ઉપર ઉતાર્યું તો જીરણ ડક્કો ભાંગી ગયો. મિસ કારે ગામના મેયરને અર્ધી રાતે જગાડ્યો, એની આગળ માણસ તથા ઘોડાં માગ્યાં, યન્ત્ર પાણીમાંથી કાઢયું અને ટાઈફૉઈડને રોકયો.

એક વાર મિસ કાર આથેન્સમાં ક્ષયની સામે

* 'અમેરિકન લીજ્યન મૅગેઝીન'માંના જેરગ બેટીના લેખ પરથી

યુદ્ધે ચડી હતી. આ કામમાં એને પોલિસની મદદ હતી, તોપણ ખાવાનું વેચનારા સ્વચ્છતાના નિયમો પાળે નહિ. એટલે મિસ કારે સ્ત્રીઓમાં બળવો જગાડ્યો. હાટ કેવું સ્વચ્છ રાખવું, ખોરાકને જાળીમાં અને કાચમાં કેમ રાખવો એનાં એણે મોટાં ચિત્ર કરાવ્યાં. અને કોઇ હાટ ગંદું દેખાય તો ત્યાં સ્ત્રીઓની ટોળી આવી ચડે, હાટવાળાને વઢે અને કહે કે તમે અમારાં બાળકોની હત્યા કરો છો. આમ દુકાનો તરત સાફ થઈ ગઇ.

એક વાર મિસ કાર મોઝલ ગામમાં ગઇ, જ્યાં ઍસિરિયન છોકરાં હજાર જન્મે એમાંથી ૭૦૦ ઉપર મરી જતાં હતાં. મિસ કાર ત્યાં દોઢ વર્ષ રહી અને બાળમરણનું પ્રમાણ ઘટાડીને હજારે ૧૫૦ ઉપર આણી દીધું તથા એવી ચતુરાઇથી કામ ગોઠવ્યું કે પોતે મોઝલ છોડ્યા પછી પણ સ્થાનિક સમિતિના હાથ નીચે તે ચાલુ રહ્યું.

આથેન્સને પડખે કાઇસરિયાની નામે ૧૦,૦૦૦ નિરાધારોનું ગામ હતું ત્યાં મિસ કારે ચાર વર્ષ કામ કર્યું. અહીં લોકો એટલા ગરીબ હતા કે ૧૦૦૦ કુટુંબમાં ૪૩૦ ક્ષયના દર્દી હતા અને એની સંખ્યા વધવામાં હતી.

ત્રણ વર્ષ પછી એ જ ઠેકાણે ૧,૩૩૨ કુટુંબોમાં ૩૩ જ ક્ષયરોગી હતા. ઇસ્પિતાલ કરવાના પૈસા ક્યાંથી કાઢવા? એટલે મિસ કારે સ્ત્રીઓને ખોરાક, રસોઇ, સ્વચ્છતા, ચેપનું જોખમ તથા સૂર્યપ્રકાશની આવશ્યતા સમજાવી સમજાવીને આ સરસ પરિણામ આણ્યું હતું. એક દવાખાનું તો એણે રાખ્યું હતું, પણ વસ્તુતાએ પોતાનાં ઝૂંપડામાં જ પોતાના ઉપચાર કરવાનું લોકોને એણે શીખવ્યું હતું.

કાઇસરિયાનીમાં માકડનો ત્રાસ બહુ. મિસ કારે જોયું તો એક જાતના ભૂરા કરોળિયા માકડનો શિકાર કરતા હતા. એટલે પ્રયોગ દાખલ તેણે પેટીમાં એક કરોળિયો તથા ૫૦ માકડ મૂકયા. બીજે દિવસે જોયું તો કરોળિયાને ખાતાં એમાંથી ૫ વધ્યા હતા. આ ઉપરથી ગ્રીસમાં બધે આ કરોળિયાનો ખપ જાગ્યો, ને રશિયાથી પણ એની માગણી આવી.

ગ્રીસમાં મારાથૉન ગામમાં મેલેરિયા બહુ હતો, ત્યાં મિસ કારે ૪૩ દર્દીઓને જેને ઘણાં વર્ષોથી મેલેરિયાનો ચેપ લાગ્યો હતો અને તેથી કરીને જે મેલેરિયાપ્રૂફ થઇ ગયા હતા એવા માણસોના લોહીનાં ઇંજેક્ષન આપ્યાં, અને તે બધા સાજા થઇ ગયા.

મિસ કાર મારાથૉન ગઇ ત્યારે ૪૦ ટકા કાર્યકરો એટલા માંદા હતા કે ખેતર ઉપર ન જઇ શકે. એ જ મારાથૉન આજ મેલેરિયાથી લગભગ મુક્ત છે. વળી મિસ કારે સ્ત્રીઓને વણતાં ને હંસ તથા રેશમના કીડા ઉછેરતાં શીખવ્યું, આથી ત્રણ ગામના ખેતરોની આવક ચાર વર્ષમાં ૯૬૦૦૦ ડોલરમાંથી વધીને ૧,૭૫,૦૦૦ ડોલર થઇ ગઇ.

આનું નામ તે સેવિકા. આવી સેવિકા ભારતમાં પાકે તો કેવું સારૂં?

દેસાઈ વાલજી ગોવિંદજી




દૂરની અને નજીકની

મંચુરિયા અને રશિયાની સરહદ પર આવેલા એક ગામ ચાંગકેફુંગની ટેકરીની બાબતમાં જપાન અને રશિયા વચ્ચે ઝરેલી ચકમક થોડા વખત પર ઓલવાઇ જઇ મહાયુદ્ધની એક સંભાવના ઓછી કરી પરંતુ પારીસના 'Soir' પત્રના કૉરસ્પોન્ડન્ટ મિ. લીઓં હર્માને એક અજબ વક્તવ્ય બહાર પાડયું છે કે એ ટેકરી જપાનીઝ પણ નથી ને રશિયન પણ નથી, પરંતુ ચેકોસ્લોવાકિયન છે! ઈ. ૧૯૨૦માં સાઇબીરિયાને પૂર્વ કિનારે આથડતા ચેકોસ્લોવાકિયાના કેટલાક ફોરેઈન લેજિયોનેર્સ ત્યાં જઇ ચડેલા. ત્યાંની ભૂમિના કસથી આકર્ષાઇ એમનો નેતા લાડીમીર નોકાશે ત્યાંના સોવિયેટ પ્રતિનિધિ સાથે તેની હકૂમત માટે વાટાઘાટ ચલાવી ને પરિણામે નજીકમાં આવેલા નાના ગામડા પોસિયેટ મુકામે વાર્ષિક ૪૦૦ યેન લેખે ૯૯ વર્ષ માટે રશિયાએ તેને એ પટો આપતું ખાનગી લખાણ કરી આપ્યું.

જપાનીઝ ખબરખાતાને આ ખબર પડતાં એ ટેકરી પર પોતાનો કશો હક સાબિત કર્યા સિવાય જ ત્યારે કોરીઆમાં રહેલા નોકાશને પકડી જેલમાં નાખી દીધો ને તેના પર કોરીઆના ક્રાન્તિકારી દળને સહાય કરતો હોવાનો આરોપ મૂક્યો. પરંતુ કશા સાક્ષી પુરાવા ન મળતાં ત્રણ દિવસ પછી તેને છોડી મૂકવામાં આવ્યો ને નોકાશ ૧૯૨૧માં પોતાના વતનમાં જઇ રહ્યો. હાલ પણ તે પ્રાગની સોકોલ્સ્કા સ્ટ્રીટમાં રહે છે. સોવિયેટ સાથેના તેના કૉન્ટ્રાકટનું લખાણ પ્રાગની બૅન્કમાં સચવાએલું પડયું છે.



બાળવિભાગ



પંચતંત્રની વાર્તાઓ


કથા ૪

ઉત્તરાપથમાં અર્બુદ નામે પર્વતમાં દુર્દાન્ત નામે સિંહ હતો. તે ગુફામાં સૂતો ત્યાં નિત્ય આવીને કોઇ ઊંદર એની કેશવાળી કાપી જતો. ઊંદર ઉપર સિંહને રોષ ચડ્યો, પણ તે એને હાથ ન આવ્યો. એટલે ગામમાં જઇને એ દધિકર્ણ નામે બિલાડાને લઇ આવ્યો, ને તેને માંસાહાર દઇને ગુફામાં રાખ્યો. પછી તો બિલાડાના ભયથી ઊંદર ભોણમાંથી નીસરતો નહિ, એટલે સિંહ સુખેથી સૂતો. પણ જ્યારે જ્યારે ઊંદરનો શબ્દ એને કાને પડતો ત્યારે ત્યારે તે બિલાડાને ખાવાનું આપતો. હવે ભૂખનો માર્યો ઊંદર એકદાણ બહાર નિકળ્યો એટલે દધિકર્ણે એને ઝાલીને મારી નાખ્યો. પછી તો સિંહ ઊંદરને જુએ નહિ, ને એનો અવાજ સાંભળે નહિ, એટલે બિલાડાને ખાવાનું દેવાનું ક્યાંથી સાંભરે? દધિકર્ણ તો આહારવિરહથી દૂબળો થઇને મરવા પડ્યો. એટલે કહું છું કે "સ્વામીને સેવકે નિશ્ચિન્ત ન કરવો. . ." ઇત્યાદિ.'

એક ખીજડા તળે પછી એ બે ભાઇ સંજીવક આગળ ગયા અને કરટક ભભકા સહિત બેઠો.

દમનકે સંજીવક સમીપ જઇને કહ્યું, 'અરે બળદ, પિંગલક રાજાએ મને આ અરણ્યની રક્ષા કરવા રાખ્યો છે. સેનાપતિ કરટક આજ્ઞા કરે છે કે તરત આવ, નહિ તો આ વનમાંથી નિકળી જા. નકર એમાં-થી સારું ફળ નહિ આવે.'

એટલે સંજીવક કરટક આગળ આવ્યો ને કહ્યું, 'સેનાપતિ, મારે શું કરવું તે કહો.'



પછી તો સિંહ ઊંદરને જુએ નહિ, ને એનો અવાજ સાંભળે નહિ,' એટલે બિલાડાને ખાવાનું દેવાનું ક્યાંથી સાંભરે?

કરટક કહે, 'બળદ, તું આ વનમાં રહે છે, એટલે અમારા રાજાને પગે પડ.'

સંજીવક કહે, 'મને અભયદક્ષિણા આપો તો આવું.'

કરટક કહે, 'સાંભળ રે બળદ, એવી શંકા તારે ન કરવી. વટોળીઓ નીચાં નમેલાં ખડને ઉખેડતો નથી, પણ ઊંચા તરુવરને જ તોડે છે.'

પછી તેઓ સંજીવકને થોડે દૂર રાખીને પિંગલક આગળ ગયા. રાજા કહે, 'એને દીઠો?' દમનક કહે, 'દેવ દીઠો. એ આપના દર્શનાર્થે આવે છે; પણ મહાબળિયો છે, એટલે સજ્જ થઈને બેસો. પણ ફક્ત અવાજથી બિહીવું નહિ, કહ્યું છે, કે

અકળાવું ન શબ્દોથી ન જાણી શબ્દકારણ ।
શબ્દકારણ જાણીને ગણિકા માન પામતી ॥

રાજાએ કહ્યું, 'તે કેમ?' દમનક કહે છે,

કથા ૫ *

શ્રીપર્વત ઉપર બ્રહ્મપુર નામે નગર હતું. પર્વતના શિખર ઉપર ઘંટાકર્ણ નામે રાક્ષસ વસે છે એવી વાત ચાલતી. એક વાર એક ચોર ઘંટ લઈને ભાગ્યો એને વાઘે મારી નાખ્યો. એના હાથમાંથી ઘંટ પડી ગયો તે વાંદરાઓને જડ્યો. પછી વાંદરા એ ઘંટ વારેવારે વગાડે. હવે નગરજનોએ એ માણસને ફાડી ખાધેલો દીઠો અને ક્ષણેક્ષણે ઘંટનાદ સાંભળ્યો. એટલે ઘંટાકર્ણ ક્રોધ કરીને માણસને ખાય છે અને ઘંટ વગાડે છે એમ કહીને સર્વે લોકો નગરથી પલાયન કરી ગયા. પણ કરાલા નામે એક ગણિકા હતી એણે જઈને જોયું તો માંકડાં ઘંટ વગાડતા હતા. એટલે એણે રાજાને વિજ્ઞપ્તિ કરી, કે 'દેવ કંઈક ધન વાવરો તો આ ઘંટાકર્ણને હું સાધું.' રાજાએ તેને ધન દીધું અને તેણે ગણેશની સ્થાપના ને એવા ઢોંગધતુરા કર્યા, તથા પછી પોતે વાનરને ભાવતાં ફળ લઈને વનમાં ગઈ, ને ફળ ત્યાં વેર્યાં; એટલે વાનરો ઘંટ છોડીને ફળ ઉપર ત્રુટી પડ્યા. ગણિકાએ ઘંટ નગરમાં આણ્યો ને સર્વે લોકોએ એને બહુ માન આપ્યું.

એટલે હું કહું છું 'અકળાવું ન શબ્દોથી' ઇત્યાદિ.

(ચાલુ) દેસાઈ વાલજી ગોવિંદજી

* હિતોપદેશમાંથી



વાનરો ઘંટ છોડીને ફળ ઉપર ત્રુટી પડ્યા એટલે ગણિકાએ ઘંટ લઈ લીધો ને નગરમાં આણ્યો.

આ મહિનો (ફેબ્રુઆરી) . . . અને એની પ્રતિભા

તા. ૧ ઇટલીમાં લશ્કરી તાલીમ ફરજિયાત જાહેર થઇ—ઇ. ૧૯૩૫.

તા. ૪ બારડોલી સત્યાગ્રહના પ્રારંભે જ ચોરીચોરામાં હુલ્લડ કરી લોકોએ ૨૧ પોલીસોને મારી નાખ્યા—ઇ. ૧૯૨૨. આ બનાવ પછી તરત જ તા. ૧૧-૧૨મીએ કૉંગ્રેસની વર્કિંગ કમિટીએ મળી સત્યાગ્રહ મોકુફ રાખવાનો નિર્ણય જાહેર કર્યો

તા. ૬ રૂસો-જાપાનીઝ યુદ્ધનો પહેલો દિવસ—ઈ. ૧૯૦૪.

તા. ૭ અંગ્રેજ નવલકથાકાર ચાર્લ્સ ડીકન્સનો જન્મ—ઇ. ૧૮૧૨

તા. ૧૧ ફોનોગ્રાફના શોધક ટોમસ આલ્વા એડીસનનો જન્મ—ઇ. ૧૮૪૭ * * કાઠીઆવાડ રાજકીય પરિષદના જનક અને અગ્રણી રાજદ્વારી કાર્યકર્તા શ્રી મનસુખલાલ રવજીભાઇ મહેતાનું અવસાન—ઈ. ૧૯૨૪.

તા. ૧૪ ગ્રેટબ્રિટને સિંગાપોર ખાતેનું યુદ્ધમથક ખુલ્લું મૂક્યું—ઇ. ૧૯૩૮.

તા. ૧૭ દિલ્હીનો ધ્વંસ કરનાર તૈમુર લંગનું અસરાર મુકામે અવસાન—ઇ. ૧૪૦૫.

તા. ૧૯ યુરોપના મહાન ખગોળશાસ્ત્રી ને પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે એ નિયમના સ્થાપક કોપર્નિકસ (પોલિશ નામ Nicolus Kapperniglı)નો થૉર્ન મુકામે જન્મ—ઇ ૧૪૭૩.

તા. ૨૨ ૮૯ વર્ષની ઉંમરે ઔરંગઝેબનું અહમદનગરમાં અવસાન—ઇ. ૧૭૦૭ * * ચીફ સ્કાઉટ લૉર્ડ બેડન પૉવેલનો જન્મ—ઇ. ૧૮૫૭.

તા. ૨૬ ફ્રાન્સના સર્વોત્તમ નવલકથાકાર વિક્ટર હ્યુગોનો જન્મ—ઇ. ૧૮૦૨ * * દેશનિકાલની સજા ભોગવતો નેપોલિયન એલ્બામાંથી નાસી છૂટ્યો—ઇ. ૧૮૧૫.

તા. ૨૮ કોલંબસના સહસફરી ને પાછળથી પોર્ટોરીકોના ગવર્નર સ્પેનિશ ખલાસી વિન્સેન્ટ યૌનેઝ પિન્ઝૉને આમાઝોન નદી શોધી કાઢી—ઇ. ૧૫૦૦ * * ઇટલીના કૉમ્યુનિસ્ટો ને ફાશિસ્ટો વચ્ચે ફ્લોરેન્સ મુકામે પહેલો વિગ્રહ—ઇ. ૧૯૨૧ * * મિસર બ્રિટનના રક્ષણ નીચેથી નીકળી સ્વતંત્ર જાહેર થયું—ઇ. ૧૯૨૨.



આ માસની વિભૂતિ
અબ્બાસ તૈયબજી

ઈ. ૧૮૫૪ના ફેબ્રુઆરીની ૧લી તારીખે ખંભાત મુકામે જન્મ. નાનપણથી એમની તબિયત ખૂબ અસ્તવ્યસ્ત રહેતી હોવાથી અગિયાર વર્ષની વયે તેમને વિલાયત મોકલવામાં આવ્યા ત્યાં તબિયત સુધરી તે સાથે અભ્યાસમાં પણ ઉજ્જ્વલ કારકિર્દી સંપાદન કરી. એકવીસ વર્ષની વયે બૅરિસ્ટરની પરીક્ષા પસાર કરી હિંદુસ્તાન આવ્યા.

મુંબાઈ આવી ચાર વર્ષ સુધી ત્યાંની હાઇકોર્ટમાં બૅરિસ્ટર તરીકે કામ કર્યું. ત્યાંથી ગાયકવાડી પ્રદેશમાં જુદા જુદા પ્રાંતોના ને પછી વડોદરાના સિટિ જજ તરીકે એમણે પોતાની કીર્તિ જમાવી. ન્યાયાસને એમણે ન્યાયની એવી મક્કમ સમતુલા જાળવેલી કે એ 'કડા સાહેબ'નાં સંસ્મરણો હજી પ્રજા યાદ કરે છે. વળી સ્વમાની પણ એટલા હતા કે શ્રીમંત સરકારના આમંત્રણ સિવાય કોઇ દિવસ એમની મુલાકાતે ન દોડતા.

પણ એ વખતનું એમનું અને એમના કુટુંબનું જીવન તો સંપૂર્ણ અંગ્રેજી રંગે રંગાએલું હતું. ગૃહભાષા પણ અંગ્રેજી થઇ પડી હતી, તે એટલે સુધી કે બીજી ભાષાનો શબ્દ બોલાઇ જવાય તો શબ્દ દીઠ અમુક દંડ ભરવાનો કુટુંબમાં ધારો થએલો.

ઈ. ૧૯૧૩માં પેન્શન લઇ એ નિવૃત્ત થયા ને દેશનાં રાજકીય તથા કેળવણીના ક્ષેત્રમાં તેઓ થોડોઘણો ફાળો આપવા લાગ્યા. પણ એમને આત્મશુદ્ધિ કરાવનાર તો અસહકારના મંત્રદ્રષ્ટા ગાંધીજી અને એમની ભારતોદ્ધારની માનવતાભરી વિનમ્ર હીલચાલ. એ વિનમ્ર હીલચાલે જાતે બિલકુલ અનાક્રમક હોવા છતાં દેશહિતથી વિમુખ એવી અનેક જાજ્વલ્યમાન વ્યક્તિઓનાં દિલોમાં જબરાં ધમસાણો મચાવી મૂક્યાં ને અબ્બાસ તૈયબજી યે તેમાંથી બકાત ન રહ્યા. વૈભવવિલાસમાં પાશ્ચાત્ય તોર ને અફસરી દિમાગમાં જીવતા અબ્બાસ સાહેબને યે લાગ્યું કે આખરે તો હું યે હિંદનો એક પુત્ર છું. અને એ ભાન થતાં જ અત્યાર સુધી અંધારમાં રહેલા કરોડો ગરીબોની પરતંત્ર દશાનાં દશ્યો તેમની નજર સામે ખડાં થયાં.

અને એ આત્મભાન થતાં જ, કુરુક્ષેત્રમાં शिष्यस्तेऽहं शाधि मां त्वं प्रपन्नम् શબ્દોએ કૃષ્ણ પાસે તત્ત્વદર્શન યાચતા અર્જુન જેમ એ ગાંધીજીને શરણે ગયા. ઊંચામાં ઊંચા ને છેલ્લામાં છેલ્લી ફૅશનના અંગ્રેજી પોશાક ધારતું એ કુટુંબ ખરબચડી ખાદીધારી બની ગયું, ન ગાંભીર્ય ને સૌજન્યની મૂર્તિ સમા અબ્બાસ સાહેબ અદ્ભુત ઉત્સાહ ને ઉમંગથી પ્રજામાં નવજીવન જગાવવા ગામડે ગામડે ફરી રહ્યા.

કર્મયોગની સાચી પ્રતીતિરૂપ આ બુઝર્ગ દેશભક્ત ૧૯૩૭ના જૂન માસમાં અવસાન પામ્યા, પણ એમની સ્મૃતિ એમની કર્મભૂમિ ગુજરાતને હજી યે પ્રેરણા આપી રહી છે.

મધુકરી



થવું વિલીન વીજ શું !

યદા પ્રબળ ઉછળે પ્રલય પૂર; વેરી દિશા
બને; ગગનમાં છવાય ગગગીનતા: મેઘલી
નિશા પ્રતિપળે કરાલ બનતી; મહા વાયુના
પ્રચંડ સુસવાટ છો સકલ સૃષ્ટિ રંજાડતા—
તદા જન તણાં મિચેલ નયનો ઉઘાડી ઘડી
થવું વિલીન વીજ શું !

—હરિલાલ ગો. પંડયા

પર્લ બક

ગઈ સાલનું સાહિત્યનું નોબેલ ઇનામ અમેરિકાની સુપ્રસિદ્ધ લેખિકા મિસીસ પર્લ એસ. બકને મળ્યું છે, પણ મેટ્રોગોલ્ડવીન મેયર કંપનીએ તેની એક નોવેલ પરથી ઉતારેલી 'ગૂડ અર્થ' ફિલ્મે તો એને વહેલી જ જગવિખ્યાત કરી દીધેલી. અને આ ઇનામ પણ જેના પરથી એ ફિલ્મ ઉતારેલી એ 'ધ મધર' નામક નોવેલને માટે જ અપાયું છે.

એનો જન્મ ઈ. ૧૮૯૨ની સાલમાં અમેરિકામાં વેસ્ટ વર્જિનિયા પ્રાંતમાં થએલો. નાનપણમાં એ અમેરિકન પાદરી પિતા ને અંગ્રેજ માતા સાથે ચીન આવી રહી ત્યારથી જ ચીનને એ પોતાની માભોમ ને ચીનવાસીઓને પોતાનાં ભાંડુઓ માનતી આવી છે. લંડન કે ન્યૂયૉર્કના કૃત્રિમ જીવન કરતાં હિંદ કે ચીનના રહસ્યમય અને આપત્તિપૂર્ણ જીવન પ્રત્યે એને વિશેષ આદર છે.

સત્તરમા વર્ષે એ અમેરિકા ગઈ ને ત્યાંની યુનિવર્સિટીની પરીક્ષા પસાર કરી ચીન પાછી ફરી. જેમજેમ ચીનના લોકજીવનના તળમાં એ ઊંડે ઉતરતી ગઇ, વધુ ને વધુ અનુકંપાભર્યે દિલે એમના વિષમ જીવનનું નિદાન શોધતી ગઈ તેમ તેમ તેને ધર્મપ્રચારની પોકળતા ને પાદરીઓનાં કાવતરાંની વધુ ને વધુ ભાળ લાગતી ગઇ. તેણે એ પર 'પરદેશોમાં ધર્મપ્રચારની જરૂર છે ખરી?' એ નામથી એક સનસનાટી ભર્યું પુસ્તક લખી કાઢ્યું, જેણે અનેક પ્રચારક વર્તુળોમાં ખૂબ ઉહાપોહ મચાવી મૂક્યો અને કેટલા યે પાદરીઓનો રોષ તેને વહોરી લેવો પડ્યા.

આ ઇનામ મળતાં જ એની મુલાકાતે ગએલા કોઈ પત્રના પ્રતિનિધિને એણે જણાવેલું, 'મારી જાતના અહેવાલો ને ચિત્રોથી મારી પોતાની જાહેરાત કરવાનું મને નથી ગમતું. મારાં પુસ્તકો વડે જ માત્ર ઓળખાવાનું હું વધુ પસંદ કરૂં છું. ચીના લોકો આ બાબતમાં બહુ ન્યાયી હોય છે. તેઓ કલાકારને એની કલા પૂરતું જ મહત્ત્વ આપે છે. કલાકારના વ્યક્તિત્વની એમને બહુ એષણા નથી રહેતી.'

પર્લ બક પહેલી હરોળની નવલકથાકાર છે તેમ એવી જ સિદ્ધહસ્ત નવલિકાકાર પણ છે; એટલું જ નહિ, એ સાથે એ પ્રથમ પંક્તિની પત્રકાર પણ છે ને વર્ષોથી 'એશિયા' પત્ર સાથે તે જોડાએલી છે. એ પત્રમાં જવાહરલાલ નેહરૂની આત્મકથાની તેણે કરેલી સમાલોચના એ પુસ્તક પરત્વેની સઘળી સમાલોચનાઓમાં અગ્રપદે હોવાનું જવાહરલાલે જણાવેલું. વળી એના આગ્રહથી જ રવીન્દ્રનાથ ટાગોર પોતાના 'ચાર અધ્યાય'નું અંગ્રેજી ભાષાંતર કરવા પ્રવૃત્ત થએલા જે પાછળથી 'Four Chapters' શીર્ષક નીચે 'એશિયા' પત્રમાં છપાએલું.

જીવનની સામાન્ય ઘરેડનાં પાત્રો પર્લ બક ઉઠાવે છે, ને પછી એની કલમને રંગે એમાં રહેલી અસામાન્યતાઓ બહાર આણે છે. કથાનકનો મારીમચડીને સુખી અંત આણવાની તે બિલકુલ વિરુદ્ધ છે. એના કહેવા પ્રમાણે, એવા પ્રકારનું વાંચન વ્યક્તિને માનવજીવનની સમસ્યાઓનો સામનો કરવાની તાકાત નથી આપી શકતું કે એવી મુશ્કેલીઓ ઓળંગવાની બુદ્ધિ પણ નથી આપતું.

એના વિપુલ નવલિકા સાહિત્યને બાદ કરતાં પર્લ બકની વાઙ્મયસેવામાં આ સમર્થ કૃતિઓ ગણાવી શકાય. 'ધી મધર', 'સન્સ', 'ધી પ્રાઉડ હાર્ટ' 'ધી યંગ રેવોલ્યુશનિસ્ટ', 'ઈસ્ટ વિન્ડ વેસ્ટ વિન્ડ'.

અત્યારે ન્યૂયૉર્કના એક પરામાં પોતાના પતિ સાથે એ વસે છે.

યુવાન

પરદેશમાં વિદ્યાર્થીઓ ઊંચ-નીચના ભેદ ભૂલીને આપ-કર્મી થઇને અભ્યાસ કરે છે, પોતાની જીવનદિશા નક્કી કરે છે, અને આ જાતની પ્રવૃત્તિમાં કાંઇ નાનમ ગણાતી નથી એવું સાંભળીએ છીએ, પરંતુ આવા પ્રસંગો આપણા દેશમાં જવલ્લે જ બને છે, એમ સાંભળીએ છીએ; આવો જ એક દાખલો જાણીને ગુજરાતના યુવાનોને ગર્વ થશે એમ માનું છું.

ભાઇ નારણદાસ ગોપાળજી ૨૧ વર્ષની ઉંમરના વાળંદ જ્ઞાતિના અપરિણીત યુવાન છે. બે વર્ષ પહેલાં વલસાડની આવાંબાઇ હાઇસ્કૂલમાંથી મૅટ્રિક પાસ થઇને સુરતમાં કૉલેજમાં અભ્યાસ કરવાનું વિચાર્યું. વિધવા માતાને ચાર નાનાં ભાંડુઓની ચિંતા હોવાથી તેમની પાસેથી અને એક બીજા વાલી પાસેથી મદદની આશા ન હતી, આથી સુરત અનાવિલ વિદ્યાર્થી આશ્રમના સંચાલક શ્રી દયાળજીભાઇ પાસે પહોંચ્યા. 'સંસ્થાના વિદ્યાર્થીઓ અને નોકરોની નિયમિત હજામત કરવાની કબુલાત આપો તો તમને મફત સંસ્થામાં રહેવાની અને ખાવાની સગવડ મળે.' એવો જવાબ મળ્યો. ભાઇ નારાણદાસે આ દરખાસ્ત વધાવી લીધી. પરિણામે તેઓ બે વર્ષથી આ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરી શકે છે. જે સ્થિતિમાં રહી ભાઈ નારાણદાસ અભ્યાસ કરે છે, તેમાં તેઓ ગર્વ લે છે, એ જાણીને વાચકને આનંદ થશે એમ હું માનું છું. —પરીક્ષિતલાલ મજમુદાર

કાળું સોનું

પેટ્રોલિયમ અને સોનું. આ બે રંગદર્શી ખનિજો વચ્ચે આજે જબરી હરીફાઇ ચાલી રહી છે. એ બંનેની ઉપલબ્ધિ માટે માણસે અનેક મુશ્કેલીઓ વેઠી છે ને પરિણામે બંનેએ માણસજાતને એટલી જ સમૃદ્ધ બનાવી છે. સોના વગર માણસ હજુ ચલાવી શકે. નાણાના માધ્યમ તરીકે એને બદલે બીજી કોઇ ચીજ તે સ્વીકારી શકે. પણ પેટ્રોલિયમ વગર તો હરગીઝ ન ચલાવી શકે. કારણ, આજની દુનિયાના દરિયાઈ જહાજોના પચાસ ટકા, વિમાનોના સોએ સો ટકા, ને પાંચ કરોડ જેટલાં જમીનનાં વાહનોની શક્તિ એને જ આભારી છે. એટલું જ નહિ, ફર્નિચર પૉલિશથી માંડી મીણબત્તી સુધીની લગભગ અઢીસો જેટલી બનાવટો પણ એ ખનિજ તેલ 'પેટ્રોલિયમ'ને જ આભારી છે.

પણ પેટ્રોલિયમ એની ખનિજાવસ્થામાં તો બહુ વિચિત્ર લાગે. પીળું, ભૂખરું, કાળુ, લીલું એવા બધા રંગક્રમો એમાં જણાય છે, પણ ગમે તે પ્રકારના કાચા તેલમાં પ્રકાશનું પરાવર્તન થતાં તેમાં લીલી ઝાંય દેખાય છે.

આ કાચા તેલમાં સામાન્યતઃ જુદાજુદા હાઇડ્રોકાર્બન્સ રહેલા હોય છે–કેટલાક વાયુરૂપે, કેટલાક પ્રવાહી રૂપે તો કેટલાક ઘનસ્વરૂપે. હાઇડ્રોકાર્બન એ હાઇડ્રોજનનું સંયુક્ત સ્વરૂપ છે, પણ એ મૂળ તત્ત્વો બીજા પદાર્થો સાથે એવા તો વિપુલ અને વિવિધ સ્વરૂપે ભળી જાય છે કે રસાયણશાસ્ત્રીઓને તેના વિભાગો પાડવા પડ્યા છે. તેમના મત મુજબ પેટ્રોલિયમ આ હાઇડ્રોકાર્બન્સના ચાર સમૂહોનું બનેલું છે. એ ચાર સિવાય તેમાં ગંધક કે નાઇટ્રોજન જેવી અશુદ્ધિઓ પણ રહેલી હોય છે.

એ ચારમાંનો પહેલો અને સૌથી સાદો સમૂહ 'માર્શ ગૅસ'નો. કોલસાની ખાણોમાં પણ ક્યારેક તે મળી આવે છે, જ્યાં તે 'ફાયર ડૅમ્પ' તરીકે ઓળખાય છે. બીજો પ્રકાર નૅપ્થીનનો, ત્રીજો 'ઍરોમૅટિક્સ'નો જેમાંથી દાહક ટી. એન. ટી. ગૅસ બને છે તે, અને ચોથો ઇથીલીનનો.

આ તેલનું જગતના ૭૦ ટકા જેટલું ઉત્પાદન તો અત્યારે એકલા અમેરિકાનું જ છે. છતાં બીજા ઘણા દેશો–રશિયા, મેક્સિકો, રૂમાનિયા, ઈરાક, ડચ ઇસ્ટ ઇંડીઝ, વેનેઝવેલા વગેરેમાં તેલ જ ઉદ્યોગપ્રવૃત્તિના પ્રાણ રૂપે રહેલ છે. મેક્સિકોમાં ૧૯૦૧માં તેલનું પહેલવહેલું ઉત્પાદન ૧૦,૦૦૦ બૅરલ જેટલું થએલું પણ ૧૯૨૧માં તો એ ૧,૯૩,૦૦૦ બૅરલ ઉપર પહોચી ગયું.

એડવિન એલ. ડ્રેક તેલ માટે પેનસિલવાનિયામાં પહેલવહેલું ડ્રીલિંગ કર્યું ત્યારથી આજ સુધીમાં એંસી વર્ષમાં પૃથ્વીના પેટાળમાંથી પચીસ અબજ બૅરલ તેલ બહાર આણવામાં આવ્યું છે. તો હવે બાકી કેટલું રહ્યું હશે? નિષ્ણાતોને આ પ્રશ્ન છેલ્લાં પચીસ વરસથી ખૂબ જ મૂંઝવી રહ્યો છે. બે વરસ પહેલાં સર જોન કૅડમૅને 'વર્લ્ડ પાવર કૉન્ફરન્સ'ને કહેલું કે તેલનો પૃથ્વીમાંનો સંઘરો હવે માત્ર વીસ વર્ષ ચાલી શકશે.

અને એ છતાં યે તેલ કંપનીઓ આજે એ પ્રશ્ન પર ગંભીર નથી જણાતી. આનું કારણ? એ જ કે અત્યાર કરતાં ઊંડું બોરિંગ કરતાં હાલના તેલવિસ્તાર નીચે તેલનાં સરોવરોનો નવો જ ક્રમ નિષ્ણાતોને હાથ લાગ્યો છે. વળી હજુ એવા અનેક પ્રદેશો પડ્યા છે જ્યાં તેલની ખોજણી બીલકુલ નથી થઇ એ ઉપરાંત એક બીજી આશાસ્પદ વાત એ છે કે નિષ્ણાતો તેલના થોડા જથ્થામાંથી વધુ શક્તિ મેળવવાના અખતરામાં સફળ થતા જાય છે.

અલબત્ત, કુદરતે માણસની ઉત્પત્તિથી યે પહેલાંથી આ કાળા સોનાનો ભંડાર તેના ઉપયોગ માટે સંઘરી રાખ્યો છે, પણ તે પોતાને મનફાવતે સ્થળે. આથી બંદરોથી એ ભંડાર બહુ છેટા પડતા હોઈ, માણસને તે માટે નવો રસ્તો યોજવો પડ્યો છે, અને તે બંદરો સુધી પહોંચતા નળોનો. થોડા જ વર્ષો પહેલાં ખુલ્લી મુકાએલી ઈરાક પાઇપ લાઇન આવા નળો (   )માં ખૂબ પ્રખ્યાત છે. ૧૧૫૦ માઇલ લંબાઇની એ લાઇન બાંધતાં એક કરોડ પૌંડનો ખરચ થયો હતો. યુનાઇ-

ટેડ સ્ટેટ્સમાં તો ગ્રેટ બ્રિટનના રેલવે કરતાં યે તેલના નળો વધુ વિસ્તરેલા છે–લગભગ ૭૦,૦૦૦ માઇલ જેટલા, જેમાં થઇને દર વરસે ત્રીસ કરોડ બૅરલ તેલ પસાર થાય છે.

અમેરિકાના ઇતિહાસનો પ્રારંભ

સ્પેનના ઇટાલિયન દરબારી ક્રિસ્ટોફર કોલંબસે ઇ. ૧૪૯૨માં અમેરિકા શોધ્યો. એ દિવસોમાં હિંદ સાથેનો વેપાર જમીનરસ્તે ચાલતો, પણ એ રસ્તો ઘણો ભયાસ્પદ હતો એટલે યુરોપના વેપારી દેશોને હિંદ પહોંચવાનો સસ્તો ને સહીસલામતીભર્યો રસ્તો શોધવાની જરૂર જણાઇ. કોલંબસ જાણતો હતો કે પૃથ્વી ગોળ છે ને એ પશ્ચિમ બાજુ હંકાર્યે જ જશે તો હિંદ પહોંચી જવાશે. એને મન હિંદ એ આટલાંટિકની બીજી જ બાજુ આવેલો દેશ હતો.

એણે અમેરિકા પહોંચીને જોયું તો આખો દેશ સંસ્કૃતિની જુદી જુદી પગથારે રહેલી એક ઊંચી ને તામ્રવર્ણી પ્રજાથી વસાએલો જોયો. મોટે ભાગે એ લોકો શિકાર પર જ ગુજરો ચલાવતા, પણ થોડાંક ધાન્ય ને વનસ્પતિ પણ વાવતા. એમાંથી ત્રણ છોડ તો ત્યારે ,યુરોપને પણ અજાણ્યા હતા. એક તો મકાઇ, જે અમેરિકામાં 'ઇંડીઅન કૉર્ન' કહેવાય છે. બીજા બટાટા, જે આજે ઘણાખરા દેશોનો મુખ્ય ખોરાક થઇ પડયો છે. અને ત્રીજી તમાકુ જે આખી દુનિયામાં ફેલાઇ ગઇ છે.

હિંદને બદલે આ તો કોઇ નવો જ ખંડ શોધાયાની ખબર પડતાં જ પોર્ટુગલ, હૉલૅન્ડ, ફ્રાન્સ, સ્પેન ને ઇંગ્લંડે એ નવા ખંડ પર પોતાનો હક જમાવવા પોતપોતાના શોધસફરીઓને મોકલાવવા માંડયા. પોર્ટુગાલીઓએ બ્રાઝીલ (દક્ષિણ અમેરિકા)માં સંસ્થાનો સ્થાપ્યાં. ડચોએ હાલનું ન્યૂ યૉર્ક, ફ્રેન્ચોએ કૅનડા, સ્પેનિશોએ ફ્લોરિડા, મેક્સિકો ને મધ્ય અમેરિકા અને અંગ્રેજોએ આટલાંટિક કાંઠો.

ડચ પ્રજાસત્તાક યુરોપના સર્વ દેશોમાં ત્યારે વાણિજ્યમાં પ્રધાનપદ ભોગવતું હતું. ન્યૂ યૉર્કમાં સંસ્થાન સ્થાપી, આજુબાજુ એણે કેટલાંય વ્યાપારકેન્દ્રો ઊભાં કર્યાં. કોઇ પણ ડચ ત્યાં જઈ વસે તેને જમીન બક્ષિસ મળતી. પણ પછી ૫૦ જ વર્ષમાં અંગ્રેજોએ એ નવી દુનિયામાંથી ડચોનો પગદંડો ઉખેડી નાખ્યો ને કૅનડાથી તે ફ્લોરિડાની સરહદો સુધીનો પ્રદેશ કબજે કર્યો.

ફ્રેન્ચો તો ખાસ કરીને રૂંવાંના નફાકારક વેપારમાં જ પરોવાયા હતા. એમાંથી ભાગ્યે જ કોઇને નવા ખંડમાં પોતાનાં ઘરબાર વસાવવાની દરકાર હતી. વસેલાઓનો પણ મોટો ભાગ ખેડૂતોનો હતો, જેમને શિક્ષણ કે સ્વરાજની કંઇ પડી ન હતી. ઇન્ડીઅનો સાથેનો તેમનો વર્તાવ મિત્રાચારીભર્યો હતો. તેમાંના કેટલાક મિશ્રવિવાહથી જોડાએલા પણ હતા, ને ઇંડીઅન પહેરવેશ ને રીતરસમો અપનાવી હતી

સ્પેનિશો પણ વેપાર માટે જ વસેલા. એમણે શોધેલી ભૂમિ સુવર્ણ ને રજતથી સમૃદ્ધ હતી ને એ સમૃદ્ધિ એમણે ખૂબ લૂંટવા માંડી. ઇંડીઅનો પ્રત્યે એ ખૂબ ક્રૂરતાથી વર્તતા ને ઘણે ઠેકાણે તો એમનો એમણે બિલકુલ ઉચ્છેદ કરેલો.

ઇ. ૧૭૬૩માં યુરોપિયન યુદ્ધના પરિણામે ફ્રેન્ચોએ કૅનડા પરનો ને સ્પેનિશોએ ફ્લોરિડા પરનો બધો અધિકાર છોડી દીધો ને અંગ્રેજોને ઠેઠ મિસિસિપિ નદી સુધીનું આખું ઉત્તર અમેરિકા કબજે આવ્યું.

હવે અંગ્રેજ સાંસ્થાનિકો આ નવી દુનિયામાં આવી વસવા લાગ્યા. એમાંનો મોટો ભાગ ધાર્મિક અસહિષ્ણુતાનો ભોગ બનીને આવેલો, જ્યારે બાકીનો ભાગ આર્થિક પરિસ્થિતિને અંગે આવેલ. આને લઇને આ નવા વસાહતીઓ આર્થિક, સામાજિક કે ધાર્મિક બાબતોની સ્વતંત્રતા પર ખૂબ મક્કમ રહ્યા હતા. એ ઇંડીઅનોને હદથી બહાર ધિક્કારતા. પરિણામે એમની કત્લ આદરી એમણે એમને 'વેસ્ટ' તરફ ધકેલી કાઢી બધી જમીનનો કબજો મેળવી લીધો. પણ પછી માતૃદેશનું શાસન પણ તેમને અકારૂં લાગવા લાગ્યું, ને ઇંગ્લંડથી સ્વતંત્ર થવાની હીલચાલ શરૂ થઇ. પૅટ્રિક હેન્રીના એ વખતના આ શબ્દો ત્યારના બધા વસાહતીઓનું માનસ બતાવી આપે છે: 'I know not what course others may take; but as for me, give me liberty, or give me death.'

ઇ. ૧૭૭૪માં એક સિવાયનાં બધાં સંસ્થાનોની પહેલી કૉન્ટીનેન્ટલ કૉંગ્રેસ મળી; ને બીજે જ વરસે ભરાએલા બીજા અધિવેશનથી કોઇની અનુજ્ઞાની પરવા રાખ્યા વગર રાષ્ટ્રીય સરકાર તરીકે એ શાસન ચલાવવા લાગી. એક લશ્કર પણ ઊભું કર્યું ને જ્યૉર્જ વૉશિંગ્ટનને તેનો સેનાપતિ બનાવ્યો. ૧૭૭૫ના જુલાઇની ૪થીએ સ્વાતંત્ર્યનું જાહેરનામું બહાર પાડયું ને અંગ્રેજ સરકાર સાથે પાંચ વર્ષ લડી બ્રિટિશ જનરલ લૉર્ડ કૉર્નવૉલિસને હરાવી આખરે પોતાનું સ્વાતંત્ર્ય માન્ય કરાવ્યું.

વિનાશનું શહેર

દિલ્હી તેના એક હજાર વરસના ઇતિહાસમાં આગ અને તેગથી ધ્વસ્ત બની સાત વખત પુનર્નિર્માણ પામ્યું હોવાનું આપણે જાણીએ છીએ. પણ તાજેતરમાં જ જેના સમાચારો બહાર આવ્યા છે એ દક્ષિણ અમેરિકાના ચિલિ દેશનું કન્સેપ્શન શહેર તેના ૨૮૯ વર્ષના ટૂંકા જ ઇતિહાસમાં ચાર વખત વિનષ્ટ થઇ ચૂક્યું છે–મનુષ્યની દુશ્મનાવટથી નહિ પણ કુદરતના કેરથી.

ચિલિ જીત્યા પછી ઈ. ૧૫૫૨માં પેડ્રો વાલ્ડીવિયાએ આ શહેર વસાવ્યું ને લગભગ ૨૦૦ વર્ષ સુધી તો તે પૂર્ણ આબાદી ભોગવતું રહ્યું. ઇ. ૧૭૩૯માં જ્વાલામુખીજન્ય ધરતીકંપની પહેલી આફત તેના ઉપર ઊતરી ને એ માત્ર ખંડિયેરોનો ખડકલો બની ગયું. એ ખંડિયેરો પૂરાં પુનર્નિર્માણ

પામ્યાં ન પામ્યાં ત્યાં તો ચિલિના ઇતિહાસમાં સૌથી નૃશંસ તરીકે ઓળખાએલો ધરતીકંપ ઉદ્ભવ્યો ને એની ભયંકર કામગરીએ એ નવજાત શહેરને આખું દરિયામાં ગરક કરી દીધું એટલું જ નહિ પણ ચિલિના ૨૦૦ માઇલ જેટલા કિનારા પર ઊભેલા એકેએક શહેરનો વિનાશ કર્યો.

એ ઐતિહાસિક શહેરનું માળખું ફરી ઊભુ થયું ને ૧૮૩૫ના ધરતીકંપે ફરી તેના એ જ હાલ કર્યા. તો યે માનવશ્રમે પછાત ન પડતાં ચોથી વાર એનું નિર્માણ કર્યું ને એક સદી સુધી તો નિરાંતનો શ્વાસ લીધો, ત્યાં તાજેતરમાં જ મનોહર બાંધણીનું ને સમૃદ્ધ બનેલું એ શહેર પાછું એ જ પૂર્વભાગ્ય ભોગવી રહ્યું છે.

એ દેશનાં કિનારાવર્તી શહેરોના શહેરીઓના જીવ ખરેખર જ મુઠીમાં રહે છે, કારણ દુનિયાના ધરતીકંપ–ઉત્પાદક પ્રદેશોનો ખરાબમાં ખરાબ વિસ્તાર એ દેશની પડોશમાં આવેલો છે. એને લઇને ચિલિમાં વાર્ષિક ૪૦ જેટલા આંચકા તો સરેરાશ સંખ્યા થઈ પડી છે. ૧૮૨૨ના ધરતીકંપે વાલપરૈઝો અને બીજાં કેટલાં યે શહેરોનો નાશ કરેલો ને તેનો પાંચ લાખ ચોરસ માઇલ જેટલો વિસ્તાર દરિયાની સપાટીથી ચાર ફૂટ જેટલો ઊંચે આવી ગએલો. ચિલિના ઉત્તરના પડોશી પેરૂને પણ એવા કડવા અનુભવો થયા છે. ખાસ કરીને ૧૭૪૬, ૧૮૬૮ ને ૧૮૭૬ના ધરતીકંપો તેને માટે ખૂબ ભયંકર નીવડેલા. ૧૮૬૮માં તો મૃત્યુસંખ્યા ૨૫૦૦૦ પર પહોંચી હતી.

૧૫૦૦ તંત્રીઓનાં બલિદાન

શૅંઘાઈથી ખબર મળે છે કે જાપાનીઓએ ચીનમાં આક્રમણ કરીને એક જૂનામાં જૂના વર્તમાનપત્રને બંધ કર્યું છે. પીપીનની જાપાની સરકારે 'પીપીન ઓ' નામના ચીનાઇ છાપાને સદાને માટે બંધ કરવાનું લશ્કરી ફરમાન કર્યું છે. આ વર્તમાનપત્ર પાછળ લાંબો ઇતિહાસ છે. એ છાપું ઇ. ૪૦૦ની સાલમાં સ્થપાયું હતું. જગતમાં ત્યારે એ છાપું સૌથી પહેલું હતું. સુ–ચુંગ નામના કોઇ ચીનાએ એનું મુદ્રણ પ્રકાશન અને સંપાદન સ્વીકાર્યું. સારા વિશ્વમાં જ્યારે છાપાનું નામનિશાન નહોતું ત્યારે એ ચીનો વર્તમાનપત્રકાર જગતનો આદ્યતંત્રી હતો. એ છાપું એ પછી ૧૫૦૦ વરસ થયાં એકધારૂં ચાલ્યા કરતું હતું. ચીનની સ્વતંત્રતાની હિમાયત એ એ છાપાની અવિચ્છિન્ન ને એકધારી નીતિ આદિથી અંત સુધી ચાલુ રહી હતી.

ચીનમાં આંતરિક અને બાહ્ય પરિવર્તનોને લઇ ચીનની ઐતિહાસિક દિવાલ જેટલા આદિ અને ઐતિહાસિક આ છાપાંને ઘણા તડકા છાંયડા જોવા પડ્યા પણ એનું પ્રકાશન તો ચાલુ જ રહ્યું. ઘણી આફતો એણે જોઇ ને વટાવી પણ ખરી. એમ કહેવાય છે કે છેલ્લાં ૧૫૦૦ વરસની એ છાપાની કારકિર્દીમાં એના કુલ ૧૫૦૦ તંત્રીઓને ગરદન મારવામાં આવ્યા. કેટલાક ગોળીએ દેવાયા, કેટલાક ફાંસીએ લટકયા, કેટલાકનાં ખૂન થયાં! એમ બધા મળી ૧૫૦૦ તંત્રીઓના પ્રાણને ભોગે એ વર્તમાનપત્રની ધ્વજા હજી અણનમ ફરકતી હતી. એટલે પ્રતિવર્ષ એક તંત્રીના બલિદાનની સરેરાશ થઇ. આમ છતાં એ છાપું ચાલુ જ હતું અને ચીનની સ્વતંત્રતાની એ છાપાંની એકધારી લડત પણ ચાલુ હતી. અંતે જાપાની સરકારે ચીનના ગૌરવસમા જગતના એ આદિ વર્તમાનપત્રને હમેશને માટે દફનાવ્યું છે.

આપણી પોસ્ટ ઑફિસ

આજે જે સસ્તાઇ, ઝડપ ને ખાતરીપૂર્વક ટપાલની લાવલઇજાની સગવડ આપણને પ્રાપ્ત થઇ છે તે પરથી એના ભૂતકાળ પ્રત્યે આપણે મોટે ભાગે ઉપેક્ષા સેવીએ છીએ. પણ એ સસ્તી સગવડ પહેલાં એટલે કે કંપની સરકારના અમલમાં એ કયા પ્રકારે થતી તે નીચેની હકીકતથી જણાશે.

એ દિવસોમાં કંપનીના વહાણોમાં જ જે ખાનગી કાગળો કે પાર્સલો મોકલાતાં તેનો દર આ પ્રમાણે હતો:

૨ ઔંસ (૧ તોલા)થી ઉપર	૬ રૂપિયા
૩ ,,	૯ ,,
૪ ,,	૧૬ ,,

એટલે કે, ઔંસના વર્ગ મુજબ તેનો દર લેવામાં આવતો. વળી યુરોપથી કલકત્તા આવતાં કાગળો કે પાર્સલો પર, ૧૨ રૂપિયાભારથી ઓછું વજન હોય તો ૮ આના ને ઉપર હોય તો ૧ રૂપિયો, ઇંગ્લંડમાં ભરેલા પોસ્ટેજ ચાર્જ ઉપરાંત લેવામાં આવતો. જ્યારે બગદાદ, સ્મર્ના કે માલ્ટા વગેરે થઈ જમીનરસ્તે જે કાગળો પહોંચાડવામાં આવતા તેનો દર તો એટલો ભારે હતો કે ગરમ ખીસાંને જ પોસાઇ શકે. એના દર જુઓ:

પા	તોલો	કે તેથી	ઓછું	૧૦ રૂપિયા
અરધો	,,	,,	,,	૧૫ ,,
એક	,,	,,	,,	૨૦ ,,

અને ત્યારનો ટપાલનો આંતરવ્યવહાર તો એટલો ધીમો, ખર્ચાળ ને આશંકાભર્યો હતો કે આજે આપણે માની પણ ન શકીએ. કલકત્તાની પોસ્ટ ઑફિસે ૧૮૨૮ના મે માસમાં જાહેરાત કરેલી કે એક કારકૂનની ગફલતથી ૧૮૧૨, ૧૮૨૧, ૧૮૨૨, ૧૮૨૩ ને ૧૮૨૪ના કાગળોનાં બંડલ જે ગેરવલ્લે ગએલાં તે પાછાં મળ્યાં છે. એ કયો કલાર્ક હતો ને કોને લખાએલા એ કાગળો હતા એ આપણે નથી જાણતા, પણ આજે અઢી આનામાં ઇંગ્લંડ ને સાડા ત્રણ આનામાં ન્યૂ યૉર્ક ખાતરીબંધ ટપાલ પહોંચાડતી વ્યવસ્થાના મુકાબલામાં અગાઉની એ ગેરવ્યવસ્થા સરખાવી જોવા જેવી છે.

પાસિફિક આરપારનો હવાઇ માર્ગ

બહુ જ શાંતિથી છતાં મક્કમતાપૂર્વક અમેરિકા પોતાનું સ્થાન પાસિફિક આરપાર નિયત કરતું જાય છે. ફિલિપ્પા-

ઇન્સ, ફિજી ને હવાઇ ટાપુઓમાં છેલ્લાં ચાર વર્ષમાં તેણે સ્થાપેલાં હવાઇ મથકો એના નમૂના છે. હોનોલુલુથી યોકોહામાનું ૩,૩૯૦ માઇલનું અંતર એકી કૂદકે ઓળંગવું સહીસલામત ન ગણાય એટલે એ માટે પહેલું મથક તો હોનોલુલુથી ૧,૩૮૦ માઇલ પર આવેલા મિડવે ટાપુ પર ઊભું કરેલું છે. આ મથક પછી બીજું મથક જાપાનીઓની અવારનવારની સહેલગાહનો ટાપુ વેક આઇલૅન્ડ આવે છે. નકશા પર તો બંને મથકો વચ્ચે ભરપૂર મહાસાગર વિસ્તરેલો દેખાય, પણ મિડવે ટાપુથી એ માત્ર ૧,૨૪૨ માઈલ પર આવેલો છે. એનો નજીકમાં નજીકનો પડોશી ૭૦૦ માઇલ પર આવેલા માર્શલ ટાપુઓનો સમૂહ. અત્યારે તો ઉજ્જડ જેવો પડેલો આ વેક ટાપુ હવાઇ મથક તરીકે પ્રતિષ્ઠા થતાં નજીકના ભવિષ્યમાં જ કદાચ સમૃદ્ધ નગર બની જાય.

તમારૂં લોહી

તમારૂં લોહી પરાળના રંગનું પાતળું પ્રવાહી છે. એના દેખીતા લાલ રંગનું કારણ એમાં લાલ રંગના લાખો લેખે રહેલા બારીક કોષોને આભારી છે. આ કોષોની રચનામાં રહેલું પ્રધાન તત્ત્વ લોહનું છે, જે હીમોગ્લોબિન કહેવાય છે. તમારી તન્દુરસ્ત અવસ્થામાં તમારા લોહીના પ્રત્યેક ઘન મિલિમિટર (એટલે કે ટાંચણીના માથા જેટલી જગ્યા) માં આવા અર્ધો કરોડ ઉપરાંત લાલ કણો હોય છે, જે આખા શરીરમાં ફરી વળી ફેફસાંમાંથી શોષેલો પ્રાણવાયુ જુદા જુદા અંગોને પહોંચાડે છે. આ લાલ કોષો ઉપરાંત તેનાથી ઘણી ઓછી સંખ્યામાં—પાંચસો લાલ કણે લગભગ એકની સંખ્યામાં—સફેદ કોષો પણ લોહીમાં રહેલા હોય છે, જેમનું કામ શરીરને નિરામય રાખવાનું ને રક્ષાત્મક હોય છે. આમ જ્યારે કોઈ પણ રોગના જંતુ શરીર પર હલ્લો કરે છે ત્યારે આ સફેદ કણો સંખ્યામાં અનેકગણા વધી જઈ રોગસ્થાન પર પહોંચી જાય છે ને હલ્લાખોર જંતુઓને ગળી જાય છે.

સૂક્ષ્મદર્શક યંત્ર વડે તમારા લોહીમાં રહેલા કોષો તપાસીને ડૉકટર તમારી તન્દુરસ્તીનું માપ આપી શકે. અવારનવાર એવી તપાસ કરાવતા રહેવું એ ઇચ્છનીય છે.

દુનિયાનું સૌથી વિરલ પ્રાણી

માણસને જ્ઞાત એવી જીવસૃષ્ટિમાં સૌથી વિરલ ગણી શકાય એવું પ્રાણી તે નોટોરિન નામનું પક્ષી છે. આજ સુધીમાં દુનિયાભરમાંથી એની માત્ર ચારની જ સંખ્યા હાથ લાગી છે, એથી માનવામાં આવે છે કે એ આખી જાત લગભગ નાશ પામી હશે. મૂળ એ ન્યૂ ઝીલૅન્ડનું પક્ષી છે ને કિવિ જેમ એ પણ ઊડી શકતું નથી. એનું માથું, ગરદન ને પેટનો ભાગ જાંબુઆ રંગના છે ને પીઠે મોર જેવાં લીલા રંગના પીછાં છે. એની બિલકુલ નાની પાંખો એને ઊડવા અસમર્થ બનાવે છે, પણ શાહમૃગ માફક તે દોડનારૂં જબરૂં છે.

એમ? કેમ

વિષુવવૃત્ત કરતાં ઊંચા પર્વતો સૂરજની વધુ નજીક હોવા છતાં તેમના પર ગરમી કેમ ઓછી લાગે છે?

વિષુવવૃત્ત સૂરજની નજીક છે એથી ગરમી લાગે છે એવું નથી. એનું ખરૂં કારણ તો ત્યાં સૂરજનાં કિરણો બિલકુલ સીધાં પડે છે એ છે. વળી ખૂબ ઊંચાઇનાં પર્વતો પરની સ્વચ્છ ને સૂકી હવા તો જલદી ગરમ થઈ જઇ જલદી પ્રસરણ પામે છે ને એને લઇને દિવસ અને રાત તથા તડકા અને છાયા વચ્ચેના ઉષ્ણતામાનમાં ખૂબ અંતર રહે છે. હિમાલયના આરોહણ માટેની એક છાવણીએ ત્રણ માઇલ ઉંચાઇ પર સૂરજના પ્રકાશવાળા ભાગમાં ૨૦૪ અંશ ફારનહાઇટ ગરમી નોંધી હતી, જ્યારે છાયાવાળા ભાગની માત્ર ૫૬ અંશ.

આપણો જન્મ કેમ થાય છે?

ગયા વર્ષના છેલ્લા અંકોમાં આવેલા 'કોષ'ના લેખથી તમે જાણતા થયા હશો કે દરેકેદરેક પ્રાણી કે વનસ્પતિ—સમગ્ર ચેતનસૃષ્ટિના બંધારણના એકમ તરીકે એવા કોષો જ રહેલા છે. એવા દરેક કોષમાં તેને સંચાલક મધ્યસ્થ પદાર્થ હોય છે જે 'ન્યુક્લીઅસ' તરીકે ઓળખાય છે. આ ન્યુક્લીઅસ અથવા ચિદણુમાં પાછા અમુક મર્યાદિત સંખ્યામાં રંગાધીન કણો રહેલા છે જેમને રંગકણો (chromosomes) કહેવાય છે.

સૂક્ષ્મદર્શક યંત્રથી જ દેખાય એવા આ બારીક કણો વારસાગત ગુણો ધરાવે છે. આપણે જે વડે હસ્તી આરંભીએ છીએ એવી એ આપણી જીવનમૂડી (Biological Capital) છે. આપણને અસ્તિત્વમાં આણતા ને આપણી પ્રકૃતિના નિર્ણાયક આ રંગકણોના જ બે પ્રકારો છે. એક પ્રકાર પુરુષ શરીરમાં રહેલો હોય છે ને એક પ્રકાર સ્ત્રીશરીરમાં. એ બંને પ્રકારોના સંયોગીકરણથી નવા જીવનું અસ્તિત્વ ઘડાય છે, ને સ્ત્રીશરીરમાં રહેલાં પોષક દ્રવ્યોથી પોષાઇ તે સ્વતંત્ર વ્યક્તિ તરીકે દુનિયામાં અવતરે છે.

વિકસતું વિજ્ઞાન

કૅલિફૉર્નિયાના ડૉ. ઑટો. એચ. મોરે સૂર્યપ્રકાશ ને પાણીની સહાયથી આગ ઉત્પન્ન કરી બતાવી છે. પાણીમાં વીજળી પસાર કરી, એ તેનું હાઇડ્રોજન ને ઓક્સીજનમાં વિશ્લેષણ કરી નાખે છે ને પછી હાઇડ્રોજન સળગાવે છે. અને એ વીજળી પણ એ થર્મો-કપલ તત્ત્વો પર સૂર્યપ્રકાશનું કેન્દ્રીકરણ કરીને ઉપજાવે છે. વિશ્લિષ્ટ થએલા એક ગૅલન પાણીમાંથી ૨૭૫ ઘન ફૂટ હાઇડ્રોજન મેળવી શકાય છે. અમેરિકામાં રાંધવાના, પાણી ગરમ કરવાના કે રેફ્રીજરેશનના કામમાં વપરાતા ગૅસને બદલે હવેથી ડૉ. મોરના આ પ્લાન્ટનો જ ઉપયોગ શરૂ થશે.

મલ્હારરાવ ગાયકવાડ પછી, વડો દરાની ગાદી માટે દત્તક લેવા સારૂ એ કુળના ત્રણ છોકરા મહારાણી જમનાબાઇ પાસે રજૂ કરવામાં આવ્યા. રાણીસાહેબે તેમની પરીક્ષા કરવા ત્રણેને એક જ સવાલ પૂછ્યો કે 'તમે વડોદરા કેમ આવ્યા?' સૌથી મોટાએ કશો જવાબ ન આપ્યો; સૌથી નાનાએ કહ્યું, 'મારા વડિલો મને અહીં લાવ્યા તેથી.' પણ દસ વર્ષના વચેટે જવાબ આપ્યો, 'હું વડોદરાનો મહારાજા બનવા આવ્યો છું.' રાણીસાહેબે તરત એને પસંદ કરી લીધો. એ છોકરો તે હમણાં જ અવસાન પામેલા વડોદરાના સયાજીરાવ ગાયકવાડ.

અનેકાર્થી શબ્દ: **કલાપ** = જથ્થો; મોરનાં પીછાંનો સમૂહ; તીરનો ભાથો; ઘરેણું કે આભૂષણ; મ્યાન; ચન્દ્ર.

ગણિત-ગમ્મત


'૧૬૩૯૩૪૪૨૬૨૨૯૫૦૮૧૯૬૭૨-૧૩૧૧૪૭૫૪૦૯૮૩૬૦૬૫૫૭૩૭૭૦૪-૯૧૮૦૩૨૭૮૭' આ રકમને ૭૧ વડે ગુણવા હોય તો શરૂઆતમાં એક વધુ એકડો ને છેડે એક વધુ સાતડો મૂકો: એ ગુણાકાર!

વિરોધી કહેવતો

'ઝાઝા હાથ રળીઆમણા' કે 'બહુ તાંતણુ બળીઉં' વગેરેને વિરોધી કહેવતો, 'ઝાઝી સૂયાણીએ વેતર વઠે', 'ઝાઝે હાળીએ હળ ન હાલે ને ઝાઝી બૈરીએ ઘર ન હાલે,' વગેરે.

પીડા વેઠનારા તો બીજા!

વાતવાતમાં પોતાની પીડા વર્ણવનારાઓને દાખલારૂપ બને એવા હેવી સ્મિથે ૧૪૮ ઓપરેશન કરાવ્યાં છે! પોતાની ૪૭ વર્ષની જિન્દગીમાં ૩૭ વર્ષ સુધી તો બિછાને બીમાર થઇ કાયમ પીડા વેઠી છે અને ૨૦૦ કલાક ઓપરેશન ટેબલ ઉપર વીતાવ્યા છે! છતાં તે પ્રસન્ન છે. તે સફળ દલાલ અને એજન્ટ છે; સખત કામ કરે છે ને મિતાહારી છે; ઘોડેસવારી અને નૃત્ય તેના શોખ છે.



આવતી સાલ ફિનલૅન્ડમાં ભરાનાર અખિલ જગત ઑલિમ્પિક ક્રીડાંગણ માટેનું સંજ્ઞાચિત્ર.

ઇંગ્લંડમાં સૌથી વધારે પગાર મેળવનાર માણસ ત્યાંની ઈમ્પીરિયલ કેમિકલ ઇન્ડસ્ટ્રીઝનો વડો લૉર્ડ મૅકગોવૅન છે. વાર્ષિક તે ૫૫થી ૬૦ હજાર પૌંડ, એટલે અમેરિકાના પ્રમુખના ચાર વર્ષ જેટલો પગાર મેળવે છે!

'આ ઓરડીનું ભાડું શું?'
'મહિને પાંચ રૂપિયા.'
'પણ હું કૉલેજનો વિદ્યાર્થી છું'
'તો અગાઉથી પાંચ રૂપિયા.'

કપડાં ધોવાનો સાબુ બનાવવામાં શેરે સાડા સાત તોલા ટંકણખાર નાખવાથી સાબુ ઓછો વપરાશે ને કપડાં જલદી સાફ થશે.



સ્તનપાયી પ્રાણીઓ (Mammals)માં શ્રુ નામનો આ ઊંદર કદમાં નાનામાં નાનો છે—માત્ર બે જ ઇંચ લંબાઇનો.

આપણે પોતે

આપણા વાળ વર્ષે છ ઇંચ વધે છે ને દરેક વાળનો ઘેરાવો એક ઈંચના ૪૫૦મા ભાગ જેટલો હોય છે.

આપણે પીધેલા પાણીને શ્વાસ, પેશાબ ને પરસેવા વાટે સંપૂર્ણપણે શરીરમાંથી નીકળી જતાં ૧૧ દિવસ લાગે છે.

આપણામાં રંગની પરખ પુરુષ કરતાં સ્ત્રીની દશ ટકા વધુ તેજ હોય છે.

આપણો દેશ

સૌથી શ્રીમંત દેશ અમેરિકાના પ્રેસિડન્ટને વાર્ષિક પગાર ૭૫ હજાર ડૉલર મળે છે, ત્યારે સેંકડે ચોસઠ ટકા દરિદ્રોના આપણા દેશના વાઇસરૉયને વાર્ષિક ૮૩ હજાર ડૉલર!

ઇ. ૧૮૮૦માં હિંદનું મરણપ્રમાણ હતું તેથી આજ સવાગણું છે.

ઈ. ૧૮૯૦માં માણસ દીઠ સરેરાશ ૦॥। રતલ અનાજ મળતું, તેને ઠેકાણે આજ માત્ર ૧૮ રૂપિયાભાર મળે છે.

આપણી પૃથ્વી

આપણી પૃથ્વી દક્ષિણ ધ્રુવ કરતાં ઉત્તર ધ્રુવ નજીક વધુ ચપટી છે.

આપણી પૃથ્વીના સમુદ્રોની સપાટી એકસરખી નથી. દક્ષિણ અમેરિકાના પશ્ચિમ કિનારે આવેલા પાસિફિક મહાસાગરની સપાટી પૂર્વ કિનારે આવેલા આટલાંટિક મહાસાગરથી ૨૦૦૦ ફૂટ ઊંચી છે. એ જ પ્રમાણે હિંદી મહાસાગર કરતાં બંગાળાના ઉપસાગરની સપાટી ૩૦૦ ફૂટ ઊંચી છે.

તળાવમાંથી કાઢેલા મુલાયમ કાંપની બનેલી કાંકરી વિનાની કાળી મટોડી વડે મોં સાબુની માફક ધોવાથી ખીલ નાબુદ થાય છે. (ન. ચુ. શેઠ)

સુએઝની નહેર પનામાની નહેર કરતાં બમણી છે.

અફીણનું ઝેર ઉતારવા ત્રણ ચાર માસા હીંગ પાણીમાં ઓગાળી પાઇ દેવી.